CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૭ | અંક : ૨૨૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### BJP ધારાસભ્ય દળે મહિલા નેતાના નામને આપી મંજૂરી

## દિલ્હીમાં નવા મુખ્યમંત્રીના નામની જાહેરાત, રેખા ગુપ્તાને બનાવ્યા સીએમ

### આજે બપોરે ૧૨.૩૦ વાગ્યે રામલીલા મેદાનમાં સમારોહમાં શપથ લેશે : કેબિનેટને પણ શપથ ગ્રહણ કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દિલ્હીને નવા મુખ્યમંત્રી મળ્યા છે. રેખા ગુપ્તાના નામને ભાજપ ધારાસભ્ય દળની બેઠકમાં મંજૂરી આપવામાં આવી છે. રેખા ગુપ્તા ગુરૂવારે બપોરે ૧૨.૩૦ વાગ્યે રામલીલા મેદાનમાં ભવ્ય સમારોહમાં શપથ લેશે. તેમની સાથે કેબિનેટને પણ શપથ ગ્રહણ કરવામાં આવશે. ભાજપ હાઈકમાન્ડે વરિષ્ઠ નેતાઓ ઓપી ધનખર અને રવિશંકર પ્રસાદને ધારાસભ્ય દળની બેઠક માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા હતા.

ભાજપે ૨૭ વર્ષ બાદ દિલ્હીમાં મોટી જીત હાંસલ કરી છે. ૮ ફેબ્રુઆરીએ જાહેર થયેલા પરિણામોમાં ભાજપને ૭૦માંથી ૪૮ બેઠકો મળી હતી. પરિણામના ૧૧ દિવસ બાદ સીએમના નામની જાહેરાત



કરવામાં આવી છે. વિપક્ષ આમ આદમી પાર્ટી (છછઁ) વિલંબને લઈને સતત સવાલો ઉઠાવી રહી હતી.

ચૂંટણીના પરિણામો બાદથી ભાજપ માં સીએમ માટે ઘણા નામો પર ચર્ચા થઈ રહી હતી. પ્રવેશ વર્મા વિશે સૌથી વધુ ચર્ચા થઈ રહી હતી. વર્માએ નવી દિલ્હી બેઠક પરથી આમ આદમી પાર્ટી (છછઁ)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને હરાવ્યા છે. તેઓ પૂર્વ સીએમ સાહિબ સિંહ વર્માના પુત્ર છે.

**કોણ છે રેખા ગુપ્તા ?**

- શાલીમાર બાગ બેઠક પરથી જીતેલી રેખા ગુપ્તાએ છછઁની વંદના કુમારીને લગભગ ૩૦ હજાર મતોના જંગી અંતરથી હરાવ્યા હતા.
- ભાજપનો મહિલા ચહેરો હોવા ઉપરાંત તેમનું હરિયાણાના જીંદ સાથે પણ કનેક્શન છે.
- તે વિદ્યાર્થીકાળથી જ રાજકારણમાં સક્રિય છે. તે ઘણા વર્ષોથી સંઘ સાથે પણ જોડાયેલા છે.
- ઉત્તર દિલ્હીના પૂર્વ મેયર રેખા ગુપ્તા ભાજપના મહિલા મોરચાના બુલંદ અવાજ છે.
- હાલમાં તે દિલ્હી ભાજપ મહિલા મોરચાની મહાસચિવ છે અને ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં તેની હાજરી તેને પ્રબળ દાવેદાર માને છે.
- ખાસ વાત એ છે કે ભાજપના એકમાત્ર મહિલા મુખ્યમંત્રી બનશે

બીજી તરફ દિલ્હી પોલીસે પણ શપથ ગ્રહણને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. આ પહેલા ૧૧ ફેબ્રુઆરીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા ૧૦ નવા ચૂંટાયેલા ધારાસભ્યોને મળ્યા હતા. આ ધારાસભ્યોમાં વિજેન્દ્ર ગુપ્તા, રેખા ગુપ્તા, અરવિંદર સિંહ લવલી, અજય મહાવર, સતીશ ઉપાધ્યાય, શિખા રાય, અનિલ શર્મા અને ડો. અનિલ ગોયલ, કપિલ મિશ્રા અને કુલવંત રાણાનો સમાવેશ થાય છે. શપથ ગ્રહણ સમારોહ દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાશે.

### પહેલો પડાવ છે બિહાર

## દિલ્હી જીત્યા બાદ પીએમ મોદીની નજર 3 રાજ્યો પર

### મોદી બિહાર, આસામ અને તમિલનાડુ જેવા રાજ્યો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે : બિહારમાં આ વર્ષે ચૂંટણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

લગભગ ત્રણ દાયકા પછી દિલ્હી વિધાનસભાની ચૂંટણી જીતનાર ભાજપે ઉજવણી કરી છે અને હવે ફરીથી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. ખાસ કરીને પાર્ટીના ટોચના નેતા, પીએમ નરેન્દ્ર મોદી આરામ કરવાના મૂડમાં નથી. હવે તેઓ બિહાર, આસામ અને તમિલનાડુ જેવા રાજ્યો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. બિહારમાં આ વર્ષે ઓક્ટોબર સુધીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આ ઉપરાંત, આવતા વર્ષે આસામ અને તમિલનાડુમાં ચૂંટણીઓ યોજાશે. ભાજપ પહેલાથી જ આ રાજ્યો માટે તૈયારી કરી રહ્યું છે અને ૨૪ ફેબ્રુઆરીએ પીએમ નરેન્દ્ર મોદી બિહારના ભાગલપુરથી ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. ભાગલપુરમાં રેલીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ ઉપરાંત, તેઓ ૨૪ ફેબ્રુઆરીએ આસામ પણ જશે. આસામ અને તમિલનાડુમાં ચૂંટણી



લગભગ એક વર્ષ દૂર છે, પરંતુ પીએમ મોદી કોઈ કસર છોડવા માંગતા નથી. આ કારણે, તેઓ આસામ જશે અને પછી ૨૮મીએ તેઓ તમિલનાડુના રામેશ્વરમ પણ પહોંચશે. તેઓ અહીં પંબન પુલનું ઉદ્‌ઘાટન કરશે, જે રામેશ્વરમ ટાપુ શહેરને તમિલનાડુના અન્ય ભાગો સાથે જોડશે. બિહાર અને આસામના ભાજપ નેતાઓએ પીએમ મોદીની મુલાકાતની માંગ કરી હતી. પીએમ મોદીએ પોતે દિલ્હીમાં ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કર્યું.

## ન્યૂઝ બ્રિફ

### સંગમમાં ડૂબકી લગાવવાથી મોક્ષ ના મળે : શ્રી શ્રી રવિશંકર



। નવી દિલ્હી, તા.૧૯ ।

પ્રયાગરાજ મહાકુંભમાં દેશ-વિદેશના ૫૦ કરોડથી વધુ લોકોએ શ્રદ્ધાપૂર્વક ડુબકી લગાવી છે. એવામાં હરિયાણાના જીંદના સેક્ટર ૭માં આર્ટ ઓફ લિવિંગ દ્વારા આયોજિત ફસલ બચાવો જાતિ બચાવો કાર્યક્રમમાં આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે હાજરી આપી હતી. આ દરમિયાન આધ્યાત્મિક ગુરુએ એક મોટી વાત કહી છે. શ્રી શ્રી રવિશંકરે કહ્યું કે, માત્ર ડૂબકી લગાવવાથી મોક્ષ નથી મળતો. મોક્ષ જ્ઞાન દ્વારા પ્રાપ્ત થાય છે. કુંભમાં આવતા ઋષિ-મુનિઓ પાસેથી જ્ઞાન લો અને તમારું જીવન સુધારો. કુંભમાં સરકાર અને પ્રશાસન દ્વારા સારી વ્યવસ્થા કરવામાં આવી છે.

### પાયાવિહોણા આરોપ લગાવનારા ભાજપના ધારાસભ્યોને મમતાનો પડકાર



। કોલકાતા, તા.૧૯ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બાંગ્લાદેશના આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓ સંદર્ભે ભાજપના ધારાસભ્યો દ્વારા મૂકવામાં આવેલા આરોપો ફગાવ્યા છે. તેમણે કહ્યું કે, જો ભાજપના ધારાસભ્યો આ આરોપોને સાબિત કરી દે, તો તે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દેશે. મમતા બેનર્જીએ તેમની વિરુદ્ધ ભાજપના ધારાસભ્યો દ્વારા મૂકવામાં આવેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમજ તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ પ્રકારના ખોટા દાવાઓની ફરિયાદ કરતો પત્ર લખશે.

### વ્હાઈટ હાઉસે શેર કર્યો વીડિયો

## હાથકડીઓ પહેરાવી, સાંકળોમાં જકડીને મોકલવામાં આવે છે ગેરકાયદે પ્રવાસીઓ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદથી જ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદે પ્રવાસીઓને લઈને આકરા પાણીએ છે. ભારત સહિત અનેક દેશોના ગેરકાયદે પ્રવાસીઓને તેમના વતન મોકલી ચૂક્યા છે.

ટ્રમ્પ અમેરિકામાં ગેરકાયદે રહેતા પ્રવાસી ભારતીયોના ત્રણ પ્લેન ભારત મોકલી ચૂક્યા છે. હાથકડીઓમાં બાંધેલા આ ભારતીયોની તસવીરો અને વીડિયોએ ભારે હંગામો મચાવ્યો. આ બધા વચ્ચે હવે વ્હાઈટ હાઉસે હાથકડીમાં જકડેલા ગેરકાયદે પ્રવાસીઓનો એક નવો વીડિયો પોસ્ટ કર્યો છે.

વ્હાઈટ હાઉસના અધિકૃત પેજ પર પોસ્ટ કરાયેલા આ ૪૧ સેકન્ડના વીડિયોમાં જોઈ શકાય છે કે ડિપોર્ટ કરવામાં આવનારા પ્રવાસીઓને તૈયાર કરાઈ રહ્યા છે. ડિપોર્ટ થનારા પ્રવાસીઓને તૈયાર કરતા પોલીસ અધિકારીઓ જોઈ શકાય છે. વીડિયોમાં જોવા મળે છે કે આ અધિકારી પ્રવાસી



વ્યક્તિને હાથકડી લગાવી રહ્યા છે. એરપોર્ટ પર હાથકડીઓ અને સાંકળ જોવા મળે છે.

આ વીડિયોમાં જો કે ડિપોર્ટ થનારા વ્યક્તિનો ચહેરો જોવા મળતો નથી. પરંતુ તેમના હાથ અને પગમાં બેડીઓ લગાવતા જોઈ શકાય છે. એક અન્ય ક્લિપમાં એક વ્યક્તિ પ્લેનમાં ચડતો જોવા મળે છે અને તેના પગમાં બેડીઓ છે. અત્રે જણાવવાનું કે ગેરકાયદે પ્રવાસીઓને લઈને અમેરિકાથી પહેલું સૈન્ય વિમાન પાંચ ફેબ્રુઆરીના રોજ ભારત પહોંચ્યું હતું. અમેરિકી સી-૧૪૭ પ્લેનથી પહેલો જથ્થો ભારત આવ્યો હતો. આ પ્લેનમાં ૧૦૪ ભારતીયો હતા. આ પ્લેન અમૃતસર લેન્ડ થયું હતું. પ્લેનમાં કુલ ૧૦૪ ભારતીયો હતા જેમાં ૭૯ પુરુષો અને ૨૫ મહિલાઓ હતી. અમેરિકાથી ડિપોર્ટ કરીને લાવવામાં આવેલા ભારતીયોને મેક્સિકો-અમેરિકાની બોર્ડર પર પકડવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે તેમણે ડંકી રૂટ દ્વારા અમેરિકામાં ઘૂસવાની કોશિશ કરી હતી. આ પ્લેનમાં પંજાબના ૩૦, હરિયાણાના ૩૩, ગુજરાતના ૩૩, મહારાષ્ટ્રથી ૩, યુપીથી ૩, ચંડીગઢથી ૨ લોકો હતા.

ત્યારબાદ બીજુ પ્લેન ૧૨૦ ગેરકાયદે ભારતીય પ્રવાસીઓને લઈને ૧૫ ફેબ્રુઆરીએ મોડી રાતે અમૃતસર એરપોર્ટ પર ઉતર્યું. જેમાં ૬૦થી વધુ પંજાબથી અને ૩૦થી વધુ હરિયાણાના હતા. અન્યમાં ગુજરાત, યુપી, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીરના લોકો હતા. ત્યારબાદ ત્રીજુ પ્લેન ૧૬ ફેબ્રુઆરીએ અમૃતસર ઉતર્યું હતું. જેમાં ૧૧૨ લોકો હતા. જેમને અમેરિકાથી કાઢી મૂકાયા હતા.

### બીએસઈ પર સેન્સેક્સ ૨૮ પોઈન્ટ ઘટીને ૭૫,૯૩૯.૧૮ પર બંધ થયો

। મુંબઈ, તા.૧૯ ।

ટ્રેડિંગ સપ્તાહના ત્રીજા દિવસે શેરબજાર રેડ ઝોનમાં બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૨૮ પોઈન્ટ ઘટીને ૭૫,૯૩૯.૧૮ પર બંધ થયો. NSE પર નિફ્ટી ૦.૧૦ ટકા ઘટીને ૨૨,૯૨૧.૭૦ પર બંધ થયો. આજના ટ્રેડિંગ દરમિયાન, ભારત ઈલેક્ટ્રોનિક્સ, હિન્ડાલ્કો, એલ એન્ડ ટી, એક્સિસ બેંક, આઈશર મોટર્સના શેર નિફ્ટીના ટોચના લાભકર્તાઓની યાદીમાં સામેલ હતા. જ્યારે ડૉ. રેડ્ડીઝ લેબ્સ, TCS, HUL, ઈન્ફોસિસ, અદાણી એન્ટરપ્રાઈઝના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૧ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૨ ટકા વધ્યો હતો.

### અમૃતપાલ સિંહે કોર્ટ સમક્ષ કરી આવી માગ

## અમૃતપાલ સિંહે કહ્યું કે, સંસદમાં ગેરહાજરીના કારણે સભ્યપદ જતું રહેશે

**અમૃતપાલે કેન્દ્ર, પંજાબ સરકાર અને અન્ય સંબંધિત પાર્ટીને સંસદની કાર્યવાહીમાં સામેલ થવા માટેની મંજૂરીની માંગ કરી**

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૯ ।

લોકસભા બેઠક ખડૂર સાહેબ પરથી સાંસદ અમૃતપાલ સિંહને પોતાનું સાંસદ પદ ગુમાવવાનો ડર લાગી રહ્યો છે. તેણે આ માટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં એક અરજી દાખલ કરી છે, જેમાં સંસદના ૬૦ દિવસવાળા નિયમને ટાંકવામાં આવ્યો છે. અરજીમાં અમૃતપાલ સિંહે કહ્યું કે, સંસદમાં ગેરહાજરીના કારણે સભ્યપદ જતું રહેશે. નોંધનીય છે કે, અલગ ખાલિસ્તાન આંદોલનને ભડકાવવાના આરોપમાં જેલમાં બંધ અમૃતપાલે કેન્દ્ર સરકાર, પંજાબ સરકાર અને અન્ય સંબંધિત પાર્ટીને સંસદની કાર્યવાહીમાં સામેલ થવા માટેની મંજૂરીની માંગ કરી છે. અમૃતપાલ સિંહે કહ્યું કે, લોકસભા સચિવાલય તરફથી તેને એક



સમન્સ મોકલવાકમાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું કે, ૬૦ દિવસ સુધી સતત ગેરહાજરીના કારણે તમારૂ સંસદ સભ્ય પદ રદ થઈ શકે છે.

અરજીમાં અમૃતપાલે આરોપ લગાવ્યો છે કે, મને જાણી જોઈને સંસદમાં ભાગ લેવા માટે રોકવામાં આવી શકે છે, જેથી મારી બેઠકનું પ્રતિનિધિત્વ ન હોય અને ખાલી જાહેર કરવામાં આવી શકે. ૬૦ દિવસથી વધારે મારી ગેરહાજરીના કારણે મારી બેઠક ખાલી જાહેર થઈ શકે છે અને મારૂ સભ્ય પદ જઈ શકે છે.

## ‘ભારત પાસે ઘણા પૈસા, અમે દર વર્ષે ૨૧ મિલિયન ડોલર કેમ આપીએ?’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ડોનાલ્ડ ટ્રમ્પે ભારતમાં મતદારોને પ્રભાવિત કરવા માટે ૨૧ મિલિયન ડોલરના અમેરિકન ભંડોળને રોકવાના DOGE વિભાગના નિર્ણયનો બચાવ કર્યો. તેમણે ભારત જેવા દેશને આવી મદદ પૂરી પાડવાની જરૂરિયાત પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે અમે ભારતને બે કરોડ ડોલર કેમ આપી રહ્યા છીએ? તેની પાસે ઘણા પૈસા છે. તે વિશ્વના સૌથી વધુ ટેક્સ વસૂલતા દેશોમાં સામેલ છે. તેમના ટેરિફ પણ ખૂબ ઊંચા છે. મને ભારત પ્રત્યે ખૂબ માન છે પણ મતદાન માટે ૨૦ મિલિયન ડોલર શા માટે ચૂકવવા? ઉલ્લેખનીય છે કે ૧૬ ફેબ્રુઆરીએ ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના DOGE એ વિવિધ દેશોના ભંડોળને રોકવાની જાહેરાત કરી હતી, જેમાં ભારતમાં મતદાનને પ્રોત્સાહન આપવા માટે ૨૧ મિલિયન ડોલરની રકમનો પણ સમાવેશ થતો હતો. ર્ડ્ઢંઈ એ કહ્યું હતું કે અમેરિકાએ ભારતમાં મતદાન વધારવા માટે રચાયેલ ૨૧ મિલિયન ડૉલર પર કાતર ફેરવી નાખવાનો નિર્ણય કર્યો છે.

## અમેરિકાએ H-1B વિઝાના નિયમોમાં કર્યા ફેરફાર

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૯ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી સત્તામાં આવ્યા બાદ અનેક નિયમો બદલવાનું શરૂ કરી દીધું છે. જેમાં અમેરિકાએ H1B વિઝાના નિયમોમાં મોટા ફેરબદલ કર્યા છે. ટ્રમ્પ દ્વારા લાગુ કરાયેલા નવા નિયમ હેઠળ H-1B વિઝા માટે માત્ર ટેકનિકલ ડિગ્રી પૂરતી રહેશે નહીં, પરંતુ કુશળતાને ધ્યાને લેવામાં આવશે. એટલે કે, ઉમેદવાર અરજીમાં તેની બધી લાયકાતોનો ઉલ્લેખ કરી શકે છે, પરંતુ તેમાંથી એક લાયકાત સીધી રીતે તેના કાર્ય સાથે સંબંધિત હોવી જોઈએ. અમેરિકા દર વર્ષે ટેક્નિકલ કર્મચારીઓ માટે આશરે ૬૫ હજાર H-1B વિઝા જાહેર કરે છે. આ હેઠળ ભારત સહિતના અન્ય દેશના લોકો કામ માટે અમેરિકા જાય છે. અત્યારસુધીમાં H-1B વિઝા માટે ગ્રેજ્યુએશનની ડિગ્રી માન્ય ન હતી. પરંતુ હવે તેમાં થોડા ફેરફાર કરવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, પહેલા જો તમારી પાસે કોમ્પ્યુટર સાયન્સની ડિગ્રી હોય, તો તમને તેનાથી સંબંધિત કોઈપણ નોકરી માટે H-1B વિઝા માટે લાયક ગણવામાં આવતા હતા.

### ૭ મહિનાની બાળકી પર દુષ્કર્મ આચરનારા હેવાનને ફાંસીની સજા

। (એજન્સી) કોલકાતા, તા.૧૯ ।

કોલકાતાની એક વિશેષ પોક્સો કોર્ટે મંગળવારે સાત મહિનાની બાળકી સાથે બળાત્કાર અને હત્યાના પ્રયાસના દોષિતને ફાંસીની સજા આપી છે. બેંકશાલમાં પોક્સો કોર્ટે સોમવારે શહેરના બુરટોલા વિસ્તારમાંથી બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના પ્રયાસના કેસમાં આરોપીની ધરપકડના ૭૫ દિવસની અંદર દોષિત ઠેરવ્યો હતો. ત્યારબાદ મંગળવારે તેને સજા ફટકારવામાં આવી હતી. બચાવ પક્ષના વકીલ અને સરકારી વકીલની અંતિમ સુનાવણી પછી કોર્ટે તેને રેરેસ્ટ ઓફ રેર કેસ ગણાવ્યો છે.

### અજાણ્યા બંદૂકધારીઓઅ પહેલા નામ પૂછ્યું અને પછી ગોળી મારી

## પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં સાત પંજાબીઓની હત્યા કરવામાં આવી

।(એજન્સી) બલુચિસ્તાન, તા.૧૯।

પાકિસ્તાનમાં વંશીય ધોરણે ગહેરા વિભાજન જોવા મળી રહ્યાં છે. સેનાથી લઈને સરકાર સુધી પંજાબીઓના વર્ચસ્વ સામે હિંસક આંદોલનો થયા છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, બલુચિસ્તાનમાં આવી હિંસક ઘટનાઓમાં વધારો થયો છે, જેમાં પંજાબી મૂળના લોકોની હત્યા કરવામાં આવી હતી. હવે ફરી આવી જ ઘટના બની છે, જેમાં ૭ પંજાબીઓને બસમાંથી ઉતારીને મારી નાખવામાં આવ્યા હતા. બલૂચ બળવાખોરોએ આ લોકોના ઓળખપત્રો તપાસ્યા અને પછી તેમને મારી નાખ્યા. આ લોકો પર આ હુમલો મંગળવારે મોડી રાત્રે પંજાબ અને બલુચિસ્તાનને જોડતા સરહદી જિલ્લા બરખાનમાં થયો હતો. અજાણ્યા બંદૂકધારીઓએ પંજાબ જઈ રહેલા ૭ લોકોની હત્યા કરી. આ લોકોને અગાઉથી જ બસમાંથી ઉતારી દેવામાં આવ્યા હતા. પછી તેઓએ તેમનું ઓળખપત્ર તપાસ્યું અને જ્યારે તેની પંજાબી ઓળખ જાહેર થઈ, ત્યારે તેમની હત્યા કરવામાં આવી. બલુચિસ્તાન પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે લગભગ ૪૦ બંદૂકધારીઓએ ઘણી બસો રોકી હતી. તેમાં સવાર લોકોને બહાર કાઢીને તપાસવામાં આવી. આ દરમિયાન, પંજાબી મૂળના ૭ લોકો મળી આવ્યા હતા, જેમની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બરખાન-ડેરા ગાઝી ખાન હાઈવે પર બની હતી. બરખાનના ડેપ્યુટી કમિશનર વકાર ખુર્શીદ આલમે જણાવ્યું હતું કે સશસ્ત્ર બળવાખોરોએ સાત મુસાફરોને બસમાંથી નીચે ઉતાર્યા હતા. તેમના ઓળખપત્રો તપાસ્યા અને તેમને મારી નાખ્યા. આ બધા લોકો પંજાબના રહેવાસી હતા અને લાહોર જવા માટે બસમાં ચઢ્યા હતા.

### MUDA કેસમાં CM સિદ્ધારમૈયા અને તેમની પત્નીને ક્લીનચીટ મળી

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૯ ।

કર્ણાટકમાં મુડા જમીન ફાળવણી કેસમાં ૨૫ સપ્ટેમ્બરના રોજ ખાસ કોર્ટના આદેશ બાદ, ૨૭ સપ્ટેમ્બરના રોજ, લોકાયુક્ત પોલીસે સીએમ સિદ્ધારમૈયા, તેમની પત્ની પાર્વતી અને તેમની પત્નીના ભાઈ મલ્લિકાર્જુન સ્વામી વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. લોકાયુક્ત પોલીસે જણાવ્યું હતું કે મુડા જમીન ફાળવણી કેસમાં પુરાવાના અભાવે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમની પત્ની પાર્વતી સામેના આરોપો સાબિત થઈ શક્યા નથી. અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમણે અંતિમ અહેવાલ હાઈકોર્ટમાં સુપરત કર્યો છે.

### આર્મી ચીફ જનરલે રાહુલ ગાંધીને આપી સલાહ

## સેનાને રાજનીતિમાં ઢસડસો નહીં : આર્મી ચીફ જનરલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે બુધવારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને સલાહ આપતા કહ્યું કે, સેનાને રાજનીતિમાં ન ઢસડો. જો આવુ થયું તો આ ચિંતાની વાત છે. જનરલે જણાવ્યું કે, ચીન સાથે બોર્ડર વિવાદને લઈને અમે વાતચીત આગળ વધારી રહ્યા છીએ. જો અમે એકબીજા સાથે વાત કરીશું તો ઘણીબધી શંકાનું સમાધાન આવી શકે છે. અમારો મત એવો રહ્યો છે કે શંકાઓ કોઈપણ કિંમતે દૂર થવી જોઈએ. આ માટે અમે કોર્પ્સ કમાન્ડરોને શક્ય હોય ત્યાં નિર્ણયો લેવાની સત્તા આપી છે. જો કોઈ મુદ્દો વાતચીત દ્વારા ઉકેલી શકાય તો તે થવો જોઈએ. તેમને આ સત્તા આપવામાં આવી છે કે જો કોઈ બાબત તેમના સ્તરે ઉકેલી શકાય તો તે કરવું જોઈએ. તેના માટે કોઈપણ પ્રકારની મંજૂરીની રાહ જોવાની જરૂર નથી. રાહુલ ગાંધીના નિવદેન પર જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે, લદ્દાખ સેક્ટરમાં ઘૂસણખોરી થઈ હતી. સેનાને રાજકારણમાં ઢસડો ન જોઈએ. જ્યારે મહિલાઓને પણ દેવી કાલીની જેમ સેનામાં જોડાવવાની ટિપ્પણીને લઈને ફરીથી વાત કરી હતી. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ઝાંસીની રાણી લક્ષ્મી વિશે વાત કરતાં કહ્યું કે, અમે બુંદેલા હરબોલાના મોઢેથી વાર્તા સાંભળી હતી.

## બુટલેગરને હોશિયારી ભારે પડી, પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

અમદાવાદમાં બુટલેગરોનો અનોખો કિમીયો સામે આવ્યો છે. જેમાં આરોપીઓએ કંઈક એવી રીતે દારૂ મંગાવ્યો હતો જેના વિશે જાણીને તમે પણ ચોંકી જશો. જોકે તેઓ દારૂની હેરાફેરી કરે તે પહેલાં જ પોલીસે પોલીસે એક બુટલેગરને રંગેહાથ ઝડપી પાડ્યો છે. દારૂનો જથ્થો ઘુસાડવા માટે બુટલેગરો નિતનવા કિમીયાઓ અપનાવતા હોય છે. જો કે પોલીસ તેમના પ્લાન પર પાણી ફેરવી દે છે. છેલ્લા કેટલાક સમયથી પાર્સલની આડમાં પણ દારૂ મંગાવવામાં આવતો હોય તેવા બનાવો સામે આવ્યા છે. સોમવારે ક્રાઈમ બ્રાંચની ટીમે એક ગજબની મોડસઓપ રેન્ડીનો પર્દાફાશ કર્યો છે. રાજકોટના બે યુવકોએ દારૂનો જથ્થો ટ્રાન્સપોર્ટ મારફતે અમદાવાદ મંગાવ્યો હતો. દારૂ ભરેલુ પાર્સલ આવી જતા બંને યુવકો રાજકોટથી કાર લઈને અમદાવાદ આવ્યા હતા. જો કે ક્રાઈમબ્રાન્ચને બાતમી મળતા જ દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. બેટરીના કવર મંગાવવાની આડમાં બંને યુવકોએ મોંઘોદાટ દારૂની બોટલો મંગાવી હતી. બંને યુવકોએ ૧૫ પાર્સલ મંગાવ્યા હતા જેમાં ૧૮૦ દારૂની બોટલો હતી. ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે પ્રેમ દરવાજા ઈદગાહ રોડ પાસે આવેલા ગુરુ લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટ કંપનીમાં દારૂનો જથ્થો પાર્સલ મારફતે આવેલો છે. જેને કેટલાક લોકો લેવા માટે આવશે. બાતમીના આધારે ક્રાઈમ બ્રાંચની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને વોચમાં હતી ત્યારે એક વ્હાઈટ કલર સ્વીફ્ટ કાર આવી હતી. કારમાંથી બે શખ્સો ઉતર્યા હતા અને ટ્રાન્સપોર્ટની કંપની પાસે મુકેલા બોક્સ લેવા માટે જતા હતા. જોકે બે શખ્સો પૈકી એક શખ્સ છટકીને નાસી ગયો હતો. પોલીસે એક શખ્સનું નામ પૂછ્યું તો તેણે પોતાનું નામ રાજપાલસિંહ રાઠોડ બતાવ્યું હતું. ક્રાઈમ બ્રાંચે રાજપાલસિંહની પાસેથી બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. ક્રાઈમ બ્રાંચે રાજપાલસિંહે મંગાવેલા ૧૫ બોક્સ ખોલીને જોયા હતા જેમાં દારૂની બોટલો હતી. બોક્સમાં ઉપરના ભાગે વાહનોની બેટરીનું કવર ફીટ કર્યું હતું અને બાદમાં દારૂની બોટલો હતી. રાજપાલસિંહે બેટરીના કવરની આડમાં ૧૮૦ દારૂની બોટલો મંગાવી હતી. રાજપાલસિંહે કોઈ સસ્તો દારૂ નહીં પરંતુ મોંઘો દાટ દારૂ મંગાવ્યો હતો. ક્રાઈમ બ્રાંચે રાજપાલસિંહ રાઠોડની ધરપકડ કરી હતી જેમાં તેની પૂછપરછમાં સામે આવ્યું હતું કે રાજકોટ ખાતે રહેતા તેના મિત્ર યશ ઠાકરે તેના મિત્ર મારફતે ટ્રાન્સપોર્ટમાં દારૂનો જથ્થો મંગાવ્યો હતો. દારૂનો જથ્થો પ્રેમ દરવાજા ખાતે આવેલા ગુરુ લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટમાં આવ્યો હતો જેથી તે યશ સાથે કાર લઈને લેવા માટે આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચે ૨.૯૪ લાખનો દારૂ, ચાર લાખની કાર સહિત કુલ ૭.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ક્રાઈમ બ્રાંચ રાજપાલસિંહ રાઠોડ અને તેના મિત્ર યશ ઠાકર વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

### મધ્ય ઝોનની ભાઈઓની ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ

## અં-૧૪, અં-૧૭ અને ઓપન એજ ગ્રુપની સ્પર્ધાઓમાં ૫૧૩ ખેલાડીઓએ લીધો ભાગ

। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત મધ્ય ઝોનની ભાઈઓની ફૂટબોલ ટૂર્નામેન્ટ નિકોલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. સાત દિવસીય ટૂર્નામેન્ટમાં અં-૧૪,અં-૧૭ અને ઓપન એજ ગ્રુપની સ્પર્ધાઓમાં ૫૧૩ ખેલાડી ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



અં-૧૪ એજ ગ્રુપમાં પ્રથમ સ્થાને અમદાવાદ ગ્રામ્ય અને દ્વિતિય સ્થાને પાટણની ભાઈઓની ટીમો વિજેતા થઈ હતી. અં-૧૭ એજ ગ્રુપ માં પ્રથમ સ્થાને અરવલ્લીની ટીમ અને દ્વિતિય સ્થાને અમદાવાદ ગ્રામ્યની ટીમ વિજેતા થઈ હતી. ઓપન એજ ગ્રુપમાં પ્રથમ સ્થાને અમદાવાદ ગ્રામ્ય અને દ્વિતિય સ્થાને ગાંધીનગર ગ્રામ્યની ભાઈઓની ટીમો વિજેતા બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના નિયંત્રણ હેઠળની જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારી, પ્રાદેશિક પ્રશિક્ષણ કેન્દ્ર, અમદાવાદની કચેરી દ્વારા આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. નોડલ ઓફિસર શ્રી મોસીન મલેક તેમજ ફૂટબોલ એકેડેમીના મેનેજર શ્રી દેવાંગ મિસ્ત્રી દ્વારા આ આયોજનને સફળ બનાવવા માટે જહમત ઉઠાવવામાં આવી હતી. ઝોન કક્ષાની અલગ-અલન એજ ગ્રુપની વિજેતા ટીમો રાજ્ય કક્ષાની ટૂર્નામેન્ટમાં ભાગ લેશે.

## અમીરગઢ ચેકપોસ્ટ પરથી ૧૫ પશુઓ ભરેલી ટ્રક ઝડપાઈ

। (એજન્સી) પાલનપુર, તા.૧૯ ।

અમીરગઢના જીવદયાપ્રેમીઓએ ચેકપોસ્ટ પરથી પશુ ભરેલી એક આઈસર ટ્રક ઝડપી લઈ તેમાં ચેક કરતાં ૧૫ પશુઓને ખીચોખીચ ભરી પાણી કે ઘાસચારાની વ્યવસ્થા ન કરેલી હોવાથી અમીરગઢ પોલીસને જાણ કરી હતી. આથી પોલીસે ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. અમીરગઢ ખાતે રહેતા કરણભાઈ તેમના મિત્રો જતીનકુમાર, વસંતભાઈ, વિપુલભાઈ અમીરગઢ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા તે વખતે એક આઈસરમાં પશુ ભરેલ હોવાની શંકા જતા તેનો પીછો કરી અમીરગઢ ચેકપોસ્ટ પાસે ટ્રકને રોકાવી ટ્રકમાં ચકાસણી કરતાં ૧૩ ભેંસો અને ૨ પાડા કુલ ૧૫ પશુ લઈ જવાતા હતા. જેમાં પશુઓને પીવા માટે પાણી કે ઘાસચારાની સગવડ કરેલી ન હતી તેમજ પશુઓ પણ એકબીજાની ચામડી ઘસાય તે રીતે ક્રૂરતાપૂર્વક ભરવામાં આવ્યા હતા. જેથી જીવદયાપ્રેમીએ પોલીસને જાણ કરતાં અમીરગઢ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. આ અંગે કરણભાઈએ અમીરગઢ પોલીસ સ્ટેશનમાં ચાલક અયુબભાઈ મહેબૂબભાઈ સિંધી (રહે. એકતાનગર, ખેરાલુ) સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### વલસાડમાં મોટી કરુણાંતિકા

## કોલક નદીમાં ૫ વિદ્યાર્થીઓ નદીમાં ન્હાવા જતાં ડૂબ્યાં, ૪નાં મોત થયા

। (એજન્સી) વલસાડ, તા.૧૯ ।

વલસાડ જિલ્લાના કપરાડાના રોહિયાળ તલાટ ગામે કોલક નદીમાં બે યુવાન ન્હાવા પડયા બાદ ડુબવા લાગતા રીક્ષા ચાલક સહિત ત્રણ બચાવભા નદી પડતા જોતજોતામાં પાંચેય નદીમાં ગરક થઈ થઈ ગયા હતા. લોકો દોડી ગયા બાદ પાંચેયને બહાર કાઢી હોસ્પિટલમાં લઈ જતા ચારને મૃત જાહેર કર્યા હતા. જયારે રીક્ષા ચાલકનો બચાવ થયો હતો. ચારેય હતભાગી યુવાન વાપીની કોલેજમાં અભ્યાસ કરતા હતા. ગઈકાલે મંગળવારે સાત વિદ્યાર્થીઓ રોહિયાળ તલાટ ગામે કોલકનદીમાં પાંડવ કુંડ બે રીક્ષામાં ફરવા ગયા તે વેળા ઘટના બની હતી.પ્રાપ્ત માહિતી અનુસાર દમણ વિસ્તારમા રહેતા અને વાપીની કેબીએસ કોલેજમાં ત્રીજા વર્ષમાં ભણતા સાત યુવાનો ગઈકાલે મંગળવારે વલસાડ જિલ્લાના કપરાડાના રોહિયાળ તલાટ ગામર પે કોલક નદીમાં આવેલ પાંડવ કુંડ બે ઓટો રીક્ષામાં ફરવા ગયા હતા. તે દરમિયાન તમામ યુવાનો કોલક નદી કિનારે પહોંચ્યા હતા. જ્યાં બે યુવાનો ન્હાવા પડતા ડુબવા લાગતા રીક્ષા ચાલક સહિત ત્રણ યુવાનો બચાવવા પડયા હતા. પરંતુ પાંચેય યુવાનો નદીના પાણીમાં ગરક થઈ ગયા હતા. અન્ય યુવાનોએ ભારે બુમાબુમ કરતા લોકો દોડી આવ્યા હતા. ઘટનાને પગલે પોલીસ, સરપંચ પણ પહોંચી ગયા બાદ લોકોએ પાંચ યુવાનો ધનંજય લીલાધર ભોંગળે (ઉ.વ.૨૦, રહે. સત્કાર બીલ્ડીંગ ડીમાર્ડની સામે સોમનાથ, ડાભેલ,દમણ), આલોક પ્રદિપ શાહે (ઉ.વ.૧૯, રહે. સાગર બીલ્ડીંગ -સી વીંગ ડાભેલ, દમણ), અનિકેલ સંજીવસીંગ જાતે સીંગ (ઉ.વ.૨૨, રહે. ડાભેલ, સોમનાથ, દમણ), લક્ષ્મણપુરી અશોકપુરી ગોસ્વામી (ઉ.વ.૨૨,રહે. હરીશભાઈની ચાલી, ડાભેલ, દમણ) અને રીક્ષા ચાલક દેવરાજ કેશવ વાનખેડે (ઉ.વ.૨૧, રહે. સત્કાર બીલ્ડીંગ ડીમાર્ડની સામે સોમનાથ, ડાભેલ દમણ) યુવાનોને બહાર કાઢ્યા હતા.

### વડોદરામાં એક મહિલા ડિજિટલ ધરપકડનો ભોગ બની

## મહિલાને ૬ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરી ૬૧ લાખ પડાવ્યાં

### નકલી આઈપીએસ, સીબીઆઈ અધિકારીઓ અને ક્યારેક દેશદ્રોહી, આતંકવાદી, બળાત્કારી, દાણચોર કહીને લાખો-કરોડ રૂપિયા લૂંટે છે

। (એજન્સી) વડોદરા, તા.૧૯ ।

દેશભરમાં ડિજિટલ ધરપકડ કરનારા ઓનલાઈન લૂંટજારાઓ મની લોન્ડરિંગ કેસના નામે હાઈ-પ્રોફાઈલ લોકોને નકલી IPS, CBI અધિકારીઓ અને ક્યારેક દેશદ્રોહી, આતંકવાદી, બળાત્કારી, દાણચોર કહીને લાખો-કરોડ રૂપિયા લૂંટે છે. તેમને કલાકો સુધી પોતાના ઘરમાં બંધ રહેવાની ફરજ પડી રહી છે. ત્યારે ગુજરાતમાં પણ આવી જ બીજી ઘટના બની છે. વડોદરામાં એક મહિલા ડિજિટલ ધરપકડનો ભોગ બની છે. ગોત્રીમાં સાયબર માફિયાઓએ એક મહિલાને ૬ દિવસ સુધી ડિજિટલી બંધક બનાવીને તેની પાસેથી ૬૧ લાખ રૂપિયા પડાવી લીધા. તે મહિલા એક વેબસાઈટ પર સંશોધન કરી રહી હતી. મુંબઈ પોલીસ અને સાયબર ક્રાઈમના નામે મહિલાને વીડિયો કોલ કરવામાં આવ્યો હતો. મહિલાને ધમકી આપવામાં આવી હતી કે તેનું નામ મની લોન્ડરિંગ કેસમાં છે. મુંબઈનું એક નકલી ઓળખપત્ર પણ મોકલવામાં આવ્યું હતું, ત્યારબાદ એક પત્ર મોકલવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે પૈસા સરકારી તિજોરીમાં જમા કરવામાં આવ્યા છે. જે ખાતાઓમાં ભંડોળ ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું તે મહારાષ્ટ્ર, કેરળ અને ચેન્નાઈના હતા.

### કાર ટ્રક સાથે જોરદાર ધડાકા સાથે અથડાઇ

## ગાંધીનગર નજીક ટ્રક સાથે કાર અથડાતાં એકનું મોત, બે ઇજાગ્રસ્ત

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામ નજીક તેઝ ઝડપે આવી રહેલી કાર સાઈડમાં ઉભી રહેલી ટ્રક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. તેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત થયુ હતું. જ્યારે બે જણા ઈજાગ્રસ્ત થયા હતાં. ડભોડા પોલીસે માર્ગ અકસ્માત અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. રાજસ્થાન તરફથી આવી રહેલી કાર ટ્રક સાથે જોરદાર ધડાકા સાથે અથડાતાની સાથે કારમાં બેઠેલા કદીયુરહેમાન પઠાણનું ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે કારના ચાલક ઈરફાન મિર્ઝા અને મીઝાજભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં જાણવા મળ્યા મુજબ, મૃતક કદીયુરહેમાન તેમના મિત્રો સાથે રાજસ્થાન બોર્ડર પાસે ચા પીવા રોકાયા હતા. ત્યારબાદ ઈરફાન મિર્ઝાએ કારનું સ્ટીયરિંગ સંભાળ્યું હતું. મોટા ચિલોડા પસાર કર્યા બાદ અમદાવાદ તરફ આવતા સમયે લીંબડીયા ગામ પાસે ચાલકે વાહન ઉપરનો કાબુ ગુમાવી દેતા કાર રોડની સાઈડમાં પાર્ક કરેલી ટ્રકની પાછળ ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો.

### મુંબઇમાં દાગીના વેચીને મોજશોખ કર્યા

## ઘરમાં ચોરી કરીને સગીરાઓ પ્રેમી સાથે ગોવા ભાગી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

બાળકો દ્વારા લેવાતા પગલાં ક્યારેક માતા-પિતા માટે જોખમી સાબિત થતા હોય છે. અમદાવાદ શહેરમાં આ જ પ્રકારનો કિસ્સો બનવા પામ્યો હતો. ધો. ૧૦ સીબીએસઈમાં અભ્યાસ કરતી બે સગીરા એક સગીર અને પુખ્ત યુવકના પ્રેમમાં પડી હતી. ચારેય લોકો અવાર-નવાર મળતા અને સ્કૂલ ટ્યૂશનથી છૂટીને હરવા-ફરવા જતા હતા. એક દિવસ સગીરાએ એવું પગલું ભર્યું જેનાથી માતા-પિતાને ચિંતામાં મૂકાવાની સાથે સાથે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાનો વારો આવ્યો છે. સગીરાએ પોતાના જ ઘરમાં સોનાના દાગીનાની ચોરી કરીને સગીર બહેનપણી અને સગીર તથા યુવક સાથે ગોવા ફરવા નીકળી પડી હતી. સગીરાની માતાએ પોલીસને જાણ કરતા ચારેય લોકો ગોવાથી મળી આવ્યા હતા. તમામની પૂછપરછમાં જણાયું કે સગીરાએ ઘરે સોનાના દાગીનાની ચોરી કરી હતી. ફરતા ફરતા મુંબઈ પહોંચ્યા અને દાગીના વેચીને ૭૦ હજાર મેળવ્યા હતા. જે બાદ ચારેય લોકો મોજશોખ કરવા ગોવા પહોંચ્યા હતા. આખરે સરખેજ પોલીસે ચારેય લોકોને ટેકનિકલ સર્વેલન્સથી શોધી કાઢ્યા હતા. પોલીસે તો સગીરાઓના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ધો.૧૦ની પરીક્ષા પણ અપાવવામાં મદદ કરી હતી. સામાન્ય કિસ્સામાં એવુ સાંભળવા મળે છે કે કોઈ યુવક યુવતીને ફસાવીને ભગાડીને લઈ ગયો. પરંતુ શહેર પોલીસના ચોપડે નોંધાયેલા એક કિસ્સામાં તેનાથી ઊલટું જોવા મળ્યું છે. એસજી હાઈવે નજીકના એક વિસ્તારમાં રહેતી બે સગીરા ધો.૧૦ સીબીએસઈમાં અભ્યાસ કરે છે. સગીરાને સગીર સાથે જ્યારે અન્ય સગીરાને પુખ્ત વયના યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. ચારેય લોકો એકબીજાને મળતા ત્યારે ઘરેથી ક્યાંક દૂર મોજશોખ કરવા જવાની વાતો કરતા હતા. એક દિવસ સગીરાએ મોજશોખ પૂરા કરવા માટે પોતાના જ ઘરે સોનાના દાગીના ચોરી લીધા હતા. બાદમાં સગીરા તેનો સગીર પ્રેમી, સગીર બહેનપણી અને તેનો પ્રેમી એમ કુલ ચારેય લોકો અમદાવાદ બહાર નીકળી ગયા હતા. ફરતા ફરતા મુંબઈ પહોંચ્યા અને ત્યાં સગીરાએ દાગીના વેચીને રૂપિયા ૭૦ હજાર મેળવી લીધા હતા.

## વલસાડમાં આવકવેરા વિભાગનું મેગા સર્ચ ઓપરેશન! બિલ્ડર સામે તપાસ

। (એજન્સી) વલસાડ, તા.૧૯ ।

વલસાડના પ્રખ્યાત બિલ્ડર દિપેશ ભાનુશાળીના નિવાસસ્થાને આવકવેરા વિભાગે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી છે, જેમાં ૫૪૪ કરોડ રૂપિયાના બેનામી વ્યવહારો સામે આવતા કરચોરોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. વલસાડમાં આવકવેરા વિભાગ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું. જેમાં ૫૪૪ કરોડ રૂપિયાના બેનામી વ્યવહારો મળી આવ્યા હતા. વાપી , વલસાડ અને સુરતની ૧૬ ટીમો શોધમાં જોડાઈ હતી.દીપેશ ભાનુશાળીના ઘરેથી ૧૦૦ કરોડ રૂપિયાના દસ્તાવેજો મળી આવ્યા છે. દીપેશના ભાગીદાર જગદીશ સેઠિયા પાસેથી પણ ૧૦૦ કરોડ રૂપિયાના બેનામી વ્યવહારાની વિગતો મળી આવી છે. બિપિન બિલ્ડર પાસેથી ૫૦ કરોડ રૂપિયા અને રાજેશ રાઠોડ પાસેથી ૪૦ કરોડ રૂપિયાના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. એડવોકેટ વિપુલ કાપડિયાની ઓફિસમાંથી પણ ૨૦૦ કરોડ રૂપિયાના વ્યવહારો મળી આવ્યા છે, જ્યારે રાકેશ જૈનની ઓફિસમાંથી ૪ કરોડ રૂપિયા અને ઘોરદરાની ઓફિસમાંથી ૨૦ કરોડ રૂપિયાના વ્યવહારો મળી આવ્યા છે. દીપ સિંહ ઠાકોરની ઓફિસમાંથી ૨૦ કરોડ રૂપિયાના વ્યવહારો મળી આવ્યા છે. એવી શંકા છે કે વકીલની ઓફિસમાં મળેલા વ્યવહારો અન્ય બિલ્ડરોના છે. વાપીના આર્કિટેક્ટ મનીષ શાહના ચાર લોકરમાંથી ૨.૨૫ કરોડ રૂપિયાનું સોનું અને ૧૭.૫ લાખ રૂપિયાની રોકડ મળી આવી હતી.

**વિશેષ**

### ૧૯ ફેબ્રુઆરીઃ સોઈલ હેલ્થ કાર્ડ દિવસ

# ‘સ્વસ્થ ધરા, ખેત હરા’: ગુજરાતના ૨.૧૫ કરોડ ખેડૂતોને મળ્યા સોઇલ હેલ્થ કાર્ડ, આ અનોખી યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજ્ય

### ૨૦૨૩-૨૪માં SHC પોર્ટલના આધારે ૧,૭૮,૬૩૪ માટીના નમૂના એકત્રિત, જેમાંથી ૧,૭૮,૨૮૬ નમૂનાઓનું વિશ્લેષણ

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ‘વિકસિત ભારત’ના વિઝનને સાકાર કરવાની દિશામાં સદૈવ અગ્રેસર રહેલું ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ હેઠળ કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. ખેડૂતોની આવક વધારીને તેમને સશક્ત બનાવવા માટે તેમજ કૃષિ પાકોની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. ‘સ્વસ્થ ધરા, ખેત હરા’ના મંત્ર સાથે લાગુ કરવામાં આવેલી સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના હેઠળ આજ સુધીમાં ગુજરાતના ૨.૧૫ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

#### ગુજરાત સોઈલ હેલ્થ કાર્ડ જેવી નવતર યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજ્ય

રાજ્યનો સર્વાંગી કૃષિ વિકાસ ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે અને એટલે જ ખેતીયોગ્ય જમીનની યોગ્ય રીતે જાળવણી કરવા અને તેને ઉજ્જડ બનતી અટકાવવા માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં ‘સોઈલ હેલ્થ કાર્ડ યોજના’ અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના અને તેના ફાયદાઓ વિશે જાગરૂકતા લાવવા માટે ભારત દર વર્ષે ૧૯ ફેબ્રુઆરીએ સોઈલ હેલ્થ કાર્ડ દિવસની ઉજવણી કરે છે.

#### શું છે સોઈલ હેલ્થ કાર્ડ?

સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ, ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં નમૂનાનું પૃથ્થકરણ કરીને, સોફ્ટવેર આધારિત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે, જેમાં હાલ કુલ ૧૨ તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn) નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જેને આધારે ખેડૂતોને કયા પ્રકારના ખાતર અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેની વૈજ્ઞાનિક ભલામણ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે મળી શકે છે. આ પ્રક્રિયાથી બિનજરૂરી કેમિકલયુક્ત ખાતરોના અતિશય ઉપયોગ ઘટે છે, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં સહાય મળે છે.

#### ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાનું વ્યાપક અમલીકરણ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં લૉન્ચ થયેલી આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને તેમની જમીનની સ્થિતિ અંગે વ્યાપક માહિતી પૂરી પાડીને તેમને સશક્ત કરવાનો હતો. યોજના લાગુ કર્યા પછી, SHC યોજનાનો પ્રથમ તબક્કો ૨૦૦૩-૦૪થી ૨૦૧૦-૧૧ દરમિયાન અને બીજો તબક્કો ૨૦૧૧-૧૨થી ૨૦૧૫-૧૬ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪૩.૦૩ લાખથી વધુ ખેડૂતોને અને દ્વિતીય તબક્કામાં આશરે ૪૬.૯૨ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે આપવામાં કરવામાં આવ્યા. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ ૨૦૧૫-૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં “સોઈલ હેલ્થ કાર્ડ યોજના” અમલમાં મૂકી હતી. જે અંતર્ગત તૃતીય તબક્કામાં વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં ભારત સરકારની યોજના હેઠળ રાજ્યના ૧.૨૫ કરોડથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે.

#### ‘સોઈલ હેલ્થ કાર્ડ યોજનાથી ખાતરનો ખર્ચ ઘટ્યો અને ઉપજમાં વધારો થયો’

છેલ્લા એક દાયકામાં આ યોજનાને કારણે ખેડૂતો તેમની જમીનમાં રહેલી મુખ્ય ખામીઓથી વાકેફ થયા છે અને સાથે જ સૂક્ષ્મ પોષકતત્વો ધરાવતા ખાતરોનો ઉપયોગ પણ વધાર્યો છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા શહેરમાં રહેતા બાબુભાઈ વસરામભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું કે, “SHC યોજના હેઠળ તેમને માત્ર જરૂરી ખાતરોનો મર્યાદિત માત્રામાં ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી, જેને અનુસરવાને પરિણામે તેમને ખાતરનો ખર્ચ ઘટાડવામાં મદદ મળી હતી. આ પહેલથી તેમને પાકની વધુ સારી ઉપજ મળી અને ઈનપુટ ખર્ચમાં પણ ઘટાડો થયો.”

#### સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકાર પ્રયત્નશીલ

વર્ષ ૨૦૨૩-૨૪માં SHC પોર્ટલ ના આધારે ૧,૭૮,૬૩૪ માટીના નમૂનાઓ ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યા હતા અને ૧,૭૮,૨૮૬ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫માં SHC યોજના હેઠળ ગુજરાત માટે ભારત સરકારનો ખરીફ ઋતુ માટેનો લક્ષ્યાંક ૩,૮૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાનો છે. ગુજરાત સરકાર પણ આ લક્ષ્યાંકને સમયસર હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે, કારણકે ખરીફ-૨૦૨૪ સીઝન સુધીમાં ૩,૮૨,૨૧૫ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે જે પૈકી ૩,૭૦,૦૦૦ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે.

ઉપરાંત રવિ-૨૦૨૫ સીઝનમાં ૨,૩૫,૪૨૬ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે જે પૈકી ૧૩,૬૫૭ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીના નમૂનાઓની પરીક્ષણની કામગીરી પ્રગતિમાં છે. આ લક્ષ્યાંકોને પહોંચી વળવા તેમજ સમયસર પૃથ્થકરણ કરીને સોઈલ હેલ્થ કાર્ડનું સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકારના પ્રયાસો ચાલુ છે. જમીનના નમૂનાના પૃથ્થકરણ માટે અત્યારે ગુજરાતમાં કુલ ૧૯ જમીન ચકાસણી પ્રયોગશાળા તેમજ ૦૧ એક સૂક્ષ્મ તત્વ ચકાસણી પ્રયોગશાળા કૃષિ વિભાગ હેઠળ કાર્યરત છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## પીએમ કિસાન યોજનાનો ૧૯મો હપ્તો આપવામાં આવશે તમારા એકાઉન્ટમાં

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ I

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ ફેબ્રુઆરીએ બિહારના ભાગલપુરથી પીએમ કિસાન સન્માન નિધિનો ૧૯મો હપ્તો રીલિઝ કરશે. પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોના ખાતામાં વાર્ષિક ૬,૦૦૦ રૂપિયા મોકલવામાં આવે છે. આ રકમ દર ૪ મહિનાના સમયગાળામાં ત્રણ હપ્તામાં ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. દરેક હપ્તામાં ૨,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ મેળવવા માટે e-KYC હોવું ફરજિયાત છે. જો તમે હજુ સુધી e-KYC કર્યું નથી તો તમે ૧૯મા હપ્તાથી વંચિત રહી શકો છો. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતો પાસે આધાર કાર્ડ, બેંક ખાતું હોવું ફરજિયાત છે. આ સાથે જમીનના દસ્તાવેજો અને રહેઠાણનું પ્રમાણપત્ર પણ જરૂરી છે. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ તેમની જમીનની ચકાસણી કરાવવી પણ જરૂરી છે. આમાંથી કોઈપણ દસ્તાવેજોની ગેરહાજરીમાં ખેડૂતો પીએમ કિસાન યોજનાથી વંચિત રહી શકે છે.

## પનામાએ યુએસએથી ડિપોર્ટ ૩૦૦ ઈમિગ્રન્ટ્સની અટકાયત કરાઈ

I (એજન્સી) પનામા, તા.૧૯ I

મધ્ય અમેરિકામાં આવેલા પનામા દેશમાં અમેરિકા દ્વારા ડિપોર્ટ કરવામાં આવેલા વિવિધ દેશોના ૩૦૦ ઈમિગ્રન્ટ્સની હોટલમાં અટકાયત કરી છે. અટકાયત કરાયેલા ૩૦૦ ઈમિગ્રન્ટ્સને જ્યાં સુધી તેમના વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી તેમને હોટલમાં જ કેદ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. અમેરિકા દ્વારા ચાલી રહેલા ડિપોર્ટેશન પ્રોગ્રામ હેઠળ અત્યારસુધી ગેરકાયદે વસતા ૩૦૦થી વધુ ભારતીયોને વતન પરત મોકલવામાં આવ્યા છે. અમેરિકા અમુક દેશોમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને સીધે-સીધા વતન મોકલી શકવામાં અસક્ષમ હોવાથી તે પનામા જેવા દેશોનો સ્ટોપઓવર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. જેના ભાગરૂપે કોસ્ટા રિકામાં પણ બુધવારે અન્ય દેશના ડિપોર્ટીની ફ્લાઈટ પહોંચી હતી. પનામાના સત્તાધીશોએ જણાવ્યું હતું કે, હોટલમાં અટકાયત કરાયેલા ૩૦૦માંથી ૪૦ ટકા ઈમિગ્રન્ટ્સ પોતાના વતન જવા માગતા નથી. તેઓ પોતાના જ દેશમાં અસુરક્ષિત હોવાનો દાવો કરી રહ્યા છે. તેઓ હોટલની બારીમાંથી 'હેલ્પ' અને 'વી આર નોટ સેફ ઈન અવર કંટ્રી' (અમે અમારા દેશમાં સુરક્ષિત નથી) લખેલા બેનર્સ ફરકાવી મદદ માગી રહ્યા છે.

### ક્રિકેટ જગત માટે ખરાબ સમાચાર

# મુંબઈના પૂર્વ કેપ્ટન અને પસંદગી સમિતિના સભ્ય મિલંદ રેગેનું નિધન

### ૭૬ વર્ષના રેગેને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા : બુધવાર સવારે છ વાગ્યે તેમનું નિધન થયું

I (એજન્સી) મુંબઈ, તા.૧૯ I

ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત સાથે જ ક્રિકેટ જગત માટે એક ખરાબ સમાચાર આવ્યા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ એક દુઃખદ સમાચાર શેર કર્યા છે. મુંબઈના પૂર્વ કેપ્ટન અને પસંદગી સમિતિના સભ્ય મિલંદ રેગેનું બુધવારે હાર્ટ એટેકથી મોત થયું છે. ભારત હાલમાં ચેમ્પિયન ટ્રોફીની તૈયારીમાં વ્યસ્ત છે. રવિવારના રોજ ૭૬ વર્ષના રેગેને બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ



કરવામાં આવ્યા હતા. બુધવાર સવારે છ વાગ્યે તેમનું નિધન થયું છે. પરિવારમાં એમને પત્ની અને બે દીકરા છે. બેટ અને બોલ બંનેથી કરતા હતા કમાલ : ઓલરાઉંડરના રૂપમાં રેગેની ૨૬ વર્ષની ઉંમરમાં હાર્ટ એટેક આવ્યો હતો. આમ છતાં તેઓ ક્રિકેટના મેદાન પર પાછા ફર્યા અને રણજી ટ્રોફીમાં મુંબઈની કપ્તાની કરી હતી. ૧૯૬૬-૬૭ અને ૧૯૭૭-૭૮ વચ્ચે ૫૨ પ્રથમ શ્રેણીની મેચોમાં ચેમને ઓફ સ્પિન બોલિંગથી ૧૨૬ વિકેટ લીધી હતી. તેમણે બેટીંગમાં પણ જોશ દેખાડ્યો હતો અને ૨૩.૫૬ ની સરેરાશથી ૧,૫૩૨ રન બનાવ્યા હતા. ભારત કે પૂર્વ કપ્તાન સુનીલ ગાવસ્કરના બાળપણના મિત્ર રેગેએ ગાવસ્કરની સાથે સ્કૂલ અને કોલેજમાં અભ્યાસ કર્યો હતો.

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા રેન્કિંગમાં ઉથલ-પાથલ

# બાબરને પાછળ ધકેલી શુભમન ગિલ પહોંચ્યો ટોચના સ્થાન ઉપર

### વનડેમાં ટોપ-૧૦ બેટરોની યાદીમાં ભારતના ચાર ખેલાડીએ સ્થાન મેળવ્યું છે, ગિલ સિવાય કેપ્ટન રોહિત શર્મા ત્રીજા સ્થાન પર

I (એજન્સી) દુબઈ, તા.૧૯ I

પાકિસ્તાનમાં આજથી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની શરૂઆત થઈ રહી છે. આ પહેલા ICC એ નવી રેન્કિંગ જાહેર કરી છે. જેમાં ભારતનો સ્ટાર બેટર અને વાઈસ કેપ્ટન શુભમન ગિલ વનડે ફોર્મેટમાં ટોચના સ્થાને પહોંચી ગયો છે. તેણે બાબર આઝમને પાછળ છોડી દીધો છે. વનડેમાં ટોપ-૧૦ બેટરોની યાદીમાં ભારતના ચાર ખેલાડીએ સ્થાન મેળવ્યું છે. ગિલ સિવાય કેપ્ટન રોહિત શર્મા ત્રીજા સ્થાન પર, વિરાટ કોહલ છઠ્ઠા



સ્થાન પર અને શ્રેયસ અય્યર નવમાં સ્થાને છે. શ્રેયસને પણ એક સ્થાનનો ફાયદો થયો છે. પાકિસ્તાની બેટર બાબર આઝમ બીજા સ્થાને સરકી ગયો છે. ગિલનું રેટિંગ ૭૯૬ છે, જ્યારે બાબરનું રેટિંગ ૭૭૩ છે. રોહિતનું રેટિંગ ૭૬૧ છે. દક્ષિણ આફ્રિકાના હેનરિક ક્લાસેન ૭૫૬ રેટિંગ સાથે ચોથા સ્થાને છે. ન્યુઝીલેન્ડનો ડેરિલ મિચેલ ૭૪૦ રેટિંગ પોઈન્ટ સાથે પાંચમાં સ્થાને છે. હાલમાં શુભમન ગિલ શાનદાર ફોર્મમાં ચાલી રહ્યો છે. તેણે ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચોની વનડે સીરિઝમાં એક સદી અને બે અડધી સદી ફટકારી હતી. તેણે ત્રણ મેચમાં ૮૬.૩૩ની સરેરાશ અને ૧૦૩.૬૦ની સ્ટ્રાઈક રેટથી ૧૮૧ રન બનાવ્યા હતા.



નવી દિલ્હી ખાતે છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ, શિવાજી જયંતિ તરીકે ઉજવવામાં આવી. આ પ્રસંગે છત્રપતિ શિવાજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### સાજીદના મૃતદેહને કપડાં પરથી ઓળખી કાઢ્યો

## પત્ની પર ગેંગરેપના સાક્ષી પતિને આરોપીઓએ બાળી નાખ્યો

I (એજન્સી) મૈનપુરી, તા.૧૯ I

યુપીના મૈનપુરીમાં પત્નીના અપહરણ અને ગેંગરેપના મામલામાં સાક્ષીને જીવતી સળગાવી દેવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. પરિજનોએ કપડાના આધારે મૃતકની ઓળખ કરી હતી. જે બાદ મૃતકના પિતાએ પણ આરોપી વિરુદ્ધ હત્યાનો કેસ દાખલ કર્યો છે. હાલ પોલીસે અડધી બળેલી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલીને તપાસ શરૂ કરી છે. આ આખો મામલો મૈનપુરીના બિછવાન પોલીસ સ્ટેશન વિસ્તારનો છે, જ્યાં તાજેતરમાં ખેતરની બાજુમાં અડધી બળેલી લાશ મળી આવી હતી. જ્યારે પોલીસે લાશની ઓળખ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે જાણવા મળ્યું કે તે ૪૦ વર્ષીય સાજિદનો મૃતદેહ છે. પરિવારજનોએ સાજીદના મૃતદેહને કપડાં પરથી ઓળખી કાઢ્યો હતો. તેમનો આરોપ છે કે સાજિદની પત્નીનું અપહરણ કરવામાં આવ્યું હતું, તેને ચાર મહિના સુધી બંધક બનાવીને રાખવામાં આવી હતી અને પછી તેના પર સામૂહિક દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

### ગ્રાહક કોર્ટે થિયેટરને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો

## ફિલ્મ દરમિયાન વધુ પડતી જાહેરાતો બતાવવા બદલ કેસ

I (એજન્સી) બેંગલુરુ, તા.૧૯ I

જ્યારે પણ તમે થિયેટરમાં જાઓ છો, ત્યારે તમે જોયું હશે કે, ફિલ્મ શરૂ થાય તે પહેલાં અનેક જાહેરાતો બતાવવામાં આવે છે. ઘણી વખત, આ કારણે, ફિલ્મ શરૂ થવામાં વિલંબ થાય છે, પરંતુ એક વ્યક્તિએ બેંગલુરુની ગ્રાહક કોર્ટમાં આ અંગે ફરિયાદ દાખલ કરી હતી. તે વ્યક્તિની ફરિયાદ પર, ગ્રાહક કોર્ટે થિયેટરને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. ફરિયાદીએ દાવો કર્યો હતો કે તે, પરિવાર અને અન્ય બે સભ્યો સાથે, ગયા ડિસેમ્બરમાં સેમ બહાદુરનો સાંજે ૪:૦૫ વાગ્યેનો શો જોવા ગયો હતો, પરંતુ ફિલ્મ ૪:૩૦ વાગ્યે




શરૂ થઈ હતી. આવું એટલા માટે થયું કારણ કે, ત્યાં સુધી તેને ઘણી જાહેરાતો બતાવવામાં આવી હતી. ફરિયાદીએ ગ્રાહક અદાલતમાં અરજી કરી હતી અને કહ્યું હતું કે, આનાથી તેમના માટે કામ પર પાછા ફરવાનું મુશ્કેલ બન્યું હતું અને તેમનો કિંમતી સમય વેડફાયો હતો. ગ્રાહક કોર્ટે PVR INOXને ફરિયાદીને અસુવિધા અને માનસિક યાતના આપવા બદલ ૨૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો. આ સાથે, થિયેટર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં ખર્ચાયેલા આઠ હજાર રૂપિયા ચૂકવવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. બાર અને બેન્ચના અહેવાલ મુજબ, ગ્રાહક કોર્ટે PVR INOX ને પણ દોષિત ઠેરવ્યો અને તેને ૧ લાખ રૂપિયાનું નુકસાન ચૂકવવાનો આદેશ આપ્યો હતો. PVR INOXને બેંગલુરુ ફરિયાદીને નુકસાની તરીકે ૧ લાખ રૂપિયા ચૂકવવાનો અને ફિલ્મનો ચોક્કસ શરૂઆતનો સમય જણાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું કે, "નવા યુગમાં, સમયને પૈસા સમાન ગણવામાં આવે છે, દરેકનો સમય ખૂબ જ કિંમતી છે.

### સરકારે વેક્સિનેશન માટે કરી જાહેરાત

# ભારતમાં ટૂંક સમયમાં આવી રહી છે કેન્સરની વેક્સિન

I (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ I

કેન્સર એટલો ખતરનાક અને ગંભીર રોગ છે કે, જો કોઈને આ રોગ થાય છે, તો માત્ર દર્દીને જ નહીં પરંતુ પરિવારને પણ ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમ તમે જાણો છો, દર વર્ષે લાખો લોકો કેન્સર જેવી ગંભીર બીમારીનો શિકાર બને છે. દેશમાં કેન્સરના વધતા જતા કેસોને જોતા કેન્દ્ર સરકારે રસીકરણને લઈને મહત્વનું પગલું ભર્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મહિલાઓમાં સર્વાઈકલ કેન્સરના દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. હવે થોડા દિવસોમાં સરકાર સર્વાઈકલ કેન્સરની રસી આપશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય, પરિવાર કલ્યાણ અને આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, આ રસી આગામી ૫ મહિનામાં ઉપલબ્ધ થશે. આ ૯-૧૬ વર્ષની છોકરીઓને આપવામાં આવશે. આ રસી ૫-૬ મહિનામાં ઉપલબ્ધ થશે. સૌ પ્રથમ, આ રસી ૯-૧૬ વર્ષની વયની છોકરીઓને આપવામાં આવશે. જેથી ભવિષ્યમાં આ છોકરીઓને સર્વાઈકલ કેન્સર ન થાય. દેશમાં કેન્સરના દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે અને કેન્દ્ર સરકારે આ મુદ્દાને ઉકેલવા માટે પગલાં લીધાં છે. ૩૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓની હોસ્પિટલોમાં તપાસ કરવામાં આવશે અને રોગની વહેલી તપાસ માટે ડેકેર કેન્સર કેન્દ્રો શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે સરકારે કેન્સરની સારવારમાં વપરાતી દવાઓ પરની કસ્ટમ ડ્યુટી પણ માફ કરી દીધી છે. સ્ત્રીઓને અસર કરતા કેન્સર માટેની રસી પર સંશોધન લગભગ પૂર્ણ થઈ ગયું છે અને ટ્રાયલ ચાલી રહી છે. તે પાંચથી છ મહિનામાં ઉપલબ્ધ થશે અને ૯ થી ૧૬ વર્ષની વયની છોકરીઓ રસીકરણ માટે પાત્ર બનશે. જ્યારે પૂછવામાં આવ્યું કે આ રસી કયા કેન્સરની સારવાર કરશે. સ્તન, મોં અને સર્વાઈકલ કેન્સર.

## આગામી વર્ષ ૨૦૨૮માં યોજાનાર ઓલિમ્પિકમાં સામેલ થશે ક્રિકેટ

### નીતા અંબાણીએ આગામી ૨૦૨૮ ઓલિમ્પિકમાં ક્રિકેટના સમાવેશ અંગે પોતાની લાગણીઓ વ્યક્ત કરી

I (એજન્સી) બોસ્ટન, તા.૧૯ I

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ના સભ્ય અને રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષ નીતા અંબાણીએ આગામી ૨૦૨૮ ઓલિમ્પિકમાં ક્રિકેટના સમાવેશ અંગે પોતાની લાગણીઓ વ્યક્ત કરી, જે અમેરિકાના કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં યોજાવા જઈ રહી છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં, ભારતીય ક્રિકેટ અને તેના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીના રમતના ચહેરા તરીકેના વૈશ્વિક દરજ્જાને ટાંકીને, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટનનો ઉલ્લેખ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ના ૧૪૧મા સત્ર દરમિયાન કરવામાં આવ્યો હતો, જે દરમિયાન ઓલિમ્પિકમાં રમતનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. "ભારત એક રમત પ્રેમી દેશ છે. ટોક્યો ઓલિમ્પિક્સ માટે ઓલિમ્પિક ચેનલના સૌથી વધુ દર્શકો ભારતમાંથી આવ્યા હતા, તેથી કલ્પના કરો કે જો આપણે તેમાં ક્રિકેટ ઉમેરીએ તો શું થશે. તેથી તે સમય હતો જ્યારે મારા મગજમાં વિચાર આવવા લાગ્યો કે સમિતિના



સભ્યોને ક્રિકેટને ઓલિમ્પિક રમત તરીકે સમાવવા માટે કેવી રીતે મનાવવું. તેઓ હજુ પણ માનતા હતા કે ક્રિકેટ પાંચ દિવસની ક્રિકેટ મેચ છે... મેં તેમને કહ્યું અને જો ક્રિકેટને ઓલિમ્પિકમાં સમાવવામાં આવે તો તે બંને પક્ષો માટે જીત-જીતની પરિસ્થિતિ હશે અને તમને કદાચ ૨ અબજ લોકોનો ટેકો મળશે. તેથી મને લાગે છે કે મેં તે જ દલીલ કરી હતી અને હું ખૂબ ખુશ છું કે હવે ક્રિકેટ એક ઓલિમ્પિક રમત બનશે," નીતા અંબાણીએ ભારતીય વ્યાપાર, નીતિ અને સંસ્કૃતિ પર હાર્વર્ડ ઈન્ડિયા કોન્ફરન્સમાં મુખ્ય ભાષણ દરમિયાન કહ્યું. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) એ સોમવારે જાહેરાત કરી કે ક્રિકેટ ૨૦૨૮ માં લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સનો ભાગ બનશે.

## ફોકસ ઓનલાઇન દ્વારા 'વી રાઈઝ અવોર્ડ્સ એન્ડ બિઝનેસ કોન્કલેવ-૨૦૨૫'ની બીજી આવૃત્તિ માર્ચમાં યોજાશે

I અમદાવાદ, તા.૧૯ I

ફોકસ ઓનલાઈન દ્વારા 'વી રાઈઝ અવોર્ડ્સ'ની આગામી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી છે. ગત વર્ષે ફોકસ ઓનલાઈન દ્વારા વી રાઈઝ અવોર્ડ્સની પરિકલ્પના કરવામાં આવી અને તેની પ્રથમ આવૃત્તિએ બહોળો પ્રતિસાદ મેળવ્યો હતો. જે બાદ આયોજકો દ્વારા 'વી રાઈઝ અવોર્ડ્સ એન્ડ બિઝનેસ કોક્લેવ-૨૦૨૫'ની બીજી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી છે. આ સમારંભ ૯ -માર્ચ ૨૦૨૫માં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે યોજાશે.

શિક્ષણવિદો, આંત્રપ્રિન્યોર્સ અને ઈનોવેટર્સ સહિત સકારાત્મક બદલાવ લાવવા માટે ઉત્સાહીઓને આ એવોર્ડ્સમાં તેમના નોમિનેશન માટે આમંત્રિત કરવામાં આવે છે, કારણકે આયોજકોનું માનવું છે કે ઓળખ કે માન્યતા મળવી એ સૌથી મોટી પ્રેરક બાબત છે. નોમિનેટ થવાથી આત્મસન્માન અને આત્મવિશ્વાસ વધે છે તથા નોમિનેટ થનાર વ્યક્તિને તેમના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા જાળવી રાખવા માટે પ્રોત્સાહન મળે છે. આ ઉપરાંત જ્યારે લોકો એક ટીમની જેમ નોમિનેટ થાય છે અથવા એકસાથે જીતે છે, ત્યારે



તે એકતા, સહયોગ અને સહિયારી સફળતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે.

આ અવોર્ડ્સ માટેના નોમિનેશન્સ સહિતની વિગતોની જાહેર કરતા આયોજકોએ જણાવ્યું, "આ એવોર્ડમાં ભાગ લેવા દરેક વ્યક્તિગત કે સંસ્થા આવકાર્ય છે. રસ ધરાવતા સહભાગીઓએ અમારી વેબસાઈટ પર જોડાયેલ નોમિનેશન ફોર્મ ભરીને તેમની પ્રોફાઈલ નામાંકિત કરવાની રહેશે અને જે અમારી ટીમ દ્વારા સીધા જ ઈમેઈલ, વ્હોટ્સએપ વગેરેના માધ્યમથી મોકલી શકાય છે. નોમિનેશનની પ્રક્રિયા બાદ સંચાલક સમિતિ દ્વારા નોમિનેટેડ વ્યક્તિઓની સિદ્ધિઓ, અનુભવ, સમાજમાં યોગદાન અને તેમણે પસંદ કરેલા એવોર્ડના આધારે સમીક્ષા કરવામાં આવશે. ત્યારબાદ પસંદ પામેલા નોમિનેશનને જાણ કરવામાં આવશે. પ્રોફાઈલ પસંદ થઈ જાય તે પછી જ નોમિનેશન ફી લાગુ થશે. તમામ પસંદ કરેલા એવોર્ડીને અમારા ભવ્ય અવોર્ડ સમારોહમાં આમંત્રિત કરવામાં આવશે, જ્યાં જાણીતા મહેમાનો અને વક્તાઓ દ્વારા અવોર્ડ એનાયત કરવામાં આવશે."

આયોજકોએ વધુમાં જણાવ્યું, "વી રાઈઝ તે ઉદ્યોગ જગતના અગ્રણીઓને સન્માનિત કરે છે, જેઓ નવીનતાને આગળ ધપાવી રહ્યા છે, શિક્ષણને પ્રોત્સાહન આપી રહ્યા છે અને સમાજનું સશક્તિકરણ કરી રહ્યા છે. આ સમારંભ પરિવર્તનકર્તાઓ, વિચારકો અને સ્વપ્નને સાકાર કરનારા લોકોને એક છત નીચે એકસાથે લાવે છે, જેથી તેમણે આપેલા યોગદાનની ઉજવણી કરી શકાય. આ સાથે જાણીતી સંસ્થાઓ, કોર્પોરેટ્સ, બ્યૂટી એન્ડ ફેશન ઈન્ડસ્ટ્રીઝ સહિતની તમામ ઈન્ડસ્ટ્રીઝને સ્પોન્સર્સ તરીકે જોડાવાની તક પૂરી પાડે છે. અવોર્ડ્સના સ્પોન્સર્સ તરીકે જોડાઈ તેઓ સમાજમાં સકારાત્મક બદલાવ લાવનારા લોકોને સમ્માનિત કરી તેઓનું પ્રેરક બળ બની શકે છે."

## હિન્દીએ ઉત્તર ભારતની સ્થાનિક ભાષાને ખતમ કરી

I (એજન્સી) ચેન્નાઈ, તા.૧૯ I

તમિલનાડુના નાયબ મુખ્યમંત્રી ઉદયનિધિ સ્ટાલિનને જાહેર મંચ પર સનાતન ધર્મનો વિરોધ કર્યા બાદ હવે હિન્દી ભાષા પર નિશાનો સાધ્યો છે. સ્ટાલિને ચેતવણી આપી કે, હિન્દીના કારણે તમિળ ભાષા ખતમ થઈ શકે છે. આ દરમિયાન ફંડના મામલે વડાપ્રધાન અને કેન્દ્ર સરકાર પર પણ સવાલ કરવામાં આવ્યા. ૨૦૨૩માં સ્ટાલિને સનાતન ધર્મની તુલના કોવિડ જેવી બીમારી સાથે કરી હતી. મંગળવારે રાજધાની ચેન્નઈમાં વિપક્ષી ગઠબંધન INDIAની પાર્ટીએ કેન્દ્ર સરકાર સામે દેખાવ કર્યો હતો. મળતી માહિતી મુજબ, આ દરમિયાન સ્ટાલિને કહ્યું કે, હિન્દીએ ઉત્તર ભારતના રાજ્યોની સ્થાનિક ભાષા જેમ કે, રાજસ્થાની, હરિયાણવી, ભોજપુરી અને અન્ય બિહારી ભાષાને ખતમ કરી દીધી છે અને પ્રમુખ સ્થાનિક ભાષા બની ગઈ છે. જો તમિલનાડુમાં તેને લાગુ કરવામાં આવશે.

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
ઇલેક્ટ્રિકલ કાર્યો
ઈ-ટેન્ડર - નોટિસ સંખ્યા : Sr.DEE/TR/ ADI/11 (2024-25) તારીખ - 17.02.2025 ટેન્ડર સંખ્યા : EL-TRD-ADI-T-10-2024-25 કાર્યનું નામ : રેલવે વિસ્તારમાં બે વર્ષ માટે અમદાવાદ વિભાગની પાવર સપ્લાય ઇન્સ્ટોલેશન (PSI) અને નોન-પાવર બ્લોક ઓવરહેડ ઇક્વિપમેન્ટ (OHE) જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ.અંદાજિત કિંમત : ₹3,75,53,088.08/- અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹3,37,800/- ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય : 18.03.2025 ના રોજ 15:00 કલાક સુધી. ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય : 18.03.2025 ના રોજ 15.30 કલાકે. ઓફિસનું સરનામું : સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 652345 વેબસાઇટ સરનામું : www.ireps.gov.in 327
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
ત્વરિત પાણી પુરવઠા પ્રણાલીની સ્થાપના માટે કરાર કામ
ઈ-ટેન્ડર - નોટિસ સં : DRM (M) ADI/56/2024-25 તારીખ 18.02.2025 નીચેના કામ માટે પાત્ર કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. કામનું નામ : સાબરમતી સ્ટેશન (SBIB) ખાતે ત્વરિત પાણી પુરવઠા પ્રણાલીની સ્થાપના માટે કરારનું કામ. કરારનો સમયગાળો : 42 મહિના (ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ માટે 6 મહિના, 12 મહિનાની વોરંટી અને 24 મહિના CAMOC) ટેન્ડર સંખ્યા : M 137/1/3/PWP/2024-25 કામનો અંદાજિત ખર્ચ : ₹3,18,20,124.42/- (રૂપિયા ત્રણ કરોડ અઢાર લાખ વીસ હજાર એકસો ચોવીસ અને બેતાલીસ પૈસા માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ (બિડ સિક્યોરિટી): ₹3,09,200/- (રૂપિયા ત્રણ લાખ નવ હજાર બેસો માત્ર) ટેન્ડર બંધ કરવાની અને ખોલવાની તારીખ અને સમય : બંધ થવાનો સમય તારીખ : 11/03/2025 ના રોજ 15:00 કલાક સુધી, ખુલવાનો સમય તારીખ : 11/03/2025 ના રોજ 15:30 કલાકે. વેબસાઇટ સરનામું, નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની માહિતી ઉપલબ્ધ હશે, જે ઓફિસમાંથી ટેન્ડર મંગાવવામાં આવ્યા છે તેનું સરનામું : વરિષ્ઠ. ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયરિંગ (સમ.) - અમદાવાદ ઓફિસ, બીજો માળ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નરોડા રોડ, પોસ્ટ : સૈજપુર બોઘા, અમદાવાદ - 382 345 http://www.ireps .gov.in 328
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# હરિયાણામાં કોંગ્રેસને મોટો ઝટકો

હરિયાણામાં ૨ માર્ચે નાગરિક ચૂંટણી યોજાવાની છે અને તે પહેલા કરનાલમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના ૫૦ જેટલા નેતાઓ ભાજપમાં જોડાયા છે. આ દરમિયાન મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની અને પ્રદેશ અધ્યક્ષ મોહન લાલ બડોલી પણ હાજર હતા. ભાજપમાં સામેલ થયેલા નેતાઓમાં હરિયાણા લઘુમતી આયોગના પૂર્વ અધ્યક્ષ ત્રિલોચન સિંહ, કોંગ્રેસના પૂર્વ જિલ્લા અધ્યક્ષ અશોક ખુરાના, કરનાલ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભૂતપૂર્વ અધ્યક્ષ બલવિંદર કાલરાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત છઁ નેતા સંજય બિંદલ, કોંગ્રેસ ંભ્ઞ સેલના જિલ્લા અધ્યક્ષ સંજય ચંદેલ અને ઘણા પૂર્વ કાઉન્સિલરો પણ ભાજપમાં જોડાયા હતા. કોંગ્રેસ નેતા નિટ્ટુ માન પણ ભાજપમાં જોડાયા છે. કરનાલ બેઠક ભાજપનો ગઢ માનવામાં આવે છે અને કોંગ્રેસના વધુ કેટલાક નેતાઓના આગમનથી પાર્ટી મજબૂત થશે. અહીંથી ભાજપે રેણુ બાલા ગુપ્તાને મેયરના ઉમેદવાર બનાવ્યા છે. સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું, 'હું બીજેપી નેતાઓનું સ્વાગત કરું છું. તમારા સહયોગથી અમારી તાકાત વધશે અને અમે સંપૂર્ણ સમર્પણ સાથે જનતાની સેવા કરી શકીશું. આ નેતાઓએ કોંગ્રેસ છોડ્યા બાદ પાર્ટીમાં ભારે ખળભળાટ મચી ગયો છે.' કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું કે, પૂર્વ ડેપ્યુટી મેયર મનોજ વાધવાને મેયરના ઉમેદવાર બનાવવામાં આવતા લોકો નિરાશ થયા છે. પાર્ટીના લોકો તેમને પસંદ નથી કરતા અને આ કારણે તેમણે રાજીનામું આપ્યું છે. કોંગ્રેસ છોડવાના સમાચાર બાદ પાર્ટીના નેતાઓ પણ બળવાખોરોને મળ્યા હતા. મેયરના ઉમેદવાર મનોજ વાધવા પોતે અનેક આગેવાનોના સ્થળોએ પહોંચીને તેમને સમજાવવાના પ્રયાસો કર્યા હતા. જો કે, તેના પ્રયત્નોની કોઈ ખાસ અસર જોવા મળી ન હતી. તેમને ઉમેદવાર બનાવવાથી નારાજ નેતાઓએ કહ્યું હતુ કે તેઓ ભાજપમાં જોડાશે અને બપોરે યોજાયેલા કાર્યક્રમમાં સભ્યપદ લઈ લેશે. ત્રિલોચન સિંહે કહ્યું કે, હું ભાજપમાં જોડાયો છું. કોંગ્રેસ હવે જનહિતના મુદ્દાઓથી ભટકી રહી છે. એટલા માટે મેં પાર્ટી છોડી દીધી છે. આ દરમિયાન તેમણે બે વખત ચૂંટણી લડવાની તક આપવા બદલ કોંગ્રેસ નેતૃત્વનો આભાર માન્યો હતો. આ સિવાય તેમને લઘુમતી આયોગના અધ્યક્ષ પણ બનાવવામાં આવ્યા હતા. જ્યારે કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ભાજપે નેતાઓ પર દબાણ કર્યું છે. આ કારણે ત્રિલોચન સિંહ સહિત અનેક લોકોએ રાજીનામું આપી દીધું છે.

## ભારત હવે ફોલોવર રહ્યું નથી, તે હવે અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યું છેઃ ડો. જિતેન્દ્ર સિંહ

ભારતનું અંતરિક્ષ ક્ષેત્ર અગ્રેસર બન્યુંઃ ચંદ્રયાન-૩થી લઈને ભારતીય અંતરીક્ષ સ્ટેશન સુધી દેશ અંતરિક્ષ સંશોધનમાં વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવ્યો. ડીએનએ આધારિત કોવિડ-૧૯ રસી અને સર્વાઇકલ કેન્સર માટે પ્રથમ હર્પીઝવાયરસ રસી સાથે ભારત વૈશ્વિક હેલ્થકેર નવીનતામાં મોખરે છે. ભારતની બાયોઇકોનોમી તેજીઃ ૧૦ અબજ ડોલરથી ૧૪૦ અબજ ડોલર સુધી, સમૃદ્ધ બાયોટેક સ્ટાર્ટઅપ્સ સાથે ૨૫૦ અબજ ડોલર સુધી પહોંચવાની તૈયારીમાં, ભારત અંતરિક્ષ જીવવિજ્ઞાન ક્ષેત્રે અગ્રેસરઃ અંતરિક્ષ ચિકિત્સા અને પૃથ્વીથી આગળ ટકાઉ જીવનમાં સંશોધનને આગળ ધપાવવું. સસ્ટેઇનેબિલિટી અને ગ્લોબલ ક્લાઈમેટ લીડરશીપને વેગ આપવા માટે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતનુ પરમાણુ ઊર્જા વિઝન ૧૦૦ ગીગાવોટ, ૨૦૩૦ સુધીમાં વૈજ્ઞાનિક પ્રકાશનોમાં વર્લ્ડનું નેતૃત્વ કરવા માટે તૈયાર, ગ્લોબલ રિસર્ચ પાવરહાઉસ તરીકે ભારત રાઇઝ થાય છે. ભારતનું અંતરિક્ષ અર્થતંત્ર ૧૦ ગણી વૃદ્ધિ, વિજ્ઞાન અને જૈવઉત્પાદનમાં વૈશ્વિક નેતૃત્વને મજબૂત કરવા માટે સજ્જ, કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી (સ્વતંત્ર હવાલો) પૃથ્વી વિજ્ઞાન અને પીએમઓ, પરમાણુ ઊર્જા વિભાગ, અવકાશ વિભાગ, કાર્મિક, જાહેર ફરિયાદો અને પેન્શન વિભાગનાં રાજ્ય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત હવે માત્ર અનુયાયી જ નથી રહ્યું, પરંતુ હવે તે વૈશ્વિક માપદંડો સ્થાપિત કરી રહ્યું છે, જે વિવિધ ક્ષેત્રોમાં નેતૃત્વ અને અગ્રણી નવીનતાઓ પ્રદાન કરે છે. તેમણે અંતરિક્ષ, જૈવ પ્રૌદ્યોગિકી અને પરમાણુ ઊર્જા વગેરે ક્ષેત્રોમાં તાજેતરનાં વર્ષોમાં ભારતે કરેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો, જેણે પોતાને વૈશ્વિક મંચ પર મુખ્ય ખેલાડી તરીકે સ્થાન આપ્યું છે. ડૉ. જિતેન્દ્ર સિંહે ધ્યાન દોર્યું હતું કે, ભારતનાં અંતરિક્ષ ક્ષેત્રમાં અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળ્યું છે, જેમાં મહત્ત્વાકાંક્ષી મિશનો અને આંતરરાષ્ટ્રીય જોડાણોમાં વધારો થયો છે. સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ (SpaDeX) ભારતની ટેકનોલોજીકલ પ્રગતિનું પ્રમાણ છે, જે ગગનયાન, ચંદ્રયાન-૪ અને ભારતનું આગામી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન ભારતીય અંતરીક્ષ સ્ટેશન સહિત ભવિષ્યનાં અંતરિક્ષ અભિયાનો માટે માર્ગ મોકળો કરે છે. ભારત ઉપગ્રહ પ્રક્ષેપણ માટે પસંદગીના સ્થળ તરીકે પણ ઉભરી આવ્યું છે, જેણે વૈશ્વિક સ્તરે વિશ્વસનીયતા મેળવી છે. રાષ્ટ્રએ સફળતા પૂર્વક ૪૩૩ વિદેશી ઉપગ્રહોનું પ્રક્ષેપણ કર્યું છે, જેમાંથી ૩૯૬ને ફક્ત છેલ્લા દાયકામાં જ તૈનાત કરવામાં આવ્યા હતા, જેણે ૨૦૧૪-૨૦૨૩ સુધીમાં ૧૫૭ મિલિયન ડોલર અને ૨૬૦ મિલિયન યુરોની આવક પેદા કરી હતી. ચંદ્રયાન-૩ની ઐતિહાસિક સફળતા, જેણે ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક ઉતરનાર પ્રથમ દેશ બનાવ્યો હતો, તેણે ચંદ્રના સંશોધનમાં ઈસરોને સૌથી આગળ સ્થાન આપ્યું છે. નાસા સહિતની વિશ્વની અગ્રણી અવકાશ એજન્સીઓ હવે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પરથી ભારતના તારણોની રાહ જોઈ રહી છે, જે એક સીમાચિહ્નરૂપ છે જે અવકાશ સંશોધનમાં રાષ્ટ્રના વધતા પ્રભુત્વને રેખાંકિત કરે છે. મંત્રીશ્રીએ બાયોટેકનોલોજી અને બાયોઇકોનોમીમાં ભારતની પથપ્રદર્શક ભૂમિકા વિશે પણ જણાવ્યું હતું. ભારત ડીએનએ-આધારિત કોવિડ -૧૯ રસી વિકસિત કરનારો પ્રથમ દેશ બન્યો હતો, જેણે રસી સંશોધન અને વિકાસમાં તેના નેતૃત્વને દર્શાવ્યું હતું. તદુપરાંત, ભારતે સર્વાઇકલ કેન્સર માટે પ્રથમ હર્પીઝવાયરસ રસી રજૂ કરી છે, જે નિવારક આરોગ્યસંભાળમાં અગ્રણી તરીકેની તેની સ્થિતિને મજબૂત કરે છે. ભારતની બાયોઇકોનોમી ૨૦૧૪માં ૧૦ અબજ ડોલરથી વધીને આજે લગભગ ૧૪૦ અબજ ડોલર થઈ ગઈ છે, જેમાં આગામી વર્ષોમાં ૨૫૦ અબજ ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. બાયોટેક સ્ટાર્ટઅપ્સની સંખ્યા વર્ષ ૨૦૧૪માં માત્ર ૫૦ હતી, જે અત્યારે વધીને ૯,૦૦૦ થઈ ગઈ છે, જેણે ભારતને બાયોટેક ઈનોવેશનનું વૈશ્વિક કેન્દ્ર બનાવ્યું છે. બાયો-મેન્યુફેક્ચરિંગમાં, ભારત હવે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ત્રીજા ક્રમે છે અને વૈશ્વિક સ્તરે ૧૨ મા ક્રમે છે, તેની અસર ઝડપથી વિસ્તરી રહી છે. ભારતે અવકાશ જીવવિજ્ઞાનમાં પણ એક સાહસિક પગલું ભર્યું છે, જેણે પૃથ્વીની પેલે પાર માનવ અસ્તિત્વનો પાયો નાખ્યો છે.

**પરમ કૃપાળુ પરમાત્મા ના જીવન પ્રત્યેના અનન્ય પ્રેમને પરિણામે આ પ્રકૃતિ તત્વ આપણને સતત મદદ કરી રહી છે એ સમજાતા જ પરમતત્ત્વ પ્રત્યે પ્રેમ થાય છે**

# નીરખ નેં ગગનમાં કોણ ઘુમી રહ્યો! એ પદ થકી જગદીશ્વરની અકળ લીલાનો પાર પામીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નરસિંહ તો નરસિંહ છે, તેની ભક્તિની તોલે કોણ આવી શકે?, અને આ રચના જ્યારે પણ રચાઈ હશે, ત્યારે તેની કક્ષા તો ભાવ શું રહ્યાં, તે આપણે કદાચ કલ્પના પણ શકીએ નહીં! આપણે તો ફક્ત એ રચનાનો બને તેટલો નિષ્પ ક્ષ ભાવાર્થ કરી, રચનાનો આસ્વાદ લઈ શકીએ, અને છતાં પણ આપણને અત્યારે પૂર્ણતઃ આનંદ આપી રહી છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જીવનમાં જાગૃતિ અને જાગરણનું મહત્વ સમજાવનાર નાગર નરસૈયા વિશે આપણે પ્રાર્થનાનાં ક્રમમાં ચિંતન કરી રહ્યા છીએ, પણ ચિંતનમાં રજા રહેવાની હોવાથી માનસ શહીદની કથા પૂરી, અને પછી નાનીમા ની જવાબદારી ને કારણે વળી રજા રહી. પણ નરસિંહ જાગૃતિનાં કવિ છે એમણે જાગૃતિ બરકરાર રાખી, એમની રચનાઓ એ આપણા જેવા આમ જીવ માટે પણ અધ્યાત્મ સરળ બનાવ્યું છે! અથવા તો એમ કહો કે નાની નાની બાબતોમાં જો જાગૃતિ આવી જાય તો યોગ કે અધ્યાત્મનાં પ્રયોગો કરવાની જરૂર પડતી નથી! જગત જગદીશ્વરની અકળ દેખાતી લીલાનો પાર રમતવાતમાં મળી જાય છે. આશ્ચર્યની વાત તો ત્યાં છે, કે આજે પણ એ રચના ઓ જીવને જગાડી શકે છે. કહેવાતા નાગરો માટે પણ ખરેખર વિચાર માંગી લે તેવું નાગર તત્વ, વિશ્વમાં ભક્ત અને ભગવાનનો અતૂટ સંબંધ ઉજાગર કરવા જ જાણે ધરતી પર આવ્યું હશે. ગઈ રચનામાં આપણે જીવનને સકારાત્મક તરફ લઈ જવું હોય, તો એ વિશેનું ચિંતન કર્યું, એટલે કે હું પણું છોડીએ તો જ હકાર તરફ ગતિ થાય, અને હકાર તરફ ગતિ કરવા માટે પરમ કૃપાળુ પરમાત્માનું અસ્તિત્વના કણ કણમાં દર્શન કરવું બહુ જ જરૂરી બને છે. તો આજે આપણે પ્રકૃતિ સાથે સંવાદાત્મક ભૂમિકા કરતા નરસૈયાનું એક પદ જોઈએ.

**નરસિંહ મહેતા**
**નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો**
**તે જ હું તે જ હું શબ્દ બોલે**
**શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણ**
**અહીંયા કો નથી કૃષ્ણ તોલે.**

આકાશ તરફ દ્રષ્ટિ કરી અને કવિ કહે છે, કે અંતર ચિત્તથી તું નીરખી અને જો તો તને પણ દેખાશે, કે કોઈ સતત આમાં વસી રહ્યું છે,કે ઘૂમી રહ્યું છે, અને તે જ હું તે જ હું છું એમ સતત બોલી મારું ધ્યાન આકર્ષી રહ્યું છે. કોઈ તો એવું પરમ તત્વ છે, જે સતત મને રક્ષી પણ રહ્યું છે. તત્વતઃ તેના કારણે જ હું જીવંત છું, અને જ્યારે પણ મૃત્યુ આવે ત્યારે તેના ચરણે જ આવે એવી મનવાંછિત ઈચ્છા પણ છે. કૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિ ને કારણે પોતાના મૃત્યુની ઘડી તેના ચરણોમાં આવે એવું ઈચ્છે છે અને કૃષ્ણની તોલે કોઈ જ આવી ન શકે એવું કહે છે. સંસારની તમામ ઉપલબ્ધિઓ એક બાજુ અને એક બાજુ કૃષ્ણ ઉભા રહે, તો કૃષ્ણનું પલ્લું જ મારી માટે હંમેશા મહત્વનું છે.

**શ્યામ શોભા ઘણી, બુદ્ધિના શકે કળી,**
**અનંત ઓચ્છવમાં પંથ ભૂલી,**
**જડ ને ચૈતન્ય રસ કરી જાણવો,**
**પકડી પ્રેમે સજીવન મૂડી.**

પ્રકૃતિના એક એક કણમાં તું છુપાયો છે, અને તેથી જ તો પ્રકૃતિ આટલી અત્યંત શોભાયમાન છે. છતાં જીવની બુદ્ધિ ત્યાં સુધી જતી નથી, અને તેથી તને કળી શકાતું નથી. દુનિયાના વ્યહેવારોના તહેવારોમાં જીવ આ બધું જોવાનું ચૂકી જાય છે. એટલે કે પ્રકૃતિને માણવાનું ભૂલીને, અન્ય ગતિવિધિઓમાં રચ્યોપચ્યો રહે છે. તેથી જ તે તારી તરફ આ પ્રકૃતિ પણ લઈ જઈ શકે,એ ભૂલી જાય છે. જડ અને ચૈતન્ય બંનેમાં તું તત્વતઃ બિરાજમાન છો, છતાં અમારી દ્રષ્ટિની કમજોરીને કારણે તે જોઈ શકાતું નથી.પ્રેમ એ જ એક એવી સજીવન કરનારી મૂડી છે, એટલે કે જીવને સાચું જીવાડનાર કોઈ તત્ત્વ હોય તો તે પરમ પ્રેમ છે. તે જ્યારે પકડમાં આવે, અથવા તો તે સમજાય તો, જડ અને ચૈતન્યમાંથી પણ રસ વહેતો તેને દેખાય.

**ઝળહળ જ્યોત ઉદ્યાન રવિકોટમાં**
**હેમની કોર જ્યાં નીસરે તોલે**
**સચ્ચિદાનંદ આનંદ-ક્રીડા કરે**
**સોનાના પારણા માંહી ઝૂલે.**

પ્રકૃતિમાં આ ઝળહળતો સૂર્ય એ શું છે? દુનિયાના બગીચામાં તેના જેવી ઉત્તમ જ્યોત બીજી એક પણ નથી, સોનાનાં મોલ પણ જ્યાં ઓછા થાય, તેવો આ સૂર્યનો સોનેરી પ્રકાશ છે. જો એ સમજાઈ જાય,, અથવા તો એ રીતે નજરે ચડે, તો સચ્ચિદાનંદ આનંદ ને ક્રીડા કરતો ક્ષણે ક્ષણે અનુભવી શકાય, કે જે સૂર્ય પ્રકાશ રુપે પથરાઈ રહ્યો છે, અને બિલકુલ ઘોડિયામાં સૂતેલા બાળક પર પડે તો એ પારણું સોનાનું દિસે, અથવા તો ઈશ્વરત્વ સમજાઈ જાય તો ક્ષણેક્ષણ સોનું પ્રાપ્ત થયું હોય તેમ સુખમાં કે આનંદમાં વિતી જાય.

**બત્તી વિણ, તેલ વિણ, સૂર્ય વિણ જો વળી**
**અચળ ઝળકે સદા અનળ દીવો**
**નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો**
**વણજિહ્વાએ રસ સરસ પીવો.**

સામાન્ય રીતે દીપક પ્રગટાવવો હોય તો વાટ અને તેલ બંને જોઈએ, પરંતુ આ સૂર્ય નામનો દિપક તો વાટ અને તેલ વગર રોજ સતત પ્રકાશી રહ્યો છે, જેને આંખ વગર મહેસૂસ કરી એ અથવાતો અનુભવીએ, અને પ્રત્યક્ષ અપ્રત્યક્ષ બંને રીતે તેના કર્મ સમજીએ, તો આ સત્યનું રહસ્ય પકડાય છે, અને જીભ વગર પી શકાય એવો ઉત્તમ રસ આપે છે.પરમ કૃપાળુ પરમાત્મા ના જીવન પ્રત્યેના અનન્ય પ્રેમને પરિણામે આ પ્રકૃતિ તત્વ આપણને સતત મદદ કરી રહી છે એ સમજાતા જ પરમતત્ત્વ પ્રત્યે પ્રેમ થાય છે, અને તેથી એ પ્રેમ રસનું પાન વગર જીહ્વા એ પણ જીવને આનંદિત કરે છે.

**અકળ અવિનાશી એ, નવ જાયે કળ્યો**
**અરધ-ઊરધની માંહે મહાલે**
**નરસૈંયાનો સ્વામી સકળ વ્યાપી રહ્યો**
**પ્રેમના તંતમાં સંત ઝાલે.**

સકલ વિશ્વના કણકણમાં વ્યાપ્ત એવો એ પરમ કૃપાળુ પરમાત્મા અથવા તો હરિ અકળ છે, અવિનાશી છે, તેને સમજવો ઘણો જ અઘરો છે. વાતો તો આપણે ઘણી મોટી મોટી કરીએ, અને એ વિશેનું ચિંતન પણ કરીએ. પરંતુ તેને અનુભવવો એ એટલો સરળ નથી. અહીં-તહીં બધી જગ્યાએ જ્યાં તે વસી રહ્યો છે, તેવું સતત જ્ઞાન હોવા છતાં, પણ નરસૈયાનો સ્વામી પ્રેમ નામના પરમ પ્રદાર્થ વગર અનુભવો અશક્ય છે. અને એ પરમ પ્રેમને કોઈ સંત દ્વારા સમજીએ, તો જ કણકણમાં વ્યાપ્ત હરિ સમજાય છે, અને તે અનુભવાય પણ છે. નરસિંહ તો નરસિંહ છે, તેની ભક્તિની તોલે કોણ આવી શકે?, અને આ રચના જ્યારે પણ રચાઈ હશે, ત્યારે તેની કક્ષા અથવા તો ભાવ શું રહ્યાં, તે આપણે કદાચ કલ્પના પણ શકીએ નહીં! આપણે તો ફક્ત એ રચનાનો બને તેટલો નિષ્પક્ષ ભાવાર્થ કરી, રચનાનો આસ્વાદ લઈ શકીએ, અને છતાં પણ આપણને અત્યારે પૂર્ણતઃ આનંદ આપી રહી છે. બસ બીજું કંઈ ન કરી શકીએ, તો તેણે અથવા તો આ રચનામાં બતાવ્યું, એ નજરથી પ્રકૃતિને નિહાળવાનું શરુ કરીએ, તો ધીરે-ધીરે ક્યારેક નરસૈંનો સ્વામી આપણી સમજમાં પણ આવશે, અને થોડો થોડો પરમ પ્રેમરસ આપણે પણ ચાખી શકીશું. પરંતુ એની માટે થઈને પ્રાકૃતિક તત્વોને પ્રેમ કરતા શીખવું પડશે, તેની મુક વાણીને સમજવી પડશે, અને સૌ પ્રત્યે સંવેદના વહાવવી પડશે, અને જીવનને એક નવા આયામ પર લઈ જઈ, નવી રીતે જીવવાનું શરૂ કરવું પડશે. કે જ્યાં ફક્ત હું અને મારું નહીં, પણ આપણું એવો ભાવ રાખી અને જોવું પડશે. સમાજમાં શિક્ષણનું સ્તર જેમ ઊંચું થતું જાય છે, અને જાણકારીની રીતે બૌદ્ધિકતા પણ વધતી જાય છે. પરંતુ જે અન્યના અસ્તિત્વને સ્વીકારી પ્રેમ કરવા દે નહીં, અને વધુને વધુ પોતાની જાતની સુખ-સગવડમાં રચ્યો પચ્યો રહે, એવું જીવન અંતે ભાર ઉત્પન્ન કરનાર જ છે. એ સત્ય જ્યારે સમજાય ત્યારે જ પ્રકૃતિને માણી શકાય. તો નરસૈયાની નજરથી પ્રકૃતિનું મુલ્યાંકન કરીને સૌ એ પરમ પ્રેમ તત્વને અનુભવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**સંસારના જડ પદાર્થો સાથે અતિ સ્નેહ કરવાથી જડાધ્યાસ પણ વધે છે, તપથી અંતઃકરણની જડશુદ્ધિ થાય છે, ને બ્રહ્મસુખ મળે છે**

# તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમને વિચલિત કરતી વસ્તુઓથી દૂર રહો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી, ખરો જ્ઞાની એ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે, ઈશ્વર વિના સંસારના જડ પદાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઇ શકે નહીં, હું શરીર નથી, હું સર્વનો સાક્ષી ચેતન આત્મા આનંદરૂપ છું, એવું બ્રહ્મ જ્ઞાન થયા પછી પણ તેને સંસાર ના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્મા નંદ મળશે નહીં, બ્રહ્મજ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઇ પણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં.**

છત્રપતિ શિવાજી મહારાજની જન્મ જયંતિ ગઈકાલે ઉજવવામાં આવી આવા વીર યોદ્ધાઓને આજે પણ યાદ કરતાં ગૌરવની લાગણી અનુભવી અશ્રુ ભીની આંખે શ્રદ્ધા સુમન અર્પણ કરે છે.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ છ ચોરો પડેલા છેઃકામ,ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સર. આ વિકારો પાછળ આવે છે.આ વિકારોને વશ ન થઈ ઘરમાં રહે તો થર બાધક થતું નથી. આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવા નું સહેલું છે. ગૃહસ્થાશ્રમના કિલ્લામાં રહીને લડવું એ ઉત્તમ છે.છ શત્રુઓ વન માં જાવ તો તમારી સાથે આવે છે અને પજવે છે. સુખી થવું હોય તો તમારી ઉંમરના ચાલીસમા વર્ષે સંસાસથી વધારે સંકલવા લાગો અને એકાવન વર્ષે વનમાં જાવ. બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થવાની સલાહ આપે છે. વ્યવહાર કરો પણ એવી રીતે કરો કે,પુનર્જન્મનું બીજોરોપણ ન થાય રાગદ્વેષ વગર કરેલો વ્યવહાર મનુષ્યને બંધનરૂપ થતો નથી. એવો જીવનમુક્ત પુરુષ શરીરના અભિમાનથી રહિત થાય છે, તેથી તેને બીજો દેહ મળતો નથી.રાજા પ્રિયવ્રત લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થયો.તેના પછી આગ્નિધ્નગાદી ઉપર આવ્યો. તે વનમાં તપ કરવા ગયો, ત્યાં એના ચિત્તમાં રહેલી પૂર્વજન્મની વાસના પૂર્વચિત્તિ વિઘ્ન કરવા આવી. ભોગવેલા વિષય-સુખનું સ્મરણ, મનમાં રહેલી સૂક્ષ્મ વાસના, પૂર્વનાં સંસ્કારો એ જ પૂર્વચિત્તિ છે. પૂર્વની વાસના જલદી છૂટતી નથી. ઈન્દ્રિયોને જે સુખ એક વખત આપ્યું તે ફરીથી માગશે. વિષયોમાં જ્યાં સુધી આકર્ષણ છે ત્યાં સુધી વિષયે ચ્છાનો નાશ થતો નથી,પણ વિષયોનું આકર્ષણ ન રહે તો વિષયેચ્છાનો વિનાશ છે. સંસારના વિષયો જ્યાં સુધી ગમે છેત્યાં સુધી આ જીવ જ્ઞાનભક્તિ માં આગળ વધી શકતો નથી. નિવૃત્તિ લઈ બેઠેલાનેયે પૂર્વચિત્તિ પજવે છે. આગ્નિધ્ન રાજા પૂર્વ ચિત્તિમાં ફસાયા છે. આગ્નિધ્નને ઘરે થયા નાભિ અને નાભિના ઘેર ઋષભદેવ પુત્રરૂપે પ્રગટ થયા. ઋષભદેવ જ્ઞાનનો અવતાર હતા. પરમહંસોનું વર્તન કેવું હોય તે બતાવવા ભગવાને ઋષભદેવજી રૂપે જન્મ લીધો, ઋષભ એટલે સર્વશ્રેષ્ઠ.તપ કરવા માટે છે.તપ ઋષભદેવજી વારંવાર ઉપદેશ કરે છે, માનવ જીવ ભોગ માટે નથી કરો અને સર્વમાં ઈશ્વર ને નિહાળો માનવશરીર વિષય સુખોમાં વેડફી નાખશો નહીં. જ્ઞાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું જોઇએ તે બતાવવા ઋષભદેવજીએ સર્વ સંગનો ત્યાગ કર્યો, સર્વનો ત્યાગ કર્યો. ઋષભદેવજી પાસે અનેક સિદ્ધિ ઓ આવેલી પણ તેમાં તેઓ ફસાતાનથી.ગૃહસ્થને પૈસો છોડવો કામસુખ છોડવુંએ અઘરું છે.પણ એનાથીયે અજીબ મહાત્માઓએ આ સિદ્ધિઓમાં થી છૂટવું તે છે.જ્ઞાની મહાત્માઓ ને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે, ઊભા થાય છે,બળદની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે છે મા ભરીને માર પડે છે. મને શું? હું કાંઈ શરીર નથી. શરીરથી આત્મા જુદો છે.તે જાણે છે પણ અનુભવે છે કોઈક. નાળિયેરમાં કાચલી-કોપરું એક નથી,છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરા ને છોડતી નથી. તેમ મનુષ્યમાંજ્યાં સુધી વિષયરસ છે, વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું એ આત્મા છે. પાણી એ વિષયરસ છે. સંસારની કોઈ વસ્તુમાં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છે.એમ લાગતું નથી. નામરૂપનો મોહ છૂટતો નથી, ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે એમ દેખાતું નથી. ઊલટો દેહા ધ્યાસ વધે છે. સંસારના જડ પદાર્થો સાથે અતિ સ્નેહ કરવાથી જડાધ્યાસ પણ વધે છે. તપથી અંતઃકરણની જડશુદ્ધિ થાય છે, ને બ્રહ્મસુખ મળે છે. બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી. ખરો જ્ઞાની એ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિના સંસારના જડ પદાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકે નહીં. હું શરીર નથી.હું સર્વનો સાક્ષી ચેતન આત્મા આનંદરૂપ છું,એવું બ્રહ્મ જ્ઞાન થયા પછી પણ તેને સંસાર ના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્મા નંદ મળશે નહીં. બ્રહ્મજ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઇ પણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં. કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં.જેઓ મૃત્યુરૂપ સંસારમાં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુએ ગુરુ નથી સ્વજનએ સ્વજન નથી,પિતા એ પિતા નથી અને માતા એ માતા નથી. એટલે કે ગુરુ, સ્વજન, પિતા માતા થવાને લાયક નથી. જ્ઞાનની સાત ભૂમિકાઓ યોગ વશિષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છેઃ શુભેચ્છા, સુવિચારણા તનુ માનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ પદાર્થ ભાવિની,તુર્યગા શુભેચ્છા ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગદર્શન પ્રમાણેઆત્માની સાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા સુવિચારણા વચનોનો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા ? સદગુરુએ ઉપ દેશ કરેલાં નિદિધ્યાસનથી શબ્દાદિ વિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે ર૬૫ સાક્ષાત્કાર પર્યંતની ભૂમિકાવાળો પુરુષ બુદ્ધિની તનુતા-સૂરમતા, પાત થાય છે. સત્ત્વાપત્તિ ઉપરના ત્રણની સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વાપત્તિ.જ્ઞાનની ચૌથી બ્રહ્મ વિતુ કહેવાય છે. અસંસક્તિ : ચિત્ત વિશે પરમાનંદ અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્માત્ય ભાવનાનો સાક્ષાત્કાર તે અસંસક્તિએમાં અવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ.પદાર્થ ભાવિની પદાર્થોની દઢ અપ્રતીતિ થાય છે તે તુયંગા ત્રણ અવસ્થાથી મુક્ત, બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા. આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે. બાકીની ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો, જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે, અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે. ઋષભદેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી. જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો. બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા. ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગિનિમાં સમજપૂર્વક પ્રવેશ કર્યો.દેહ બળે છે, આત્માને કંઈ થતું નથી. આવી આત્મનિષ્ઠાએ પરમહંસો માટે છે.ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી. ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા.જેના નામ પરથી આ દેશનું નામ ભરત ખંડ પડ્યું છે.ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે. તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવત ભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો. ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી. ભરતજી મહાવૈષ્ણવ હતા, તો પણ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્ય પરમાત્માને અર્પણ કરી શકો. પત્ની મહેનત વધુ કરે છે પણ અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી. ઈશ્વરની સાથે ખૂબ ચા કરતા હતા અગ્નિ તો ઠાકોર જીનું મુખ છે ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રી કૃષ્ણના ચરણમાં તેનું ફળ આપે છે પતિને.તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભને સમર્પે છે.સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે. સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી. ભરત નિષ્કામ ની ભાવથી કર્મ કરતાં અને તેનું પૂણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા. ભરતજી હરેક સત્કર્મની સમાપ્તિ વખતે બોલતા કે,આ કર્મથી મારા પ્રભુ પરમેશ્વર પ્રસા થાઓ. આ કર્મની સાથે કાંઈ લેવાદેવા નથી. એક દિવસ ભરતજીને જુવાનીમાં વૈરાગ્ય થયો.જુવાનીમાં વૈરાગ્ય આવે તે જ સાચો.ભક્તિ જુવાની માં જ થાય.વૃદ્ધાવસ્થામાં શરીરમાં શક્તિ ન હોય ત્યારે તમેભક્તિ કરી શકશો નહીં. તપશ્ચર્યા યૌવન માં થાય તે ખરી.શરીર દુર્બળ થયું પછી બ્રહ્મચર્ય પાળે તો કોઈ અર્થ નથી.રામચંદ્રજી યુવાનીમાં વનમાં ગયા છે. વનવાસ વખતે રામજીની ઉંમર ૨૭વર્ષની હતી અનેસીતાજી ૧૮ વર્ષનાં હતાં. રામજીએ યુવાનીમાં રાવણને માર્યો તમે પણ યુવાનીમાં રાવણને કામને મારો. વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે. જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થ નથી. જુવાનીમાં સંપત્તિ છે,સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય. વૈષ્ણવ, સુખસંપત્તિ, સ્ત્રી પુત્રાદિક આ બધું છે. પરંતુ આંખ બંધ થાય ત્યારે આમાંનું કાંઈ નથી.જન્મ પહેલાં જીવનાં કોઈ સગાં ન હતાં અને મૃત્યુ પછી કોઈ સગાં રહેવાના નથી. પ્રારંભમાં અને પરિણામમાં કોઈ નથી.આ વચ્ચે માયા ભરમાવે છે. એકવાર સ્વામીજી તેમના આશ્રમ માં એક નાના પાળેલા કૂતરા સાથે ફરતા હતા. ત્યારે અચાનક એક યુવક તેમના આશ્રમમાં આવ્યો અને તેમના ચરણોમાં માથું નમાવી ને બોલ્યો-'' સ્વામીજી,હું મારા જીવનથી ખૂબ જ પરેશાન છું. હું દરરોજ પ્રયત્નો કરું છું પણ આજ સુધી મને સફળતા મળી નથી. મને ખબર નથી કે ભગવાને મારા નસીબમાં શું લખ્યું છે કે આટલું ભણેલ હોવા છતાં હું અસફળ છું.'' સ્વામીજી તરત જ યુવાનની સમસ્યા સમજી ગયા. તેણે યુવકને કહ્યું -'' ભાઈ! મારા કૂતરાને ક્યાંક દૂર ફરવા લઈ જાઓ. ત્યાર બાદ હું તમારા પ્રશ્નોના જવાબ આપીશ.'' તેની વાત સાંભળીને યુવકને થોડું અજુગતું લાગ્યું, પણ તેણે ફરીથી કોઈ પ્રશ્ન ન પૂછ્યો અને કૂતરાનો પીછો કરતાં આગળ વધ્યો. કૂતરાને ફરવા લઈ ગયા પછી જ્યારે એક યુવક આશ્રમ પહોંચ્યો ત્યારે તેણે જોયું કે યુવકનો ચહેરો ચમકીલો હતો પણ તેનો નાનો કૂતરો થાકને કારણે જોર જોરથી હાંફતો હતો. સ્વામીજીએ પૂછ્યું, “ભાઈ, મારો કૂતરો આટલો થાકી ગયો કેવી રીતે? તમે ખૂબ જ શાંત દેખાઈ રહ્યા છો. તમે થાકેલા નથી?'' યુવકે કહ્યું,'' સ્વામીજી, હું ધીરે ધીરે અને આરામથી ચાલી રહ્યો હતો, પરંતુ મારો કૂતરો બેચેન હતો. તે બધા પ્રાણીઓની પાછળ દોડતો હતો, તેથી જ તે ખૂબ થાકી ગયો હતો.'' ત્યારે વિવેકાનંદે કહ્યું, “ભાઈ, આ તમારા પ્રશ્નોનો જવાબ છે! તમારું ધ્યેય તમારી આસપાસ છે, પણ તમે તેનાથી દૂર ભાગો છો. તમે બીજા લોકોની પાછળ દોડતા રહો છો અને તમે જે ઈચ્છો છો તે જતું રહે છે.'' વિવેકાનંદના જવાબથી સંતુષ્ટ થઈને યુવકે પોતાની ભૂલ સુધારવાનું નક્કી કર્યું. બોધપાઠઃ- તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરો અને તમને વિચલિત કરતી વસ્તુઓથી દૂર રહો. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે વિદ્યાર્થી ભાઈ બહેનોને કહેવાનું કે આવા વિચારો થકી એકાગ્રતા વધે તેવા પ્રયત્નો કરી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ સાથે અસ્તુ.

### રશ્મિકા ફિલ્મના સેટ પર આવી

## સફળ ફિલ્મોની હેટ્રીક આપનારી હીરોઈને સલમાનને આપી રાહત






બોક્સ ઓફિસ પર એક જ દિવસમાં ધમાકો કરનારી ફિલ્મ છાવાની હીરોઈન રશ્મિકા મંદાના તેની સફળ હિન્દી ફિલ્મોની હેટ્રિક એન્જોય કરી રહી છે. એનિમલ ફિલ્મથી તેણે બોલીવૂડમાં એન્ટ્રી કરી. એનિમલ ત્યારબાદ પુષ્પા અને હવે છાવા એમ ત્રણ સતત હીટ ફિલ્મોનો તે ભાગ રહી છે. જોકે પુષ્પાની સફળતા એન્જોય કરવાનું રશ્મિકા માટે શક્ય બન્યું નહીં. જીમમાં કસરત કરતી વખતે તેનું એક્સિડેન્ટ થયું અને તેને પગમાં ઘણો માર વાગ્યો હતો.આમ થવાથી સલમાન ખાનને સૌથી વધારે નુકસાન થયું કારણ કે તેની ફિલ્મ સિકંદરનું શૂટિંગ અટકી ગયું. એક તો બિશ્નોઈ ગેંગની ધમકીઓને લીધે તેણે અમુક દિવસનું શૂટિંગ રદ કર્યું હતું. રશ્મિકાની હાલત એવી હતી કે તે શૂટ કરી શકે તેમ જ ન હતી આથી સિકંદરનું ટ્રેલર સમયસર રિલિઝ થશે કે નહીં તેની ચિંતા નિર્માતા અને સલમાનને હતી. છાવાના ટ્રેલર લૉંચ વખતે રશ્મિકા હૈદરાબાદથી વ્હીલચેરમાં આવી હતી અને તે જે રીતે લંગડાતી હતી તે જોતા સમજી શકાય તેમ હતું કે તેની હાલત કેટલી ખરાબ છે.જોકે હવે રશ્મિકા સેટ પર આવી ગઈ છે. તેણે પોતે જ ઈન્સ્ટાગ્રામ પર અપડેટ કર્યુ છે. તેના સેટ પર પાછા આવવાથી સલમાનથી માંડી બધાએ રાહત અનુભવી છે. સલમાન ઈદના દિવસે પોતાની ફિલ્મ રિલિઝ કરતો હોય છે. તે પહેલા યોગ્ય સમયે તેનું ટ્રેલર લૉંચ થાય તે માટે સૌ કોઈ કામે લાગી ગયા છે.



### સદીના મહાનાયક અમિતાભની ફેન ફોલોઈંગ ખૂબ જ તગડી છે

## રાજસ્થાનના જેસલમેરમાં લોકો અમિતાભને સુપરસ્ટાર નહીં પણ ભગવાન ભગવાન માને છે

રાજસ્થાનના જેસલમેરમાં લોકો અમિતાભ બચ્ચને સુપરસ્ટાર નહીં પણ ભગવાન માને છે અને આ વાતનો ખુલાસો ખુદ અપૂર્વ લાખિયાએ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે કઈ રીતે બિગ બીના ત્યાં પહોંચતા જ દુકાળ પૂરો થઈ ગયો હતો અને સ્થાનિક લોકોએ અમિતાભ બચ્ચનને પગે પડવા માટે રીતસરની લાઈન લગાવી હતી.મળતી માહિતી મુજબ ૨૦૦૨-૦૩માં જ્યારે અપૂર્વ લાખિયા અભિષેક બચ્ચનસાથે ફિલ્મ મુંબઈ સે આયા મેરા દોસ્તની શૂટિંગ જેસલમેર ખાતે કરી રહ્યા હતા ત્યારે બિગ બી સપરિવાર જેસલમેર સેટ પર પહોંચ્યા હતા. એ સમયે જેસલમેરમાં દુકાળ પડ્યો હતો. બિગ બી નવું વર્ષ સેલિબ્રેટ કરવા ત્યાં પહોંચ્યા હતા અને તેમની સાથે જયા બચ્ચન, શ્વેતા બચ્ચન અને અમરસિંહ પણ હતા. અમે લોકો દૂર કોઈ જગ્યા પર શૂટ કરી રહ્યા હતા.જેવા અમિતાભ બચ્ચનની ફ્લીટ કાર સેટની નજીક પહોંચી એટલે આકાશમાં કાળા વાદળો ગોરંભાયા અને એકદમ ફિલ્મ લગાન જેવા દ્રશ્યો રિયલ લાઈફમાં સર્જાયા. કારમાંથી ઉતરીને બિગ બીએ જેવો અભિષેકને ગળે લગાવ્યો કે ધોધમાર વરસાદ વરસવા લાગ્યો, એવું અપૂર્વ લાખિયાએ જણાવ્યું હતું.અપૂર્વએ આગળ એવું પણ જણાવ્યું કે બિગ બીના આગમન બાદ એટલો બધો વરસાદ પડ્યો કે અમારો આખો સેટ બરબાદ થઈ ગયો. સ્થાનિકોને જેવી આ વાતની ખબર પડી એટલે અમારી હોટેલની બહાર ૫૦-૬૦ લોકોની લાઈન લાગી અને તેઓ અમિતાભ બચ્ચનના પગે પડવા માંગતા હતા. તેમનું એવું લાગ્યું કે તેઓ ભગવાન છે અને તેમના આવ્યા બાદ જ જેસલમેરનો દુકાળ પૂરો થયો અને નદીઓ છલકાવવા લાગી, આ બધું મેં મારી નજરે જોયું છે.વર્ક ફ્રન્ટની વાત કરીએ તો બિગ બી છેલ્લાં ફિલ્મ કલ્કી એડી૨૮૯૮માં જોવા મળ્યા હતા અને હાલમાં તેઓ લોકપ્રિય ક્વિઝ શો કૌન બનેગા કરોડપતિની ૧૬મી સિઝન હોસ્ટ કરી રહ્યા છે.



## ૨૨ વર્ષ મોટા અભિનેતા સાથે સિરીઝમાં જોવા મળશે

### થોડા દિવસો પહેલા જ તેના પિતા બોની કપૂરે જણાવ્યું હતું કે, જાહ્નવી જલદી જ સૂર્યા સાથે જોવા મળશે

બોલીવૂડમાં નિષ્ફળ જઇ રહેલી જાહ્નવી કપૂર સાઉથમાં ભાગ્ય અજમાવવા પહોંચી ગઇ છે. તેની કારકિર્દીની સાઉથના બીજા પ્રોજેક્ટમાં તે કામ કરવાની છે. કહેવાય છે કે, જાહ્નવી પોતાના કરતા ૨૨ વરસ વયમાં મોટા અભિનેતા સૂર્યા સાથે એક વેબ સીરીઝમા કામ કરવાની છે. જોકે સત્તાવાર રીતે આ વિશે સ્પષ્ટતા કરવામાં આવી નથી. રિપોર્ટના અનુસાર, આ વેબ સીરીઝ રૂપિયા ૬૦૦ કરોડના બજેટમાં બે હિસ્સામાં બનાવવામાં આવવાની છે. જેમાં સૂર્યા કર્ણના રોલમાં જોવા મળવાનો છે.





થોડા દિવસો પહેલા જ જાહ્નવીના પિતા બોની કપૂરે જાહ્નવી વિશે જણાવ્યું હતું કે, જાહ્નવી જલદી જ સૂર્યા સાથે અભિનય કરતી જોવા મળવાની છે, રસપ્રદ છે કે, જાહ્નવીએ પોતાની પ્રથમ તમિલ ફિલ્મમાં દ્રોપદીની ભૂમિકા ભજવી છે. થોડા દિવસો પહેલા જ જાહ્નવીના પિતા બોની કપૂરે જાહ્નવી વિશે જણાવ્યું હતું કે, જાહ્નવી જલદી જ સૂર્યા સાથે અભિનય કરતી જોવા મળવાની છે. મારી પત્ની શ્રીદેવીએ પણ વિવિધ ભાષાઓમાં અભિનય કર્યો છે, મને આશા છે કે મારી પુત્રી જાહ્નવી પણ માતાએ ચીતરેલા ચીલાને ચાલુ રાખશે.

### પહેલા પોતે અપનાવી રીત

## કોમેડીયન ભારતી સિંહે વજન ઘટાડવાની શાનદાર ટિપ્સ જણાવી

સ્થૂળતાના કારણે મોટાભાગના લોકો પરેશાન રહે છે. લોકોને વજન ઘટાડવા માટે ઘણા ઉપાયો કરે છે. ઘણા લોકો જીમમાં જાય છે તો કેટલાક લોકો યોગ કરે છે. સાથે જ કેટલાક લોકો એવા પણ હોય છે જે સતત કસરતની સાથે ડાયેટ ઉપર પણ ધ્યાન આપે છે. પોતાની કોમેડીથી બધાને હસાવનારી ભારતી સિંહે વજન ઘટાડવા અંગેનો પોતાનો અનુભવ શેર કર્યો છે.ભારતી સિંહે એક પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે કેવી રીતે તેણે પોતાની ડાયેટ મેન્ટેન કરીને થોડા મહિનામાં પોતાનું વજન ઘટાડ્યું છે. જો તમે પણ તમારું વજન ઓછું કરવા માંગો છો, તો ભારતી સિંહે આપેલી આ ટિપ્સને ફોલો કરી શકો છો.કોમેડિયન ભારતી સિંહે અભિનેતા ગુરમીત ચૌધરી સાથે યૂટ્યૂબ પોડકાસ્ટમાં ખુલાસો કર્યો હતો કે તેણે વજન ઘટાડવા માટે પોતાના ડિનરમાં ફેરફાર કર્યો હતો, જેના કારણે લગભગ ૬-૭ મહિનામાં તેનું વજન ઘટી ગયું હતું. ભારતી સિંહે વધુમાં જણાવ્યું હતું કે તેણે સાંજે ૬.૩૦ વાગ્યે પોતાનું ડિનર ખાવાનું શરૂ કર્યું હતું, જેણે તેને શાનદાર પરિણામ આપ્યું હતું.તેણે વધુમાં જણાવ્યું હતું કે વજન ઉતાર્યા બાદ જ્યારે તેમણે સાંજે ૬.૩૦ વાગ્યાને બદલે ૯.૩૦ વાગ્યે ડિનર લેવાનું શરૂ કર્યું ત્યારે તેમને ઘણી સમસ્યાઓ થવા લાગી હતી. ઈન્ડિયન એક્સપ્રેસ સાથે વાત કરતા પીએસઆરઆઈ હોસ્પિટલ નવી દિલ્હીના ડાયેટિશિયન ડો.દેબજાની બેનર્જીએ જણાવ્યું હતું કે છેલ્લા છ-સાત મહિનાથી એક જ સમયે ખાવાનું ખાવાથી શરીરમાં ઘણો બદલાવ આવે છે, જેનાથી સ્વાસ્થ્ય સારું રહે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જે ૬:૩૦ વાગ્યે ડિનર લેવાથી પાચનશક્તિમાં સુધારો થાય છે, જેના કારણે રાત્રે સારી ઊંઘ આવે છે. ઝડપથી ખાવાનું ખાવાથી વજન ઓછું કરવામાં પણ મદદ મળે છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાત્રે વહેલા ખાવાથી મેટાબોલિઝમ સુધરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાત્રે વહેલા ડિનર લેવાથી ઊંઘ તો સારી આવે જ છે, પરંતુ બીજા દિવસે પણ શરીરમાં એનર્જી જળવાઈ રહે છે, જેથી તમે વધુ સારી રીતે કામ કરી શકો.



## મહારાષ્ટ્રમાં છાવા ફિલ્મની માટે સવારે ૬ અને મોડી રાતના શોની ડિમાન્ડ

### ફિલ્મમાં આશુતોષ રાણા, નીલ ભોપાલન, ડાયના પેન્ટી જેવા કલાકારો મહત્વના રોલમાં

છત્રપતિ સંભાજી મહારાજના જીવન આધારિત 'છાવા'એ બોક્સ ઓફિસ પર ધમાકેદાર શરૂઆત કરી છે. પહેલાં ત્રણ દિવસમાં ગ્લોબલ બોક્સઓફિસ પર રૂ.૧૫૦ કરોડ જેટલું કલેક્શન મેળવી લીધું છે. આ ફિલ્મની ટિકિટની એટલી ડિમાન્ડ છે કે, ફિલ્મના એક્ઝિબિટર્સ મહારાષ્ટ્રમાં મોડી રાતના અને સવારે ૬ વાગ્યાના શો પણ ગોઠવવા લાગ્યા છે. છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજના જીવન પર આધારીત 'છાવા'માં સ્વરાજના મહત્ત્વ અને મુગલ બાદશાહ ઔરંગઝેબની કટ્ટરતા-ક્રૂરતાને દર્શાવાયા છે. મરાઠા રાજની સ્થાપના કરનારા છત્રપતિ શિવાજી મહારાજને સિંહ કહેવામાં આવે છે ત્યારે સિંહના બચ્ચા એટલે કે 'છાવા' તરીકે સંભાજી રાજેને લોકો ઓળખે છે. તેમની લોકપ્રિયતાના કારણે મુંબઇ અને પુણેનાં ઘણા થિએટરમાં મોડી રાતના શો શરૂ કરવામાં આવ્યા છે, જેથી થોડાં વધુ કલાકો સુધી ટિકિટ વિન્ડો પર લાભ લઈ શકાય. નાના શહેરોમાં ઘણા થિએટર એવા પણ છે જ્યાં સવારે ૬ વાગ્યાના કે રાતના ૧ વાગ્યના શો પણ ગોઠવાયા છે. કેટલાંક અહેવાલો અનુસાર, મુંબઈમાં રાત્રે ૧૨.૪૫, ૧ અને ૧.૧૫ વાગ્યાના શોથી લઈને ૧.૩૦ વાગ્યાના શો પણ ધ્યાનમાં આવ્યા છે. મહત્વની વાત એ છે કે પુણેમાં આવા સમયના શોમાં ૯૫ટકા હાજરી પણ હતી. પુણેમાં ઘણા થિએટર એવાં પણ હતાં, જ્યાં સવારે ૬ વાગ્યાના શો હતા. જોકે, શનિવારે 'છાવા'ના ઘણા શોમાં ૫૦ ટકા હાજરી પણ જોવા મળી હતી, જે રાતના શોમાં વધીને ૬૯ ટકા થઈ હતી. મુંબઈમાં આ આંકડો ૯૩ ટકા સુધી પહોંચ્યો હતો તો પુણેમાં તે ૯૭ ટકા સુધી પહોંચ્યો હતો. આશ્ચર્ય સાથે આનંદની વાત એ છે કે સાઉથના ઘણા શહેરોમાં છાવા ઘણી સારી ચાલી રહી છે. ફિલ્મમાં આશુતોષ રાણા, નીલ ભોપાલન, ડાયના પેન્ટી જેવા કલાકારો પણ મહત્વના રોલમાં છે ચેન્નઈ અને હૈદ્રાબાદ જેવા શહેરોમાં શનિવારે રાતના શો માટે ૮૧ ટકા અને ૮૮ ટકા જેટલી હાજરી નોંધાઈ છે. આ ફિલ્મમાં વિકી કૌશલના અભિનયના ભરપુર વખાણ થઈ રહ્યા છે, જ્યારે અક્ષય કુમારે આ ફિલ્મમાં મુગલ બાદશાહ ઔરંગઝેબ તરીકે દમદાર અભિનય આપ્યો છે, એક વૃદ્ધ બાદશાહ જેની ક્રૂરતા અને કટ્ટરતા આ ઉંમરે પણ અકબંધ છે. રશ્મિકા મંદાના એક જાજરમાન અને સમર્પિત રાણીના પાત્રમાં સુંદર લાગે છે, જો ઝોયરાબાઈ તરીકે દિવ્યા દત્તાએ એવો અભિનય કર્યો છે કે લોકોને તેને પડદા પર વધુ જોવાની ઈચ્છા થાય છે. વિવેચકો તરફથી આ ફિલ્મને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મમાં આશુતોષ રાણા, નીલ ભોપાલન, ડાયના પેન્ટી જેવા કલાકારો પણ મહત્વના રોલમાં છે.



## સેલિબ્રિટી માસ્ટરશેફમાં ભાઇને યાદ કરી પવિત્ર રિશ્તા ફેમ રડી પડ્યા હતા

### આ સ્પર્ધા શોમાં દરેક જણને તહેવારો દરમિયાન બનાવવામાં આવતી વાનગી બનાવવા જણાવ્યું હતું

રૂપેરી પડદા પર દર્શકોનું મનોરંજન કરતા અને દોમ દોમ સાહ્યબીમાં રહેતા કલાકારોને જોઈને સામાન્ય લોકોને લાગે છે કે તેઓ કેટલા સુખી છે, ખુશ છે અને મઝાની લાઈફ જીવે છે, પણ તેઓ પણ જીવનમાં કેટલાય દુઃખ, પીડા, હતાશાનો સામનો કરતા હોય છે તેના પર આપણી નજર નથી પડતી. દુનિયા સામે હસતો દેખાતા ચહેરાનું રૂદન કોઈ જાણતું નથી હોતું. આવી જ કંઇ વિતક કથા સેલિબ્રિટી માસ્ટરશેફ શોમાં અનુભવી અભિનેત્રી ઉષા નાડકર્ણીએ આંસુ નિતરતી આંખોએ વર્ણવી હતી, જે જોઈને સેલિબ્રિટી જજોની આંખ પણ ભીની થઈ ગઈ હતી.હાલમાં ટીવી પર સેલિબ્રિટી માસ્ટરશેફ શોમાં ફેસ્ટિવલ સ્પેશિયલ ચાલી રહી છે. આ શોમાં દિપીકા કક્કર, નિક્કી તંબોલી, અભિજીત સાવંત અને જાણીતા અનુભવી અભિનેત્રી ઉષા નાડકર્ણી પણ જોવા મળી રહ્યા છે. આ બધા સેલિબ્રિટીઓએ પ્રતિયોગી બનીને આ શોમાં ભાગ લીધો છે. તેઓ તેમની રસોઈ કુશળતાથી દર્શકો અને સેલિબ્રિટી જજોને પ્રભાવિત કરી રહ્યા છે. આ શોનો એક નવો પ્રોમો હાલમાં રિલીઝ કરવામાં આવ્યો છે.સોશિયલ મીડિયા પર રજૂ કરવામાં આવેલા એક પ્રોમો અનુસાર એપિસોડે ભાવનાત્મક ટર્ન લીધો હતો. એ સમયે ઉષા નાડકર્ણીએ તેમના દિવંગત ભાઈ વિશે દિલ ખોલીને વાત કરી હતી, જેને સાંભળીને જજ પણ ભાવુક થઇ ગયા હતા. ઉષા નાડકર્ણીએ કામની પ્રતિબદ્ધતાઓને કારણે એકલા તહેવાર મનાવવાની પીડા યાદ કરી હતી.આ સ્પર્ધા શોમાં દરેક જણને તહેવારો દરમિયાન બનાવવામાં આવતી વાનગી બનાવવા જણાવવામાં આવ્યું હતું. ઉષા નાડકર્ણી ગણેશ ઉત્સવનો તહેવાર પસંદ કર્યો હતો. સ્ટારશેફ અને જજ વિકાસ ખન્નાએ બધા સાથે ઘરના બનેલા ખાવાના મહત્વ વિશે વાત કરી હતી. તેઓ જ્યારે ઉષા નાડકર્ણી પાસે આવ્યા ત્યારે તેમને પૂછ્યું હતું કે તેઓ હંમેશા એકલા તહેવાર ઉજવવાનો ઉલ્લેખ કેમ કરે છે, ત્યારે ઉષા નાડકર્ણીએ તેના ભૂતકાળનો ખુલાસો કર્યો હતો અને જણાવ્યું હતું કે તેમના દીકરાનો ઉછેર પહેલા તેમની માતાએ અને બાદમાં તેમના નાના ભાઈએ કર્યો હતો, કારણ કે તેઓ જૉબ કરતા હતા અને બાદમાં નાટકો, સિરિયલો અને ફિલ્મોમા બિઝી રહેવાને કારણે તેમને ક્યારેય દીકરાની પરવરિશ કરવાનો સમય જ નહીં મળ્યો અને એમના નાના ભાઈએ તેમના દીકરાને માતાની ખોટ સાલવા દીધી નહીં.



## 'મહાકાલ ચલો', શિવભક્તિમાં લીન થયા અભિનેતા અક્ષય કુમાર

### પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ગીતનું મોશન પોસ્ટર શેર કર્યું હતું

બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર શિવજીનો મોટો ભક્ત છે. હવે તેમણે 'મહાકાલ ચલો' શિવભક્તિ પર એક ખાસ ગીત ગાયું છે, જેને સાંભળી અને જોયા પછી તમે પણ શિવભક્તિમાં ડૂબી જશો. આ ગીત મહાશિવરાત્રી પહેલા ભગવાન શિવને સમર્પિત કરવામાં આવ્યું છે. આ ગીતમાં અક્ષય કુમારે પોતાનો અવાજ આપ્યો છે અને લોકપ્રિય ગાયક પલાશ સેન પણ તેમની સાથે છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, બંને શિવ ભક્તિમાં ડૂબેલા જોવા મળે છે. અને મહાકાલ જવાની વાત કરી રહ્યા છે. આ ગીત અક્ષયના ચાહકો માટે ખૂબ જ ખાસ થવાનું છે. કદાચ તમે આ પહેલા અભિનેતાને આવા અંદાજમાં ક્યારેય નહીં જોયો હોય. અક્ષય કુમારે થોડા સમય પહેલા પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ગીતનું મોશન પોસ્ટર શેર કર્યુ હતું, જેમાં તે શિવલિંગ સાથે જોવા મળ્યો હતો. હવે તે આખા ગીત દરમિયાન શિવની ભક્તિમાં ડૂબેલો છે. વીડિયો શેર કરતી વખતે અભિનેતાએ કેપ્શનમાં લખ્યું છે કે, શિવભક્તિમાં વધુ એક પગલું, ચાલો મહાકાલ! મને આશા છે કે, તમને પણ એ જ દૈવી અનુભવ થશે જે મેં ગાતી વખતે અનુભવ્યો હતો.આ ગીતના વીડિયોની શરૂઆતમાં શિવલિંગને ચંદનથી સ્નાન કરાવવામાં આવી રહ્યું છે. અક્ષય કુમાર જે ભક્તિ અને શ્રદ્ધામાં ડૂબેલા દેખાય છે.




## વાયરલ ગર્લે પોતે સનોજ મિશ્રાને લઈ મોટો ખુલાસો કર્યો

### ઘણા વીડિયો અને તસવીરો પણ સામે આવ્યા જેમાં સીધી-સાદી મોનાલિસાના બદલાયેલા તેવર અને અંદાજ જોવા મળ્યો હતો

મહાકુંભ ૨૦૨૫ માં ઘણા લોકો વાયરલ થયા છે. સૌથી વધુ ચર્ચામાં એક છોકરી વાયરલ થઈ હતી જેનું નામ છે મોનાલિસા. મોનાલિસા ભોસલે સોશિયલ મીડિયાની ક્વીન બની ગઈ છે અને તેની તસવીરો અને વીડિયો દરરોજ વાયરલ થઈ રહ્યા છે. આ છોકરી મહાકુંભમાં માળાઓ વેચી રહી હતી અને ત્યારે જ તેની વાદળી આંખોએ લોકોનું ધ્યા ખેંચ્યું અને તે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગઈ.મોનાલિસાની તસવીરો વાયરલ થતા તેના પર નિર્દેશક સનોજ કુમારની નજર પડી. જે બાદ તેઓ તેની શોધમાં તેના ઘરે પહોંચી ગયા અને તેને ફિલ્મ ઓફર કરી દીધી. 'ધ ડાયરી ઓફ મણિપુર' નામની ફિલ્મમાં તેને કાસ્ટ કરી લેવામાં આવી. લોકો કહેવા લાગ્યા કે હવે મોનાલિસાનું નસીબ ચમકી ગયું.ઘણા વીડિયો અને તસવીરો પણ સામે આવ્યા જેમાં સીધી-સાદી મોનાલિસાના બદલાયેલા તેવર અને અંદાજ જોવા મળ્યો હતો. તે પહેલાની તુલનામાં સ્ટાઈલિશ થઈ ગઈ. તેણે વાંચવાનું અને લખવાનું પણ શરૂ કરી દીધુ. આ સિવાય ફલાઈટમાં પ્રથમવાર પ્રવાસ પણ કર્યો અને બ્રાન્ડ પ્રમોશનનો પણ ભાગ બની. હવે મોનાલિસાનો ચાર્મ પહેલાથી પણ વધી ગયો છે. તેના જીવનની દરેક અપડેટ નિર્દેશક સનોજ કુમાર સાથે મળીને સોશિયલ મીડિયા પર આપવા લાગી છે. લોકોને લાગતુ હતું કે હવે સફળતા તેને મળશે પરંતુ હવે મોનાલિસાને લઈ



નવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે.પ્રોડ્યૂસર જિતેન્દ્ર નારાયણ સિંહ ઉર્ફે વસીમ રિઝવીએ કહ્યું કે, સનોજ મિશ્રાએ તેને ટ્રેપમાં ફસાવી લીધી છે. સાથે જ એવો પણ દાવો કર્યો કે તેની પાસે ફિલ્મ બનાવવા માટે પૈસા નથી. તે માત્ર લાઈમલાઈટમાં બની રહેવા માટે છોકરીને લઈ ફરી રહ્યો છે. હવે આ મામલે મોનાલિસાએ પોતે નિવેદન આપ્યું છે અને આખુ સત્ય જણાવ્યું છે.મોનાલિસાએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો બનાવીને સનોજ મિશ્રા પરના આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે તે કોઈ જાળમાં ફસાઈ નથી. જે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે તે એક અફવા છે. તેણીએ લખ્યું, 'નમસ્તે, મારું નામ મોનાલિસા ભોંસલે છે અને હું મુંબઈ વગેરે જગ્યાએ ક્યાંય ગઈ નથી. અત્યારે હું મધ્યપ્રદેશમાં છું અને અભિનય શીખી રહી છું અને અભ્યાસ કરી રહી છું. તમે જે વિચારી રહ્યા છો એવું કંઈ નથી. મારી બહેન અને મોટા પિતા પણ મારી સાથે છે. જુઓ, મારી બહેન અને મારા મોટા પિતા. સનોજ મિશ્રા મને બે વાર મળવા આવ્યા. સનોજ સર ખૂબ જ સારા છે, તેઓ મારી સાથે દીકરીની જેમ વર્તે છે. લોકો ખોટા સમાચાર ફેલાવી રહ્યા છે. મેં જાતે જોયું છે કે સનોજ મિશ્રા ખૂબ જ આદરણીય અને ખૂબ જ સારા છે. તેમનો સ્વભાવ ખૂબ જ સારો છે, મને સારૂ લાગ્યું. હું તમને વિનંતી કરું છું કે અમારી ફિલ્મ બનતી અટકાવશો નહીં. મહાકુંભની મોનાલિસા રાતોરાત ઈન્ટરનેટ સેન્સેશન બની ગઈ. એક તસવીર અને વીડિયોએ તેનું જીવન બદલી નાખ્યું. એક તરફ, લોકોએ કુંભ દરમિયાન તેની સાથે ફોટો ક્લિક કરાવવા માટે તેને એટલી હેરાન કરી હતી કે તેને છુપાઈને ફરવું પડતું હતું. બીજી તરફ ફિલ્મ મેકર સનોજ મિશ્રા તેને શોધતા તેના ઘરે પહોંચ્યા અને તેને ફિલ્મની ઓફર કરી. આ ફિલ્મ મેકરની ખાસિયત એ છે કે તેણે મોનાલિસાને માત્ર ફિલ્મની ઓફર જ નથી કરી પરંતુ તેના ગ્રૂમિંગ પર પણ કામ કરી રહ્યા છે. ક્યારેક તો તે પોતે મોનાલિસાને શીખવતા જોવા મળે છે. એવામાં હવે સોશિયલ મીડિયા પર મોનાલિસાનો એક વીડિયો વાયરલ થયો છે.

# મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જનકકુમાર માઢકના અધ્યક્ષતામાં મેગા ઝૂંબેશ અંતર્ગત જિલ્લા પંચાયતની કોન્ફરન્સ હોલ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

## લોકોના જીવનની ગુણવત્તા સુધારો આવે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે તેના માટે મેગા ડ્રાઈવની શરૂઆત કરવામાં આવી છે : મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી જનકકુમાર માઢક



। (માહિતી) નર્મદા, તા.૧૯ ।

નર્મદા જિલ્લામાં તા.૨૦મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ-૨૦૨૫ દરમિયાન ૩૦ વર્ષ કે તેથી વધુ વયના નાગરિકો માટે બ્લડ પ્રેશર અને ડાયાબીટીશનાં દર્દીઓની નોંધણી માટે મેગા ઝૂંબેશ હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જનક માઢકના અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત રાજપીપલાની કોન્ફરન્સ હોલ ખાતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન આયોજન કરવામાં આવ્યુ હતુ. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જનકકુમાર માઢકે જણાવ્યું હતું કે, તા.૨૦મી ફેબ્રુઆરીથી ૩૧મી માર્ચ-૨૦૨૫ દરમિયાન રાજ્ય સરકારનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યની સાથે નર્મદા જિલ્લામાં બ્લડ પ્રેશર અને ડાયાબીટીશનાં દર્દીનાં નોંધણી, તપાસ અને સારવાર માટેની મેગા ઝુંબેશ શરૂ થઈ રહી છે. આ ઝુંબેશનો મુખ્ય હેતુ છે કે, લોકોના જીવનની ગુણવત્તા સુધારો આવે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે તેના માટે આ ખાસ મેગા ડ્રાઈવની શરૂઆત કરવામાં આવી રહી છે. વધુમાં જણાવ્યું કે, જિલ્લાના ૩૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના દરેક નાગરિકોને આરોગ્ય ટીમ દ્વારા નિઃશુલ્ક બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની ચકાસણી, શંકાસ્પદ દર્દીઓનું ઘરે-ઘરે તપાસ કરશે અને નેશનલ કોમ્યુનિકેબલ ડિસીસ પર નોંધણી કરાવશે. અથવા નજીકના આરોગ્ય કેન્દ્ર, જિલ્લા હોસ્પિટલ, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, સા.આ.કેન્દ્ર અથવા આયુષ્માન આરોગ્ય મંદિર (સબ-સેન્ટર, મા.આ કેન્દ્ર) ખાતે નોંધણી કરાવી કરાવી શકશે. આ નોંધણી કરવાનો મુખ્ય ફાયદો છે કે, બી.પી અને ડાયાબીટીસ અસર ખબર પડે અને સંપૂર્ણ પણે નિઃશુલ્કપણે સારવાર થઈ શકે જેનાથી રોગ નિયંત્રણમા લાવી શકાય છે. આ પ્રેસ ફોન્ફરન્સ બાદ ઉપસ્થિત સૌનો બી.પી અને ડાયાબીટીસની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી હતી. પ્રેસ ફોન્ફરન્સમાં જિલ્લા લેપ્રસી અધિકારીશ્રી ડો. હેતલભાઈ ચૌધરી, નાયબ માહિતી નિયામક શ્રી અરવિંદભાઈ મછાર, જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મિડીયાના પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજ્ય કક્ષાએ આયોજીત આર્ચરી સ્પર્ધામાં ડાંગ સાપુતારાના ૫ ખેલાડીઓએ મેડલ મેળવ્યાં



। (માહિતી) નડિયાદ, તા.૧૯ ।

તાજેતરમાં ગુજરાત રાજ્ય નડિયાદ ખાતે આયોજીત સ્ટેટ આર્ચરી ચેમ્પિયનશિપ સ્પર્ધામાં DLSS સાપુતારા સ્પોર્ટ્સ સંકુલના કુલ પાંચ ખેલાડીઓએ ગોલ્ડ, બ્રોન્ઝ અને સિલ્વર મેડલ પ્રાપ્ત કરી જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. સાપુતારા સ્પોર્ટસ સંકુલના આર્ચરી કોચ શ્રી જીતુભાઈ રાજપુત, તેમજ અમિતાબેન રાઠવા તરફ થી મળેલ વિગતો અનુસાર તેઓના વિદ્યાર્થીઓએ રાજ્ય કક્ષાની આર્ચરી સ્પર્ધામાં જુદાં જુદાં કુલ પાંચ મેડલ મેળવ્યાં છે. જેમાં સંજય પદવીભાઈ ઈન્ડિયન રાઉન્ડમાં ગોલ્ડ મેડલ, સોંપેશ ભીલ કમ્પાઉન્ડરાઉન્ડમાં ગોલ્ડ મેડલ, વિદ્યાપવાર અને વિકાસ કમસિંગભાઈ રિકવર રાઉન્ડમાં સિલ્વર મેડલ, તેમજ મહેક સાપતાએ કમ્પાઉન્ડમાં રાઉન્ડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. આવનાર દિવસોમાં આ ખેલાડીઓ આંધ્રપ્રદેશ ખાતે રમવા જશે. સાપુતારા સ્પોર્ટસ સંકુલના આ ખેલાડીઓ દ્વારા મેડલ મેળવતાં જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી અલ્કેશભાઈ પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાના કાલીબેલ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ



। (માહિતી) ડાંગ, તા.૧૯ ।

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા પરિણામલક્ષી પ્રયાસો હાથ ધર્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, ગ્રામ પંચાયત દીઠ ક્લસ્ટર બેઝ પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. તાજેતરમાં ડાંગના વઘઈ તાલુકાના કાલીબેલ ક્લસ્ટરમાં સમાવિષ્ટ કાલીબેલ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ હતી. જેમાં કુલ-૨૯ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં આત્મા પ્રોજેક્ટના માસ્ટર ટ્રેનર શ્રી રવીન્દ્રભાઈ સી. પવાર દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

# અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓની તૈયારીઓ અંગે સમીક્ષા બેઠક યોજાઈ

## અમદાવાદ-ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કૃપાબેન જહાના અધ્યક્ષસ્થાને યોજાઈ બેઠક



। (માહિતી) અમદાવાદ, તા.૧૯ ।

આગામી ૨૭ ફેબ્રુઆરીથી અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં શરૂ થઈ રહેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓના સુચારું આયોજન અને તૈયારીઓની સમીક્ષા અર્થે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ-ગ્રામ્ય સુશ્રી કૃપાબેન જહાના અધ્યક્ષસ્થાને પરીક્ષા સ્થળ સંચાલકશ્રીઓ અને સરકારી પ્રતિનિધિઓની બેઠક સરખેજ માધ્યમિક શાળા ખાતે યોજાઈ હતી. બેઠકમાં પરીક્ષાના સુચારુ આયોજન અને સફળ અમલીકરણ સુનિશ્ચિત કરવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું તથા હકારાત્મક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં અમદાવાદ-ગ્રામ્યના ધોરણ ૧૦ ના ૦૪ ઝોન અને ધોરણ ૧૨ના ૦૪ ઝોન મળીને કુલ ૦૮ ઝોનના તમામ ૨૪૫ પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલકો અને ૪૩૬ સરકારી પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આગામી બોર્ડ પરીક્ષાઓમાં ગેરરીતીનો એક પણ કેસ થાય નહિ તે માટે જિલ્લાની તમામ શાળાઓને બોર્ડ દ્વારા નિયત થયેલ 'શિક્ષા કોષ્ટક' મોકલી આપવામાં આવ્યા છે. બેઠકમાં શાળાઓ વિદ્યાર્થીઓ સમક્ષ



'શિક્ષા કોષ્ટક' મૂકે અને તે અંગેની વિસ્તૃત સમજ વિદ્યાર્થીઓને આપે તથા વિદ્યાર્થીઓ પ્રમાણિક રીતે પરીક્ષા આપે એવું વાતાવરણ સુનિશ્ચિત કરવા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

વધુમાં, વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રની અંદર મોબાઈલ કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ સાથે લઈને ન જાય તે માટે યોગ્ય ચકાસણી વ્યવસ્થા કરવા માટે પણ સૂચના આપવામાં આવી હતી. સાથે જ, સમગ્ર પરીક્ષા દરમ્યાન પરીક્ષા સ્થળના સીસીટીવી સર્વેલન્સ અંગે સૌ ઉપસ્થિતોને બોર્ડની અદ્યતન સૂચનાની સમજ આપવામાં આવી હતી તેમજ માર્ગદર્શિકા મુજબ દરેક પરીક્ષા સ્થળ પર સીસીટીવીના સતત મૉનીટરીંગ માટે અલગથી 'સીસીટીવી મોનીટરીંગ સુપરવાઈઝર' રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવ્યું હતું.

# પાંડેસરાની ઉદ્યોગ ભારતી વિદ્યાલયમાં રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઝોન લેવલની યોગાસન સ્પર્ધા-૨૦૨૫ યોજાઈ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૯ ।

રાજ્યમાં યોગને ઘરે-ઘરે પહોંચાડવા અને નાગરિકોમાં યોગ વિશે જાગૃતિ લાવવા, તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ હંમેશાં પ્રયત્નશીલ રહ્યું છે. આ સંદર્ભે યોગ બોર્ડ દ્વારા સુરતમાં ઉદ્યોગ ભારતી વિદ્યાલય ખાતે યોગાસન સ્પર્ધા-૨૦૨૫ યોજાઈ હતી. યોગ અભિયાનના ભાગરૂપે ગત તા.૯ ફેબ્રુ.ના રોજ રાજ્યના તમામ જિલ્લાઓમાં યોગાસન સ્પર્ધા-૨૦૨૫ યોજાઈ હતી. જે પૈકી વિજેતાઓની ઝોન લેવલની સ્પર્ધા ગત રવિવારે પાંડેસરાની ઉદ્યોગ ભારતી વિદ્યાલયમાં યોજાઈ હતી. જેમાં સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડના ૧૨૦ સ્પર્ધકો જોડાયા હતા. રાજ્ય



કક્ષાની સ્પર્ધામાં વિજેતા બનનાર સ્પર્ધકો ગુજરાતના સૌથી સારા યોગ ચેમ્પિયન ગણાશે અને તેઓ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધાઓમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

# ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે ૩૮મી નેશનલ ગેમ્સ અંતર્ગત જીમ્નાસ્ટીક રમતની ટ્રેમ્પોલીન સ્પર્ધા યોજાઈ

। રાજપીપળા, તા.૧૯ ।

ઉત્તરાખંડના દહેરાદૂન ખાતે ૩૮ મી નેશનલ ગેમ્સ અંતર્ગત જીમ્નાસ્ટીક રમતની ટ્રેમ્પોલીન સ્પર્ધા તા. ૨૮ મી જાન્યુઆરીથી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન રમાઈ હતી.

જેમાં શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કુલ વડીયા રાજપીપળાની વિદ્યાર્થીની પ્રિતીબેન મહેશભાઈ વસાવાએ બ્રોન્ઝ મેડલ મેળવી શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ સંચાલિત પુરાણી વ્યાયામ શાળા છોટુભાઈ ડીગ્રી કોલેજમાં કોચશ્રી ગૌરીશંકર દવે તેમજ તેજસ પટેલના માર્ગદર્શન હેઠળ પ્રિતીબેન વસાવાએ તાલીમ મેળવીને ૩૮માં રાષ્ટ્રીય



રમતોમાં ભાગ લઈ જીમ્નાસ્ટીક-ટ્રેમ્પોલીન સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી નર્મદા જિલ્લાનું નામ રોશન કર્યુ છે. ભારતના વિદેશ મંત્રીશ્રી એસ.જયશંકરે ૨.૪ કરોડની ગ્રાન્ટ ફાળવીને છોટુભાઈ ડિગ્રી કોલેજ કેમ્પ સમાં આવેલ જીમ્નાસ્ટીક હોલ બનાવવામાં આવ્યો છે. જેમાં નર્મદા જિલ્લા સહિત અન્ય વિદ્યાર્થીઓ રાજ્ય અને રાસ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ હાસલ કરી પોતાની કારકિર્દી ઘડી રહ્યા છે.

# ગુજરાતના દરેક જિલ્લામાં બાળ અધિકારોની જોગવાઇઓનું શ્રેષ્ઠ અમલીકરણ થશે

। (માહિતી) ગાંધીનગર, તા.૧૯ ।

ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન ગજ્જરના અધ્યક્ષસ્થાને વર્ષ-૨૦૨૫ની પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બાળ અધિકારોની સુરક્ષા અને પ્રોત્સાહન માટે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી, તેમ રાજ્ય બાળ અધિકાર આયોગની યાદીમાં જણાવાયું છે. ગુજરાતના તમામ જિલ્લામાં બાળ અધિકારોની જોગવાઈઓનાં શ્રેષ્ઠ અમલીકરણ માટે વિવિધ શહેરો અને ગામડાઓમાં શાળા શિક્ષકો, સામાજિક કાર્યકરો અને સરકારી અધિકારીઓ માટે વિશિષ્ટ તાલીમ કાર્યક્રમો ઉપરાંત મોનીટરીંગ પ્રવાસ યોજવા અંગે આયોગની આ પ્રથમ બેઠકમાં નિર્ણય કરાયો છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન તાલીમ કાર્યક્રમો દ્વારા બાળ અધિકારો અને બાળકના હિતલક્ષી નીતિઓને અમલમાં મૂકવા માટે આવશ્યક માર્ગદર્શન અપાશે. સાથે જ, વાલીઓ માટે પણ વિશેષ કાર્યશાળાઓનું આયોજન કરાશે, જેમાં તેઓને બાળકોની સંવેદનશીલ જરૂરિયાતો, શિક્ષણ અને આરોગ્ય સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે માહિતી અપાશે. બેઠકમાં ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રચના, કાર્યો, સત્તાઓ વગેરે બાબતે જાણકારી આપી રાઈટ ટુ એજ્યુકેશન, પોક્સો, જુવેનાઈલ જસ્ટીસ એકટ જેવા બાળ અધિકારના વિવિધ કાયદાઓની જાણકારી આપવામાં આવી હતી. બાળકોના હક અંગે જાગૃતિ વધારવા માટે વિવિધ વર્કશોપ અને તાલીમ કાર્યક્રમોની પણ આ બેઠકમાં ચર્ચા થઈ છે. ખાસ કરીને, બાળ મજૂરી, બાળ દુર્વ્યવહાર, શૈક્ષણિક અધિકારો અને આરોગ્યસંબંધિત મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

# સરકાર દ્વારા જરૂરિયાતમંદ લોકોને ઘરનું ઘર મળે તે માટે સુરત જિલ્લાના ૭૪૯ ગામોમાં સર્વેક્ષણ

। (માહિતી) સુરત, તા.૧૯ ।

ઘરવિહોણા લોકોને ઘરનું ઘર મળી રહે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જરૂરિયાતમંદ લાભાર્થીઓને આવાસ યોજનાનો લાભ આપવા સુરત જિલ્લાના ૭૪૯ ગામોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેમાં ૧૮ ફેબ્રુઆરી સુધીમાં ૩૦,૯૩૨ લાભાર્થીઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. જે પૈકી સૌથી વધુ ઉમરપાડા તાલુકામાં ૮૭૯૭ લાભાર્થીઓનો સર્વે કરાયો છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ લોકો કે જેઓ પાસે ખુલ્લો પ્લોટ હોય, કાચું મકાન હોય તેવા લાભાર્થીઓ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ



૨.૦ હેઠળ પાકું મકાન બનાવવા માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે, સુરત જિલ્લામાં ૬ વર્ષ બાદ નવા પીએમ આવાસો બનાવવા સર્વેની કામગીરી શરૂ છે, જેમાં જિલ્લાના ચોર્યાસી, બારડોલી, કામરેજ, મહુવા, માંડવી, માંગરોળ, ઓલપાડ, પલસાણા, ઉમરપાડા તાલુકાના ૭૪૯ ગામોમાં સર્વેની કામગીરી પ્રગતિમાં છે. વધુમાં વધુ લાભાર્થીઓને આવાસીય છત્ર પૂરૂ પાડી શકાય એ માટે ગ્રામ વિકાસ એજન્સી દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ગામોમાં નવા પીએમ આવાસ બનાવવાની ખાસ ઝુંબેશ અને સર્વે અંતર્ગત તાલુકા દીઠ ટીમ બનાવવામાં આવી છે. જેમાં પ્રત્યેક ગામ દીઠ એક સર્વેયરની નિમણુંક કરી નવા સર્વેની કામગીરી પ્રગતિમાં છે. સર્વેયરો દ્વારા ગામના લાભાર્થીઓ આધાર કાર્ડ, બેંક પાસબુક વિગત, રાશનકાર્ડ અને જોબ કાર્ડ વગેરે વિગતોથી મોબાઈલ એપ્લિકેશન દ્વારા રજિસ્ટ્રેશન કરી ઘરવિહોણા તથા કાચા ઘરમાં રહેતા લોકો માટે નવા ઘરની અરજી કરવામાં આવી રહી છે. હાલ સુધી બારડોલી તાલુકામાં ૧૩૫૮, કામરેજમાં ૫૯, મહુવામાં ૪૯૧૩, માંડવીમાં ૮૧૭૫, માંગરોળમાં ૬૪૬૯, ઓલપાડમાં ૫૬૧, પલસાણામાં ૬૦૦ અને ઉમરપાડા તાલુકામાં ૮૭૯૭ મળી કુલ ૩૦,૯૩૨ લાભાર્થીઓની સર્વે કરાયો છે.

જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના માર્ગદર્શન હેઠળ ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એમ.બી પ્રજાપતિની દેખરેખમાં પીએમ આવાસોના નવા સર્વે તથા જૂના વર્ષના પૂર્ણ કરવાના બાકી આવાસોની કામગીરી ઝડપભેર પૂર્ણ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આમ, સર્વેના કારણે પીએમ આવાસથી વંચિત રહી ગયેલા લાભાર્થીઓને પાકું આવાસ મેળવવાની ફરી એકવાર તક મળશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારે વધારે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. હિંમત હારતા નહીં-નિષ્ફળતા કુદરતી બાબત છે અને આ જ જીવનની સુંદરતા છે. નાના અંતરાયો સાથે-આજનો દિવસ મોટી સિદ્ધિઓનો લાગે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે. તમારા પ્રેમી કે પ્રેમિકાને ન ગમતા હોય તેવા કપડાં પહેરવાનું ટાળો કેમ કે એનાથી તેમની લાગણી દુભાઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે કોઈ સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. વધુ મોડું કર્યા વિના તમારે એ વિશે ચર્ચા કરવી જોઈએ કેમ કે એકવાર આ બાબત ઉકેલાઈ જશે પછી-ઘરના મોરચે જીવન એકદમ સરળ થઈ જશે.

**કર્ક (ડ,હ) :**

આજે કોઈ ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારા આશ્ચર્ય વચ્ચે તમારો ભાઈ તમારી મદદ આવશે. તમારે સહકાર આપી એકબીજાના સહયોગમાં કામ કરી એકમેકને ખુશ કરવાના રહેશે. યાદ રાખો સહકાર જીવનની મુખ્ય વસંત છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે. રૉમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે. તમને ધિક્કારનાર વ્યક્તિને તમે જો હૅલ્લો કહેશો તો કામના સ્થળે આજે દિવસ તમારી માટે ખરેખર અદભુત બની શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. તમે જે કંઈ કરશો તેમાં તમે શ્રેષ્ઠ હશો-તમે કેટલા સક્ષમ છો એ દેખાડીને તમારી યોગ્યતા તમારી આસપાસના લોકો વચ્ચે સાબિત કરો.

**તુલા (ર,ત) :**

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અમુક મુદ્દાઓ પર તમારો બાળક જેવો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારી અનુકંપા તથા સમજદારીનું વળતર તમને મળશે. પણ તકેદારી રાખજો કેમ કે ઉતાવળે લીધેલો કોઈપણ નિર્ણય તમને દબાણ હેઠળ લાવી શકે છે. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું?

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આયોજિત ભોજન સમારંભમાં કતાર રાજ્યના અમીર શેખ તમીમ બિન હમદ અલ થાનીના સન્માનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ઉપસ્થિત રહ્યા હતા.

## બાળકોને ઉર્દૂ ભણાવીને શું મૌલવી બનાવવા છે? યોગી આદિત્યનાથ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે જ હોબાળો થયો હતો. જેમાં સમાજવાદી પાર્ટીના વિરોધનો મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સણસણતો જવાબ આપ્યો હતો. તેમણે સપા બેવડું વલણ ધરાવે છે. તે પોતાના બાળકોને અંગ્રેજી ભાષાની શાળાઓમાં ભણાવે છે, પરંતુ જ્યારે અન્ય બાળકોને આ સુવિધા મળી રહી હોય તો તેનો વિરોધ કરી તેમને ઉર્દૂ ભણાવવા પર જોર કરે છે અને મૌલવી બનાવે છે.યુપી વિધાનસભા બજેટ સેશનમાં સ્પીકર સતિશ માહિતી આપી રહ્યા હતા કે, વિધાનસભાની કાર્યવાહીને વિવિધ ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે. જેમાં ભોજપુરી, બુંદેલખડી, અવધી સહિતની પ્રાદેશિક ભાષા ઉપરાંત અંગ્રેજી ભાષા સમાવિષ્ટ થશે. આ જાહેરાતનો સપાએ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, 'અન્ય પ્રાદેશિક ભાષા તો ઠીક છે, પરંતુ અંગ્રેજી ભાષાનો સમાવેશ કેમ કર્યો, ઉર્દૂનો કેમ નહીં, ઉર્દૂ ભાષામાં પણ વિધાનસભાની કાર્યવાહી સમજાવો.' આ દલીલના કારણે સીએમ યોગીએ સપા પર પ્રહારો કર્યા હતા.

## આમ આદમી પાર્ટીના નેતા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓમાં વધારો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

દિલ્હીના પૂર્વ મંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓમાં વધારો થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જૈન પર મની લોન્ડરિંગનો કેસ ચલાવવાની મંજૂરી આપી છે. હાલમાં જ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સત્યેન્દ્ર કુમાર જૈન સામે મ્નજીની કલમ ૨૧૮ હેઠળ કોર્ટમાં કેસ ચલાવવા માટ મંજૂરી માંગી હતી. મળતી માહિતી પ્રમાણે ગૃહ મંત્રાલયે કહ્યું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી મળેલી સામગ્રીના આધારે સત્યેન્દ્ર કુમાર જૈન (૬૦) સામે કેસમાં કાર્યવાહી માટે મંજૂરી આપવા માટે પૂરતા પ્રમાણમાં પુરાવા મળ્યા છે. જેથી કોર્ટમાં કેસ ચલાવવાની માંગ કરવામાં આવી છે. તપાસ એજન્સીઓએ સત્યેન્દ્ર જૈન વિરુદ્ધ હવાલા કારોબાર સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસ નોંધ્યો છે. મે ૨૦૨૨ માં તેની ધરપકડ પણ કરવામાં આવી હતી. જ્યારે સત્યેન્દ્ર જૈનને ઈઙ્ઘ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા, ત્યારે તેમની પાસે આરોગ્ય અને વીજળી સહિત કેટલાક અન્ય મંત્રાલયો પણ હતા. જૈન હાલમાં જામીન પર બહાર છે. ED એ AAP નેતા વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી છે.

## ફુટબોલ મેચ દરમિયાન આતશબાજીમાં ૨૫થીવધુ દર્શકો દાઝતા હોસ્પિટલ ખસેડાયા





। (એજન્સી) મલપ્પુરમ, તા.૧૯ ।

કેરળના મલપ્પુરમ શહેરના અરીકોડ સ્થિત થેરટ્ટમલમાં સેવેન્સ ફુટબોલ મેચ દરમિયાન મેચ પહેલા આતશબાજીમાં અનેક દર્શકો દાઝી ગયા હતા.જ્યાં ૨૫થી વધુ લોકો ફટાકડાની ઝપેટમાં આવતા દાઝી ઘયા છે, જેઓને તુરંત નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતા અહેવાલો મુજબ યુનાઈટેડ એફસી નેલ્લીકુટ અને કેએમજીમાવૂર વચ્ચે ફુટબોલ ગ્રાઉન્ડમાં મેચ શરૂ થવાની હતી, જોકે તે પહેલા જ આતશબાજી કરવામાં આવી છે. ઉપર તરફ છોડવામાં આવેલો ફટાકડા ખોટી દિશામાં જતા રહ્યા હતા, જેના કારણે દર્શકો વચ્ચે તણખા ઉડવા લાવ્યા હતા.ઘટનામાં સૌથી વધુ ગ્રાઉન્ડ પાસે ઉભેલા દર્શકોને ઈજાઓ થઈ છે. એવું પણ કહેવાય છે કે, એક ફટાકડો દર્શકો વચ્ચે પડ્યો હતો, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ. હાલ સ્થિતિ કાબુમાં આવી ગઈ છે અને ફાઈનલ મેચ શરૂ કરી દેવાઈ હતી. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં મેદાનમાં એમ્બ્યુલન્સ પણ જોવા મળી રહી છે. ઓથોરિટીએ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.એવું પણ કહેવાય છે કે, એક ફટાકડો દર્શકો વચ્ચે પડ્યો હતો, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ. હાલ સ્થિતિ કાબુમાં આવી ગઈ છે અને ફાઈનલ મેચ શરૂ કરી દેવાઈ છે. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં મેદાનમાં એમ્બ્યુલન્સ પણ જોવા મળી રહી છે. ઓથોરિટીએ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.

### ત્રણ રસ્તા નજીક ઓવરબ્રિજ પર અકસ્માત

## જેસીબી-બુલેટ વચ્ચે અકસ્માતમાં બુલેટચાલકનું ઘટનાસ્થળે જ મોત

। (એજન્સી) પ્રાંતિજ, તા.૧૯ ।

પ્રાંતિજના મજરા ત્રણ રસ્તા પર આવેલા ઓવરબ્રિજ પર સોમવારે સાંજે જેસીબી અને બુલેટ વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની આ ઘટનામાં બુલેટ ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ અંગેની વિગત એવી છે કે, પ્રાંતિજના મજરા નેશનલ હાઈવે પર કોન્ટ્રાક્ટર દ્વારા ડાયવર્ઝન મુક્યા વગર જેસીબી દ્વારા ખોદકામ કરવામાં આવી રહ્યું છે. આ દહેગામથી મામેરૂ પતાવીને બુલેટચાલક અમિત ભિખુસિંહ પરમાર (ઉ.વ.૩૦, રહે. જૂના બાકરપુર) એકાએક જેસીબી સાથે અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં અમિત પરમારનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતના બનાવ અંગે સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. ૧૦૮ મારફતે મૃતકને પ્રાંતિજ સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતના બનાવ અંગેની જાણ થતા સગા-સંબંધીઓ સહિત લોકોના ટોળા દોડી આવ્યા હતા.

### તમામ રાજ્યોને બે મહિનામાં વહેલી સજામાફીની નીતિ ઘડવાનો આદેશ

## પાત્રતા ધરાવતા તમામ કેદીઓની સજામાફીની વિચારણાની જવાબદારી રાજ્યોની: સુપ્રીમ કોર્ટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાત્રતા ધરાવતા કેદીઓને વહેલી સજામાફી આપવાની નીતિ ઘડવાનો આદેશ આપતા સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે તમામ દોષિતોની વહેલી જેલમુક્તિ પર વિચારણા કરવાની જવાબદારી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની છે અને કેદીઓએ કાયમી સજામાફીની અરજી કરવી જરૂરી નથી. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જલ ભુયાન બનેલી ખંડપ ીઠે સીઆરપીસીની કલમ ૪૩૨ અથવા બીએનએસએસની કલમ ૪૭૩ હેઠળ માફીનીતિ ન ધરાવતા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને બે મહિનામાં આ અંગેની નીતિ ઘડવાનો આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે કેદીની વહેલી સજામાફીને મંજૂર કરવાની નીતિ ધરાવતા રાજ્યોની જવાબદારી છે કે તેઓ કેદીઓ સજામાફી માટે લાયક બને ત્યારે તેની વિચારણા કરે. આવા કિસ્સામાં દોષિત કે તેમના સંબંધીઓ કાયમી મુક્તિ માટે ચોક્કસ અરજી કરે તે જરૂરી નથી. જેલ મેન્યુઅલ અથવા સંબંધિત સરકાર દ્વારા જારી કરાયેલ અન્ય કોઈપણ વિભાગીય સૂચનામાં આવી નીતિ માર્ગદર્શિકા હોય ત્યારે ઉપરોક્ત નિર્દેશ લાગુ થશે.જામીન આપવા અંગેના સુઓ મોટો કેસમાં સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે સંબંધિત સરકારો પાસે કાયમી માફી આપતા ઓર્ડરમાં યોગ્ય શરતોનો સમાવેશ કરવાની સત્તા છે અને આ શરતોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા વિવિધ પરિબળોની વિચારણા કરવી જરૂરી છે. આ શરતોનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો હોવો જોઈએ કે ગુનેગારની ગુનાહિત વૃત્તિઓ, જો કોઈ હોય તો, નિયંત્રણમાં રહે અને દોષિત સમાજમાં પોતાનું પુનર્વસન કરે. શરતો એટલી દમનકારી કે કડક ન હોવી જોઈએ કે દોષિત કાયમી માફી આપતા હુકમનો લાભ લઈ શકે નહીં. કાયમી માફી આપવા અથવા નકારવાના આદેશમાં પણ સંક્ષિપ્ત કારણો પણ આપવા જોઈએ.

### દેશના ૩.૫ ટ્રિલિયનના જીડીપીના આંક કરતાં વધુ

## ભારતની ૫૦૦ ખાનગી કંપનીઓનું કુલ મૂલ્ય $3.૮ ટ્રિલિયનને સ્પર્શ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૯ ।

હુરુન ઈન્ડિયાએ દેશની ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદી જાહેર કરી છે, જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પહેલા નંબરે છે. નોંધનીય છે કે ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય સાઉદી અરેબિયાના GDP કરતાં વધુ છે. ૨૦૨૪ની બર્ગન્ડી પ્રાઈવેટ હુરુન ઈન્ડિયા ૫૦૦ યાદી અનુસાર આ ૧૦ કંપનીઓનું કુલ મૂલ્ય ૨૨.૭ લાખ કરોડ રૂપિયા વધીને ૯૬ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે, જે ભારતના GDPના લગભગ ત્રીજા ભાગ જેટલું છે.લિસ્ટમાં સામેલ ૫૦૦ ખાનગી કંપનીઓનું કુલ મુલ્ય $3.8 ટ્રિલિયન સુધી પહોંચી ગયું છે,જે દેશના કુલ વાર્ષિક GDP ઈ૩.૫ ટ્રિલિયન કરતા વધુ છે. રિપોર્ટ અનુસાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL) સતત ચોથા વર્ષે યાદીમાં ટોચ પર છે, જ્યારે ભારતી એરટેલ અને NSEએ પ્રથમ વખત ટોચની ૧૦ કંપનીઓમાં સ્થાન મેળવ્યું છે. મંગળવારે જાહેર થયેલી આ યાદીની ચોથી આવૃત્તિમાં ઘણી કંપનીઓએ જબરદસ્ત વૃદ્ધિ દર્શાવી છે. મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧૭,૫૨,૬૫૦ કરોડ રૂપિયાના મૂલ્ય સાથે ટોચનું સ્થાન ધરાવે છે, ત્યારબાદ કે. કૃથિવાસનની આગેવાની હેઠળની ટાટા કન્સલ્ટન્સી સર્વિસ (TCS) ૧૬,૧૦,૮૦૦ કરોડ રૂપિયા સાથે બીજા જ્યારે HDFC બેંક ૧૪.૨ લાખ કરોડ રૂપિયા સાથે ત્રીજા સ્થાને છે. ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય સાઉદી અરેબિયાના GDP કરતાં વધુ છે ભારતી એરટેલે ૭૫%ની જબરદસ્ત વૃદ્ધિ નોંધાવી અને ૯.૭૪ લાખ કરોડની માર્કેટ વેલ્યુ સાથે ચોથા સ્થાને છે. તેવી જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પણ ૨૦૧% વધીને ૪.૭૦ લાખ કરોડની વેલ્યુ સાથે ટોચના ૧૦માં સ્થાન મેળવ્યું છે.

### સરકારના સહયોગી પક્ષો વચ્ચે મતભેદો હોવાની અટકળો

## શિંદે જૂથના ૨૦ ધારાસભ્યોની વાય-કેટેગરીની સુરક્ષા હટાવાઈ

### ભાજપ અને શિંદે જૂથની વચ્ચે રાયગઢ-નાસિક જિલ્લાના સંરક્ષક મંત્રીની નિયુક્તિને લઈને વિવાદ પેદા થયો હતો

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિના સભ્યો વચ્ચે ખટરાગના સંકેતો મળી રહ્યાં છે. મળતાં અહેવાલો અનુસાર રાજ્ય સરકાર દ્વારા શિવસેનાના શિંદે જૂથના ૨૦ ધારાસભ્યોની વાય-કેટેગરીની સુરક્ષા હટાવવામાં આવી છે. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ ધારાસભ્યોની સુરક્ષામાં હવે ફક્ત એક કોન્સ્ટેબલ રાખવામાં આવ્યો છે. જ્યારે, ભાજપ અને એનસીપી(અજિત જૂથ)ના કેટલાક ધારાસભ્યોની સુરક્ષા ઘટાવવાના અહેવાલ સાંપડી રહ્યા છે. જોકે, આ બાબતને લઈને સરકાર કે સંબંધિત ધારાસભ્યોએ પણ કોઈ પ્રતિક્રિયા આપી નથી. પરંતુ મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે શિંદે આ નિર્ણયથી નારાજ છે. સુરક્ષા હટાવવાના આ નિર્ણય પર વિપક્ષોએ પણ વ્યંગ કર્યો છે. શિવસેના(ઉદ્ધવ જૂથ)ના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ ટ્વીટ કરીને લખ્યું કે, 'મહાયુતિ વેલેન્ટાઈન મહિનો મનાવી રહી છે...નહીં.' જ્યારે શિવસેના ઉદ્ધવ જૂથના સંજય રાઉતે આ મહાયુતિની સરકારમાં ખટરાગ હોવાનો સંકેત આપ્યો છે. આ પહેલા, ભાજપ અને શિંદે જૂથની વચ્ચે રાયગઢ અને નાસિક જિલ્લાના સંરક્ષક મંત્રીની નિયુક્તિને લઈને વિવાદ પેદા થયો હતો. હકીકતમાં, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એનસીપીના અદિતિ તટકરેને રાયગઢના પ્રભારી મંત્રી નિયુક્ત કર્યા હતા, જે એકનાથ શિંદેને પસંદ નથી. આ પદ માટે શિંદે પોતાની પાર્ટીના કોઈને નેતાની નિયુક્તિ ઈચ્છતા હતા, કેમ કે રાયગઢમાં શિવસેનાનો ખૂબ પ્રભાવ છે.

### ૨૦૦ લોકોનું પ્રથમ જૂથ કોમર્શિયલ ફ્લાઇટમાં કોસ્ટરિકા પહોંચશે

## અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારતના ઇમિગ્રન્ટ્સને સ્વીકારવા કોસ્ટારિકા સંમત

### ઇમિગ્રન્ટ્સને તેમના મૂળ દેશોમાં મોકલતા પહેલા આ મધ્ય અમેરિકન રાષ્ટ્રમાં માઇગ્રન્ટ કેર ફેસિલિટીમાં રાખવામાં આવશે



। (એજન્સી) સેન જોસ, તા.૧૯ ।

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ભારત અને મધ્ય એશિયાના ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને સ્વીકારવા કોસ્ટારિકાએ સંમતિ આપી છે. ૨૦૦ ઈમિગ્રન્ટ્સનું પ્રથમ જૂથ બુધવારે કોમર્શિયલ ફ્લાઈટમાં જુઆન સાંતામારિયા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચશે. આમ અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ઈમિગ્રન્ટ્સ માટે કોસ્ટારિકા એક સેતુનું કામ કરશે. આ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને કોસ્ટ રિકાથી તેમના સંબંધિત દેશોમાં મોકલવામાં આવશે. કોસ્ટારિકાના પ્રમુખ રોડ્રિગો ચાવેસ રોબલ્સના કાર્યાલયે એક નિવેદનમાં જણાવાયું હતું કે કોસ્ટારિકા ભારત અને મધ્ય એશિયાના ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પરત મોકલવામાં એક સેતુ તરીકે સેવા માટે માટે સંમત થયું છે. કોસ્ટારિકાની સરકાર ૨૦૦ ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને તેમના દેશમાં પરત મોકલવામાં અમેરિકા સાથે સહયોગ કરવા સંમત થયું છે. આ લોકો મધ્ય એશિયા અને ભારતીય મૂળ છે. આમાંથી કેટલાં લોકો ભારતના છે તેની સ્પષ્ટતા કરાઈ ન હતી. આ લોકોને કોસ્ટારિકામાંથી તેમના મૂળ દેશમાં મોકલવામાં આવશે.ઈમિગ્રન્ટ્સને તેમના મૂળ દેશોમાં મોકલતા પહેલા આ મધ્ય અમેરિકન રાષ્ટ્રમાં માઈગ્રન્ટ કેર ફેસિલિટીમાં રાખવામાં આવશે. યુ.એસ. દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ આ દેશનિકાલ અભિયાન પર ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન દેખરેખ રાખશે. અમેરિકામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાજેતરની મુલાકાતના થોડા દિવસો પછી આ હિલચાલ જોવા મળી છે. મોદીએ અમેરિકાની મુલાકાત દરમિયાન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ઈમિગ્રેશન સહિતના વિવિધ દ્વિપક્ષીય મુદ્દા પર મંત્રણા કરી હતી.

### ઝારખંડ સરકારનો મોટો નિર્ણય

## 'ગુટખા-પાન મસાલાના ખરીદ-વેચાણ પર પ્રતિબંધ'

। (એજન્સી) મુંબઈ, તા.૧૯ ।

ઝારખંડ સરકારે રાજ્યમાં ગુટખા અને પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ મોટા નિર્ણયની જાહેરાત કરતા રાજ્યના આરોગ્ય મંત્રી ડૉ. ઈરફાન અંસારીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી હેમંત સોરેનના સ્વસ્થ ઝારખંડના સ્વપ્નને સાકાર કરવા માટે આ કડક પ ગલું લેવામાં આવ્યું છે. આ પ્રતિબંધ માત્ર એક નિયમ નથી પણ ઝારખંડના યુવાનોને વ્યસનના ચુંગાલમાંથી બચાવવા માટે એક ક્રાંતિકારી પહેલ છે.સ્વાસ્થ્ય મંત્રી ડૉ. અન્સારીએ કહ્યું, "આરોગ્ય સાથે રમત કોઈપણ કિંમતે સહન નહીં કરીએ. ગુટખા અને પાન મસાલાના કારણે કેન્સર જેવા જીવલેણ રોગો ઝડપથી વધી રહ્યા છે. આપણા યુવાનો ધીમે ધીમે મૃત્યુ તરફ આગળ વધી રહ્યા છે, અને હું તેમને મારી નજર સામે મરતા ન જોઈ શકું. એક ડૉક્ટર હોવાને કારણે હું જાણું છું કે આ ઝેર શરીરને કેટલી હદ સુધી નષ્ટ કરી શકે છે. જ્યારે જનતાએ મને આરોગ્ય મંત્રી બનાવ્યો છે, ત્યારે મારી પહેલી ફરજ તેમના જીવનનું રક્ષણ કરવાની છે."મંત્રીએ સ્પષ્ટતા કરી કે ગુટખાનું વેચાણ, સંગ્રહ અથવા સેવન કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**"પે એન્ડ પાર્ક" ના કોન્ટ્રાક્ટ માટે ઇ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, "પે એન્ડ પાર્ક" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી 04.03.2025 ના રોજ યોજાશે. ઈ-હરાજી 04.03.2025 ના રોજ સવારે 11:00 વાગ્યે શરૂ થશે. આ કેટલોગ પહેલાથી જ www.ireps.gov.in વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે:

| કેટલોગ સંખ્યા | કરારના પ્રકારો | લોટ સંખ્યા | કરારનો સમયગાળો |
|---|---|---|---|
| C481-BRC-040325 | પે એન્ડ પાર્ક | PARKING-BRC-BRC-TW-45-25-2 (ટુ વ્હીલર પાર્કિંગ) વડોદરા રેલવે સ્ટેશન પર હીરક બાગની બાજુમાં | 03 વર્ષ |

308

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

### રાજ્યપાલના પ્રવચન અને શોક ઠરાવ સાથે સત્ર શરૂ । વિધાનસભાનું બજેટ સત્ર ૧૨ વાગે ગૃહની કામગીરીથી શરૂ થયું હતું

# વિધાનસભાનું બજેટ સત્ર શરૂ, કનુભાઈ દેસાઈ બજેટ રજૂ કરશે




। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

આજથી ૧૫ મી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થયું છે. રાજયના નાણા વિભાગ દ્વારા આગામી વર્ષ માટે બજેટની સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી ગઈ છે. રાજયના નાણામંત્રી કનુભાઈ દેસાઈ આવતીકાલે અંદાજપત્ર વિધાનસભા ગૃહમાં રજૂ કરશે. અત્રે એક વાત યાદ કરવી જરૂરી છે. પૂર્વ નાણામંત્રી વજુભાઈ વાળાનો રેકોર્ડ કોઈ તોડી શકે તેવું દેખાતું નથી. વજુભાઈએ ૧૮ વખત બજેટ રજૂ કર્યુ હતું. આ વખતે બજેટનું કદ રૂપિયા ૩ લાખ કરોડ જેટલુ રહેવાની ધારણા છે. આજથી શરૂ થયેલું વિધાનસભાનું બજેટ સત્ર આજે ૧૨ વાગે ગૃહની કામગીરીથી શરૂ થયુ હતું. સૌ પ્રથમ રાજયપાલના સંબોધન બાદ ૧૫ મિનીટનો વિરામ પડયો હતો. વિરામ બાદ રાજયપાલના સંબોધન બાદ રાજયપાલના



સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ રજૂ થયો હતો. રાજયપાલના આભાર પ્રસ્તાવ બાદ શોક દર્શક ઉલ્લેખોની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌ પ્રથમ ભારતના પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહનસિંહ, કડીના ધારાસભ્ય કરશનભાઈ સોલંકી, વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુજરાત ટુરિઝમના પૂર્વ ચેરમેન કમલેશ પટેલ અને નેમજીભાઈ કેમીયાના પરિવારને શ્રધ્ધાંજલી આપતા શોક ઠરાવ પસાર કરવામાં આવશે.

આ સત્રમાં વિપક્ષની સંખ્યાબળ નથી એટલે સત્રમાં ધાંધલ-ધમાલનો પ્રશ્ન બહુ રહેશે નહી આમ છતાં પોલીસ તંત્રનો બંદોબસ્ત પૂરતો કરવામાં આવી ગયો છે. બીજી તરફ નજર કરીએ તો સત્તાધારી પક્ષના ધારાસભ્યોમાં નારાજગીનુ પ્રમાણ છે. છેલ્લા એક દશકાથી કોઈ બોર્ડ નિગમમાં ચેરમેન અગર ડાયરેકટરની વરણી કરવામાં આવી નથી આની અસર કેવી પડે છે. તે જોવાનું રહ્યું.

## આણંદ સબજેલમાં અનઅધિકૃત મહિલાઓ આવતા ચાર પોલીસ કર્મચારીઓ સસ્પેન્ડ

। (એજન્સી) આણંદ, તા.૧૯ ।

આણંદ સબજેલમાં ફરજમાં બેદરકારી રાખનારા ચાર પોલીસ કર્મચારીઓને આણંદ પોલીસ અધિક્ષકની સૂચનાથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આણંદ જિલ્લામાં આવેલી સબ જેલમાં સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રાતે આણંદ નાયબ પોલીસ અધિક્ષક સહિતની ટીમે આણંદ સબ જેલનું સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. દરમિયાન ત્રણ મહિલાઓ હાજર મળી આવી હતી. તપાસ કરતા મંજૂરી વગર અનઅધિકૃત રીતે આરોપીઓને મળવા માટે પ્રવેશ કર્યો હોવાનું ખૂલ્યું હતું. જેથી ગંભીર બેદરકારી જણાઈ આવી હતી. જેલગાર્ડ ફરજ ઉપરના આ.હેડ કોન્સ્ટેબલ ભાનુભાઈ અંબાલાલ, અ.હેડ કોન્સ્ટેબલ કમલેશભાઈ નારણભાઈ, અ.પો. કોન્સ્ટેબલ શેતલકુમાર દિનેશભાઈ અને અ. પો. કોન્સ્ટેબલ દક્ષેશકુમાર હિંમતભાઈ ચારેય પોલીસ કર્મચારીઓને આણંદ પોલીસ અધિક્ષકે ફરજ મોકૂફી હેઠળ મૂકી દેવામાં આવ્યા છે.

## નદીમાં પાણી ભરવા ગયેલા બાળકને સિંહ ખાઈ ગયો

। (એજન્સી) અમરેલી, તા.૧૯ ।

અમરેલીમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક સિંહે બાળક પર હુમલો કરી દીધો અને બાળકને ખાઈ ગયો. જાણકારી અનુસાર, મધ્ય પ્રદેશનો એક પરિવાર અમરેલીના પનિયા ગામમાં ઝાડ કાપવાનું કામ કરતો હતો. આ દરમ્યાન તેમના ત્રણ બાળકો પાણી ભરવા માટે નદી પાસે ગયા હતા. આ દરમ્યાન અચાનક સિંહની ગર્જના સંભળાઈ, જેમાં બે બાળકો ભાગી ગયા, પણ એક બાળકને સિંહે દબોચી લીધો અને એટલું ભયંકર રીતે શિકાર કર્યો કે તેની બોડીના ટુકડા કરી નાખ્યા, જ્યારે પરિવાર આ બાળકને શોધવા માટે ગયો તો ખાલી માથું અને પગ તથા હાડકા મળ્યા હતા. ગત ઓક્ટોબર મહિનામાં પણ અમરેલીના જિકાદ્રી ગામમાં એક પાંચ વર્ષના બાળક પર સિંહણે હુમલો કર્યો હતો અને મારી નાખ્યો હતો. ત્યાર બાદ સિંહના હુમલાની આ બીજી ઘટના છે. હાલમાં વન વિભાગે કહ્યું કે, અમરેલીની ઘટનાની અમને જાણકારી મળ્યા બાદ અમારી ટીમ ૨ કલાકની અંદર સિંહનું રેસ્ક્યૂ કરી લીધું છે. રેસ્ક્યૂ બાદ સિંહને ક્રાંકચ એનીમલ કેર સેન્ટરમાં મોકલવામાં આવ્યો છે, જ્યાં તેની તપાસ થશે. મનુષ્ય પર હુમલાના કારણે તેનું પરીક્ષણ કરવામાં આવશે, જ્યાં સુધી તે ઠીક નહીં થાય ત્યાં સુધી તેને એનીમ કેર સેન્ટરમાં જ રાખવામાં આવશે. જે બાળકને સિંહ ખાઈ ગયો છે, તેનું નામ રાહુલ બારીયા હતું અને તે ૭ વર્ષનો હતો. જાણકારી અનુસાર, બાળકના પિતા નારુ બારીયા અને અન્ય મજૂરો અમરેલીમાં ઝાડ કાપ વાનું કામ કરતા હતાં. અમરેલી સ્થિત સિંહોના આ વિસ્તારમાં મજૂર ઝૂંપડી બાંધીને રહેતા હતા. રાતના સમયે સિંહની ગર્જના છતાં તેઓ અહીં જ રહેતા હતા. પરિવારના જણાવ્યા અનુસાર, જ્યારે સવારે રાહુલ બે અન્ય છોકરીઓ સાથે એક વાસણ લઈને પાણી ભરવા નદી પાસે ગયો હતો.

### અમેરિકાથી ભારતીયોને ડિપોર્ટ કરવા પર પ્રદર્શન

# હથકડી પહેરીને નીકળ્યા અમિત ચાવડા સહિતના કોંગ્રેસ ધારાસભ્યો

### ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભાની બહાર ભેગા થઈ "ભારતીયો કા યે અપમાન, નહીં સહેગા હિન્દુસ્તાન"ના નારા લગાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૯ ।

ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ બુધવારે (૧૯ ફેબ્રુઆરી) ગાંધીનગરમાં વિધાનસભાની બહાર દેખાવ કર્યો હતો. ધારાસભ્યોએ હથકડી અને સાંકળ લગાવીને અમેરિકાથી ગેરકાયદે ભારતીય અપ્રવાસીઓને પરત મોકલવાની પ્રક્રિયા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોએ વિધાનસભાની બહાર ભેગા થઈ 'ભારતીયો કા યે અપમાન, નહીં સહેગા હિન્દુસ્તાન'ના નારા લગાવ્યા હતાં. વિધાનસભામાં અમિત ચાવડા, જીગ્નેશ મેવાણી અને શૈલેષ પરમાર સહિતના કોંગ્રેસ ધારાસભ્યોએ કાળા રંગના પોસ્ટર પહેરી તેમાં વિવિધ નારા લખી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સિવાય તેઓએ પોતાના હાથે હથકડી બાંધી હતી અને ડિપોર્ટેશન વખતે ભારતીયોને બાંધવામાં આવેલી હઠકડીનો વિરોધ કર્યો હતો. જણાવી દઈએ કે, હાલમાં જ અમેરિકાથી પરત લાવવામાં આવેલાં ગુજરાતના ત્રણ ગેરકાયદે અપ્રવાસીઓને સોમવારે (૧૭ ફેબ્રુઆરી) અમદાવાદ લાવવામાં આવ્યા હતાં. અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના શપથ ગ્રહણ બાદ રવિવારે (૧૬ ફેબ્રુઆરી) ૧૧૨ ગેરકાયદે અપ્રવાસીઓનું ત્રીજુ વિમાન અમૃતસર એરપોર્ટ ઉતર્યું હતું. ૫ ફેબ્રુઆરીએ ગેરકાયદે રૂપે અમેરિકામાં પ્રવેશ કરનાર ભારતીયોનું



પહેલું ગ્રુપ અમેરિકાના વાયુસેનાના વિમાનમાં પંજાબના અમૃતસરમાં પહોંચ્યું હતું. આ પહેલાં શનિવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આશ્વાસન આપ્યું હતું કે, 'પરત મોકલવામાં આવેલાં લોકો સાથે પંજાબમાં યોગ્ય વ્યવહાર કરવામાં આવશે અને તમામ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. દેશનિકાલ કરવામાં આવેલાં લોકોને તેમના રાજ્યમાં લઈ જતા પહેલાં અમુક કલાકો સુધી અમૃતસર રહેવું પડશે. કારણકે, વિદેશ મંત્રાલયે પહેલાંથી જ ફ્લાઈટ બુક કરી લીધી છે. અમારા જ બાળકો અહીં આવી રહ્યાં છે, તેથી અહીં કોઈ ભૂખ્યું ન રહે, અમે તમામ વ્યવસ્થા કરીશું.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૩ ફેબ્રુઆરીએ અમેરિકામાં ગેરકાયદે રહેતા પોતાના નાગરિકોને પરત લાવવાની ભારતની ઈચ્છા વ્યક્ત કરી અને માનવ તસ્કરીની ઈકોસિસ્ટમને ખતમ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.





૧૫મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના મંગલ પ્રારંભે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિધાનસભા ગૃહને સંબોધતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારના પાછલા બે વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના રહ્યા છે. વિકાસની તમામ યોજનાઓમાં GYAN - ગરીબ, યુવા, અન્નદાતા-ખેડૂત અને નારીશક્તિ કેન્દ્રસ્થાને રહ્યા છે. ગુજરાતે પાછલા ત્રણ વર્ષોમાં વિવિધ ૧૨ પૉલિસીઓનો અસરકારક અમલ કરીને પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબી વધુ મજબૂત કરી છે.

# રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકના કામને કારણે રેલ ટ્રાફિક પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલવે ના રાજકોટ મંડળ માં સ્થિત રાજકોટ-હાપા સેક્શનમાં સ્થિત પડધરી-ચાણોલ-હડમતીયા ખાતે ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવશે જેના કારણે રેલ ટ્રાફિક પ્રભાવિત થશે. પ્રભાવિત થનારી ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

**રદ કરાયેલી ટ્રેનો:**

★ ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ ૨૬.૦૨.૨૦૨૫ ના રોજ રદ.

★ ટ્રેન નં. ૦૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલ ૦૧.૦૩.૨૦૨૫ ના રોજ રદ.

**આંશિક રીતે રદ થયેલી ટ્રેનો:**

★ ટ્રેન નં. ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૦.૦૨.૨૦૨૫ થી ૦૩.૦૩.૨૦૨૫ સુધી વડોદરાથી રાજકોટ દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

★ ટ્રેન નં. ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૨૧.૦૨.૨૦૨૫ થી ૦૪.૦૩.૨૦૨૫ સુધી રાજકોટથી વડોદરા દોડશે. આ રીતે આ ટ્રેન જામનગર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રીશેડ્યૂલ કરાયેલી ટ્રેનો:**

★ ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ ૨૭.૦૨.૨૦૨૫ ના રોજ ઓખાથી ૨ કલાક મોડી એટલે કે ૧૬.૦૫ વાગ્યે રવાના થશે.

★ ટ્રેન નં. ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ ૨૧.૦૨.૨૦૨૫ અને ૨૮.૦૨.૨૦૨૫ ના રોજ ઓખાથી ૩ કલાક ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૫.૪૫ વાગ્યે ઉપડશે.

**માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનો:**

★ ટ્રેન નંબર ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ ૨૦.૦૨.૨૦૨૫ થી ૦૩.૦૩.૨૦૨૫ સુધી માર્ગ માં ૧૫ મિનિટ માટે રેગ્યુલેટ કરવામાં આવશે.

★૧૯.૦૨.૨૦૨૫ ના રોજ સિકંદરાબાદથી ઉપડતી ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ- પોરબંદર એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૩૩ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

★૨૬.૦૨.૨૦૨૫ ના રોજ સિકંદરાબાદથી ઉપડતી ટ્રેન નં. ૨૦૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨ કલાક ૦૩ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

★ ૨૩.૦૨.૨૦૨૫ ના રોજ શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી રવાના થતી ટ્રેન નંબર ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-જામનગર એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨ કલાક ૦૮ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

★ ૨૪.૦૨.૨૦૨૫ ના રોજ શ્રી માતા વૈષ્ણોદેવી કટરાથી રવાના થતી ટ્રેન નંબર ૧૨૪૭૬ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-હાપા એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨ કલાક ૨૮ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

★૨૪.૦૨.૨૦૨૫ ના રોજ ગુવાહાટીથી ઉપડતી ટ્રેન નંબર ૧૫૬૩૬ ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૫૩ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

★ ૨૦.૦૨.૨૦૨૫ ના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન નંબર ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ રાજકોટ સુધીના માર્ગ માં ૨૦ મિનિટ અને રાજકોટ-હાપા વચ્ચે ૨૦ મિનિટ રેગ્યુલેટ કરવામાં આવશે.

**ટ્રેન ના સ્ટોપેજ રદ:**

★૨૬.૦૨.૨૦૨૫ થી ૦૨.૦૩.૨૦૨૫ સુધી ૫ દિવસ માટે મુંબઈ સેન્ટ્રલથી ઉપડનારી ટ્રેન નંબર ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલનું પડધરી સ્ટેશન પર સ્ટોપેજ રદ કરવામાં આવ્યું છે.

રેલ્વે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.inની મુલાકાત લે જેથી કોઈ અસુવિધા ન થાય.

## વિદ્યાસહાયકની કામચલાઉ મેરીટ યાદી આજે બહાર પડશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૯ ।

ગુજરાતમાં વિદ્યાસહાયકની ભરતીની પ્રતીક્ષા કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫ની ૭૦૦૦ જગ્યાઓ, ધોરણ ૬થી ૮ની ૫૦૦૦ જગ્યાઓ અને અન્ય માધ્યમથી ૧૮૫૨ જગ્યાઓ એમ કુલ ૧૩૮૫૨ જગ્યાઓ પર વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત આપવામાં આવી હતી. જેની કામચલાઉ મેરીટ યાદી કાલે બહાર પડશે. રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી માહિતી આપી છે કે ધોરણ ૧થી ૫ની ૭૦૦૦ જગ્યાઓ, ધોરણ ૬થી ૮ની ૫૦૦૦ જગ્યાઓ અને અન્ય માધ્યમથી ૧૮૫૨ જગ્યાઓ એમ કુલ ૧૩૮૫૨ જગ્યાઓ પર વિદ્યાસહાયકની ભરતી માટે જે ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી તેનું કામચલાઉ મેરીટ આવતીકાલે જાહેર થશે.

## ૨૫ વર્ષ બાદ માંગરોળ નપામાં શાસન કરશે ભાજપ

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૯ ।

ગુજરાતમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ મંગળવારે જાહેર થયા હતા. રાજ્યમાં ૬૮ નગરપાલિકા અને જૂનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણી યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટીએ ૬૨થી વધુ નગરપાલિકા કબજે કરી છે. હવે ચૂંટણી પરિણામના બીજા દિવસે ભાજપ માટે સારા સમાચાર આવ્યા છે. જૂનાગઢ જિલ્લાની માંગરોળ નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ૨૫ વર્ષ બાદ આવવાનું છે. માંગરોળ નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. મંગળવારે આવેલા પરિણામમાં ભાજપ અને કોંગ્રેસને ૧૫-૧૫ બેઠક મળી હતી. જ્યારે બસપાને ૪ અને અપક્ષને બે બેઠક મળી હતી. એટલે કે કોઈપણ પાર્ટી પાસે સત્તા માટે બહુમતી નહોતી.

### ઊંઝા અને કામલી સ્ટેશનોની વચ્ચે

# બ્રિજ સંખ્યા ૯૨૯ના પુનઃનિર્માણ હેતુ ગર્ડર લોન્ચિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું







। અમદાવાદ, તા.૧૯ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ ના મહેસાણા -પાલનપુર સેક્સનમાં ઊંઝા અને કામલી સ્ટેશનો ની વચ્ચે સ્થિત બ્રિજ સંખ્યા ૯૨૯ (કિમી ૬૯૧/૨૫-૨૭) ના પુનઃનિર્માણ હેતુ ગર્ડર લોન્ચિંગ કાર્ય સફળતાપૂર્વક કરવામાં આવ્યું આ નિર્માણ કાર્ય માટે તારીખ ૧૮.૦૨.૨૦૨૫ ના રોજ ૫ કલાકનો બ્લોક અપ અને ડાઉન લાઈનો પર ૧૩:૦૫ કલાકથી ૧૮:૦૫ કલાક સુધી લેવામાં આવ્યો હતો, જેના કારણે ૨૦.૪ મીટર લાંબા આરએચ ગર્ડરનું લોન્ચિંગ કાર્ય સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું. આ પુલ પહેલા GC લોડિંગનો હતો જેને હવે બદલવાની જરૂર હતી.

આ કાર્યસ્થળ પર કેટલાક પડકારો આવ્યા કારણ કેઆ સ્થાન તાજેતરમાં શરુ કરવામાં આવેલી ડાઉન લાઈન અને DFCCIL ટ્રેક ની વચ્ચે સ્થિત હતી, સાથે જ ક્રેનની અવર જવર માટે મર્યાદિત જગ્યા હતી. તેના કારણે કાર્ય ને સરળતાથી પૂર્ણ કરવા માટે સાવધાનીપૂર્વક આયોજન અને અમલીકરણની જરૂર હતી. બ્લોક દરમિયાન, ચાર આરસીસી સ્લેબ અને રીટેનર દૂર કરવામાં આવ્યા હતા અને જૂના એબટમેન્ટનો પણ નષ્ટ કરવામાં આવ્યો હતો.

પુલના કાર્યો સિવાય આ બ્લોક દરમિયાન નીચેના મહત્વપૂર્ણ કાર્યો પણ પૂર્ણ કરવામાં આવ્યા.

● ધારેવાડા યાર્ડ (UP લાઇન) માં Pt ૧૨૦ પર WCMS ક્રોસિંગ સ્થાપિત કરવામાં આવ્યું

● ખોડિયાર યાર્ડ (DN લાઇન) માં Pt ૧૪૨ પર થીક વેબ સ્વીચ ની સ્થાપના કરવામાં આવી.





● બ્રિજ નંબર ૯૬૫ (UP લાઈન) પર ૪૩ ચેનલ સ્લીપર્સને એચ-બીમ સ્લીપર્સથી બદલવામાં આવ્યા હતા.

● ઊંઝા યાર્ડ ખાતે ૪ WCMS ક્રોસિંગ અને ૨ થીક વેબ સ્વીચોનું લોડિંગ અને અનલોડિંગ UTV દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્ય માટે લગભગ ૫ કલાકના સાવધાની પૂર્વક આયોજનબદ્ધ બ્લોક ની સમય જરૂરીયાત હતી, પરંતુ કાર્યક્ષમ અમલીકરણ અને સમર્પિત પ્રયાસોને કારણે આ કાર્ય નિર્ધારિત સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું. આ કવાયતની સફળતા મુસાફરોને વધુ સારી અને સતત સુરક્ષિત ટ્રેન મુસાફરીનો અનુભવ પ્રદાન કરવામાં એક નોંધપાત્ર સિદ્ધિ છે.